gujaratvandan.com



શનાયા કપૂર બોયફ્રેન્ડ કરણ કોઠારી સાથે માલદિવ પહોંચી

પેજ 11

રવિવાર, 26 નવેમ્બર 2023

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

# ગુજરાત વંદન સાપ્તાહિક

કારતક સુદ-14, વિક્રમ સંવત 2080 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 260 | વર્ષ : 07 | અંક : 28-29 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

સંયુક્ત અંક

**સુવિચાર**

સફળ વ્યક્તિની ચમકથી જ લોકોને મતલબ હોય છે. તેણે કેટલા અંધારા જોયા છે એ કોઈ નથી જોતું...

## પાંચમાથી હવે માત્ર તેલંગાણામાં 30મીએ મતદાન

■ સીએમ ગેહલોત સહિત 1863 ઉમેદવારોનું ભાવિ EVMમાં સીલ, ત્રીજીએ પરિણામ

ગુજરાત | વંદન

શું પીએમ મોદીએ ગેહલોત અંગે કરેલી રાજકીય ભવિષ્યવાણી સાચી પડશે?, સૌની નજર

# રાજસ્થાનમાં પરિવર્તન કે પુનરાવર્તન?

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીઓ પહેલા પાંચ રાજ્યોની ચૂંટણીઓમાં આજે રાજસ્થાન વિધાનસભાની 199 બેઠકો માટે અંદાજે 51 હજાર મતદાન મથકો પર મતદાનની પ્રક્રિયા શરૂ થઈ હતી. રાજ્યના કોંગ્રેસના મુખ્યમંત્રી અશોક ગેહલોત, ભાજપના પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે, અને કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલ તથા સચિન પાયલોટ સહિતના નેતાઓએ સવારે મતદાન કર્યું હતું. મધ્યપ્રદેશ, તેલંગાણા, મિઝોરમ, છત્તીસગઢ અને રાજસ્થાનની ચૂંટણીઓમાં રાજકીય રીતે આજે થઈ રહેલા મતદાન પર સૌની નજર મંડાયેલી હતી. કેમ કે, ખુદ વડાપ્રધાન મોદીએ રાજસ્થાનની ચૂંટણીમાં અંગત રસ લઈને જાહેરસભામાં એવો પડકાર ફેંકીને રાજકીય ભવિષ્ય વાણી કરી હતી. કે, આ વખતે તો નહીં પરંતુ આવતી વખતે પણ રાજસ્થાનમાં અશોક ગેહલોતની સરકાર નહીં હોય. વડાપ્રધાને સતત બે દિવસ જાહેર સભાઓમાં મુખ્યમંત્રી ગેહલોતનું નામ ઉચ્ચારીને કરેલી આ ભવિષ્યવાણીને ખૂબ જ સૂચક અને નિર્ણાયક માનવામાં આવી રહી છે, કેમ કે, વડાપ્રધાને આ અગાઉ ક્યારેય પણ કોઈ વિપક્ષી મુખ્યમંત્રીનું નામ લઈને એમ કહ્યું નથી કે, એ મુખ્યમંત્રી ફરીથી સત્તા પર નહીં હોય. પરિણામે આજના મતદાન અને પરિણામને અનુલક્ષીને કોંગ્રેસ પણ તેની તૈયારીઓ કરી હોવાનું મનાઈ છે.

રાજસ્થાનની રાજધાની જયપુર સહિત તમામ મતદાન મથકો પર ભારે પોલીસદળના બંદોબસ્ત વચ્ચે મતદાનના પ્રક્રિયા શરૂ થઈ હતી. 3 વાગ્યા સુધીમાં સરેરાશ 55 ટકા મતદાન નોંધાયું હતું. એમ મનાઈ છે કે, સાંજે મતદાન પૂર્ણ થતા 70 ટકાની આસપાસ મતદાન થવાની શક્યતા હાલમાં દર્શાવવામાં આવી રહી છે. નોંધનીય છે કે, ગઈ ચૂંટણીમાં 74 ટકા મતદાન નોંધાયું હતું. અને કોંગ્રેસને બહુમતી મળી હતી. અલબત્ત રાજસ્થાન વિધાનસભા અંગે એવી માન્યતા છે કે, સત્તા પક્ષને સતત બીજી વખત બહુમતી મળતી નથી. તેથી મુખ્યમંત્રી ગેહલોતે ફરીથી સત્તા માટે મતદારોને રિઝવવા ખજાનો ખુલ્લો મુક્યો હતો. બીજી તરફ વિપક્ષ ભાજપે પણ આ ચૂંટણીમાં કોગ્રેસ પામશે અને ભાજપની સરકાર બનવા જઈ રહી હોવાનો દાવો ...અનુસંધાન પેજ નં. 6 પર

### અનેક મહાનુભાવોનું ભાવિ ઈવીએમમાં સીલ



રાજસ્થાનમાં વિધાનસભાની 199 બેઠકો માટે મતદાન યોજાયું હતું. આ ચૂંટણીમાં કુલ 1863 ઉમેદવારો મેદાનમાં છે. રાજ્યના 5 કરોડ 26 લાખ 90 હજાર 146 મતદારો તેમના ભાવિનો નિર્ણય કરીને જનાદેશ આપી દીધો છે. જે ઈવીએમમાં બંધ છે અને 3 ડિસેમ્બરે ખુલશે.

### ભાજપના અનેક સાંસદોની પ્રતિષ્ઠા પણ દાવ પર

આ ચૂંટણીમાં ભાજપના અનેક સાંસદોની પ્રતિષ્ઠા પણ દાવ પર લાગી છે. સાંસદ (રાજસમંદ) દિયા કુમારી, જયપુરના વિદ્યાધર નગર, અલવરના બાબા બાલકનાથ (અલવર) તિજારા, પૂર્વ કેન્દ્રીય મંત્રી અને સાંસદ (જયપુર ગ્રામીણ) રાજ્યવર્ધન સિંહ રાઠોડ, જયપુરના જોતવાડા, સાંસદ (અજમેર) ભગીરથ ચૌધરી, કિશનગઢ, એમ.પી. (જાલોર) દેવજી પટેલ સાંચોરથી, નરેન્દ્ર ખેકર (ઝુંઝુનુ) ઝુનઝુનુના માંડવાથી અને ડૉ. કિરોડીલાલ મીણા (રાજ્યસભા સભ્ય) સવાઈ માધોપુર બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.

**જનતા બુદ્ધિશાળી છે, સાચો નિર્ણય લેશેઃ પાયલટ** | કોંગ્રેસના નેતા સચિન પાયલટે કહ્યું કે, જનતા બુદ્ધિશાળી છે. જનતા સાચો નિર્ણય લેશે. 2018માં જ્યારે અમે વિપક્ષમાં હતા ત્યારે તે મુશ્કેલ સમય હતો. પરંતુ આ વખતે અમે સરકારમાં છીએ અને વધુ તાકાત સાથે ચૂંટણી લડી રહ્યા છીએ. અમે ફરી સરકાર બનાવીશું, અમને વિશ્વાસ છે. ભાજપ 5 વર્ષ સુધી વિપક્ષ તરીકેનો ખરાબ પ્રદર્શન રહ્યો છે. મોદી હિમાચલ અને કર્ણાટકમાં પણ એક ચહેરો હતો પરંતુ જનતા બુદ્ધિશાળી છે. પીએમ મોદીએ ચૂંટણીમાં પાયલોટ પરિવાર વિશે જે કહ્યું તે સત્યથી પર હતું. કોંગ્રેસમાં અમે બધા સાથે મળીને ચૂંટણી લડીએ છીએ. જનતા જાણે છે. પોસ્ટર પર કોનો ફોટો મોટો છે પણ કોઈ ફરક પડતો નથી. ચૂંટણી પછી હાઈકમાન્ડ નક્કી કરશે કે કોણ લિડર બનશે.

### આગામી CM હાઈકમાન્ડ નક્કી કરશે: ગેહલોત

મુખ્યમંત્રી અશોક ગેહલોતે સરદારપુરામાં મતદાન કર્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં



કહ્યું હતું કે, 'કોંગ્રેસની જીત બાદ આગામી મુખ્યમંત્રી કોણ હશે એ હાઈકમાન્ડ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી નક્કી કરશે. પક્ષ દ્વારા જે ભૂમિકા નક્કી કરવામાં આવશે એ સ્વીકારવામાં આવશે. તેમજ વધુમાં કહ્યું કે, અમારી સરકારે લોકોને જે ગેરંટી આપી છે અને જે વિકાસ થયો છે. તે જોઈને લોકો અમારી સરકારને ફરીથી ચૂંટશે. દરમિયાનમાં હંમેશાંની જેમ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય મુકાબલો છે. આ ચૂંટણીના પરિણામો નક્કી કરશે કે રાજસ્થાનમાં દર વખતે સરકાર બદલવાનો ટ્રેન્ડ ચાલુ રહેશે કે આ વખતે આ પરંપરા બદલાશે.

## ન્યૂઝ બ્રિફ


### મુન્દ્રા પોર્ટ પરથી DRIએ 16 કરોડની વિદેશી સિગારેટનું કન્ટેનર કર્યું જપ્ત



કચ્છના મુંદ્રા પોર્ટ પરથી વધુ એક વખત દાણચોરી કરી આયાત કરવામાં આવેલી અંદાજે 16 કરોડના મૂલ્યની સિગારેટનો જથ્થો ઝડપાયો છે. DRIએ મુંદ્રા પોર્ટ પર સપાટો બોલાવતા દાણચોરીથી ઈમ્પોર્ટ કરાયેલી 16 કરોડની સિગારેટનો જથ્થો ઝડપી પાડ્યો છે. મુંદ્રા પોર્ટ પર DRIએ ચોપડા પર રેડીમેડ ગારમેન્ટની આડમાં એક કન્ટેઈનરમાંથી વિદેશી સિગારેટ આયાત કરાઈ હતી. બાતમીના આધારે અમદાવાદ DRIએ આ કન્ટેઈનરની તપાસ કરતા તેમાં છૂપાવાયેલી 80.1 લાખ નંગની સિગારેટ સ્ટીક જપ્ત કરી હતી.

### રૂ.100ની દવા 1 રૂપિયામાં મળશે: આરોગ્યમંત્રી માંડવિયાની જાહેરાત


ભારતને 6 દુર્લભ બિમારીઓની 8 દવાઓ તૈયાર



કરવામાં સફળતા મળી છે. અત્યાર સુધી આ દવાઓ પર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ આવતો હતો પણ હવે આવી 4 દવાઓ દેશમાં બનવી શરૂ થઈ ગઈ છે. ત્યારબાદ ઉપચાર ખર્ચ ઘટીને કેટલાક લાખ થઈ ગયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડો. મનસુખ માંડવીયા અને નીતિ આયોગના સભ્ય (સ્વાસ્થ્ય) ડો. વી.કે.પોલે શુક્રવારે પત્રકાર સંમેલનમાં જણાવ્યું હતું કે, સરકારે ઉદ્યોગજગતની સાથે 13 દુર્લભ બીમારીઓની દવા ભારતમાં બનાવવાનો નિર્ણય લીધો હતો. અત્યાર સુધીમાં 4 દવાઓ બજારમાં ઉતારવામાં આવી છે, અન્ય 4 દવાઓ તૈયાર છે, પણ તે મંજુરીની પ્રક્રિયામાં છે.

### મિશન 'સૂર્ય' તેના લક્ષ્યથી ખૂબ નજીક

સૂર્યના અભ્યાસ માટે મોકલવામાં આવેલ ભારતનું



પહેલું અવકાશ મિશન adity L-1 તેના અંતિમ તબક્કામાં છે. થોડા જ દિવસોમાં તે નિર્ધારિત લક્ષ્ય L-1 પોઈન્ટ પર પહોંચી જશે. ઈસરોના ચીફ એસ. સોમનાથે આ અંગે જાણકારી આપી હતી. ઈસરોના ચીફે જણાવ્યું કે, adity L-1 એકદમ સાચા માર્ગ ગતિ કરી રહ્યું છે અને મને લાગે છે કે તે તેના અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે. તેમણે કહ્યું કે, 7 જાન્યુઆરીએ adity L-1 તેના અંતિમ દાવપેચને પૂર્ણ કરી L1 પોઈન્ટમાં પ્રવેશ કરે તેવી સંભાવના છે.

### વાંકી નજરે...

સૌજન્યથી...




સિલ્ક્યારા ટનલમાં છેલ્લા 15 દિવસથી ફસાયેલાઓને બચાવવા વધુ એક અડચણ આવી

# તોતિંગ ઓગર મશીન ફસાતા હવે વર્ટિકલ ડ્રિલિંગ દ્વારા બચાવ કામગીરી યુદ્ધના ધોરણે

■ ગણતરીના કલાકોમાં 41 શ્રમિકો બહાર આવવાની શક્યતા

ગુજરાત | વંદન



ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં સિલ્ક્યારા ટનલમાં છેલ્લા 15 દિવસથી ફસાયેલા 41 કામદારોને બચાવવા માટેના પ્રયાસો યુદ્ધના ધોરણે ચાલી રહ્યા છે, ત્યારે અમેરિકન ઓગર મશીન ફસાઈ જતા હવે સુરંગની ઉપર વર્ટિકલ ડ્રિલિંગ તથા હાથોડા ઝીંકીને હાથથી રસ્તો બનાવવાના વિકલ્પો પર કામ ચાલી રહ્યું છે, એમ મનાઈ રહ્યું છે કે, ગણતરીના કલાકોમાં આ શ્રમિકો પોતાના પરિવારજનોને મળી શકશે. જોકે, તે પહેલા તમામને હોસ્પિટલમાં તબીબી પરિક્ષણ માટે લઈ જવાશે.

સુરંગમાં ફસાયેલા કામદારોને બચાવવાનો માર્ગ બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જેમાં ડ્રિલિંગમાં સતત અવરોધો આવી રહ્યા છે. હવે રેસ્ક્યુ ટીમ અને કામદારો વચ્ચે માત્ર થોડાક પગથિયાંનું અંતર છે પરંતુ તેને આવરી લેવામાં ઘણો સમય લાગી રહ્યો છે, કારણ કે ડ્રિલિંગ કામમાં રોકાયેલ અમેરિકન ઓગર મશીનને વારંવાર અવરોધ તરીકે લોખંડની સળીયાનો સામનો કરી રહ્યું છે. શુક્રવારે ફરી એક વખત ઓગર મશીન સામે રિબાર આવવાને કારણે બંધ કરવું પડ્યું હતું, જેના કારણે કામદારોની રાહ વધુ વધી હતી. ઉત્તરાખંડની ઉત્તરકાશી ટનલમાં 14 દિવસથી ફસાયેલા 41 મજૂરોને બચાવવા માટે મેન્યુઅલ ડ્રિલિંગ એટલે કે હાથેથી ખોદકામ કરી શકાય છે. રેસ્ક્યુ ઓપરેશનમાં જોડાયેલા એક અધિકારીએ આ શક્યતા વ્યક્ત કરી છે. ખરેખર, ગુરુવાર બપોરથી ટનલમાં ડ્રિલિંગ બંધ થઈ ગયું છે.

સુરંગમાં ફસાયેલા કામદારોને બચાવવા માટે વર્ટિકલ ડ્રિલિંગ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ONGC, SGVNL હવે વર્ટિકલ ડ્રિલિંગ માટે તૈયારી કરી રહ્યા છે. SJVN અને ONGCની ટીમો સિલ્ક્યારા ટનલની ઉપરની ટેકરી પર પહોંચી ગઈ છે. ડ્રિલિંગ મશીન આવતાની સાથે જ વર્ટિકલ ડ્રિલિંગનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. હાલમાં આ બચાવ કામગીરી ક્યાં સુધી ચાલુ રહેશે તે કહેવું મુશ્કેલ છે, પરંતુ રાહતની વાત એ છે કે ટનલની અંદરના તમામ કામદારો સુરક્ષિત છે. નોંધનીય છે કે, ઉત્તરકાશીની સિલ્ક્યારા ટનલમાં 8 રાજ્યોના 41 મજૂરો ફસાયા છે. ...અનુસંધાન પેજ નં. 6 પર

## પૂર્વ સાંસદ પપ્પૂ યાદવને એક વર્ષની જેલ, 19 વર્ષ બાદ સંભળાવાઈ સજા

ગુજરાત | વંદન



ન્યાયિક કસ્ટડી દરમિયાન બેઉર જેલમાં ઈયર ફોન અને મોબાઈલ રાખવા મામલે એમપી-એલએલએની વિશેષ અદાલતે આરોપી પૂર્વ સાંસદ રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવને સજા સંભળાવી છે. પપ્પુ યાદવને દોષી ઠેરવતા કોર્ટે તેને એક વર્ષની જેલ અને 10 હજાર રૂપિયાના દંડની સજા ફટકારી છે. આ કેસ 2004નો છે જ્યારે પપ્પુ યાદવને ગુનાહિત કેસમાં ન્યાયિક કસ્ટડી હેઠળ બેઉર જેલમાં બંધ હતો. પોલીસ પ્રશાસને જેલના નિરીક્ષણ દરમિયાન 8 ડિસેમ્બરે બેઉર જેલમાં દરોડા પાડ્યા હતા. ત્યારે પપ્પુ યાદવ પાસેથી ઈયરફોન અને મોબાઈલ ફોન મળી આવ્યા હતા.

આ મામલે ફુલવારીશરીફ પોલીસ સ્ટેશનમાં એક ગુનાહિત મામાલો દાખલ કરવામાં આવ્યો હતો. આ મામલો સાચો હોવાનું જણાતા પોલીસે ચાર્જશીટ દાખલ કરી હતી. આ મામલે વિશેષ ન્યાયિક મેજિસ્ટ્રેટે આરોપી પપ્પૂ યાદવને દોષી ઠેરવતા સજા સંભળાવી છે.

વિશેષ અદાલતે સજા સામે અપીલ દાખલ કરવા માટે પપ્પુ યાદવને કામચલાઉ જામીન પર મુક્ત કર્યો હતો. બીજી તરફ 2018ના એક ગુનાહિત મામલે પુરાવાના અભાવે વિશેષ અદાલતે આરોપી પૂર્વ સાંસદ રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવને નિર્દોષ જાહેર કર્યો હતો. આ ગુનાહિત મામલો રાજેન્દ્ર નગર સ્ટેશન પર ...અનુસંધાન પેજ નં. 6 પર

## મુંબઈમાં ત્રણથી પાંચ લાખમાં બાળકોના ખરીદ-વેચાણના સનસનીખેજ રેકેટનો પર્દાફાશ

■ ડ્રગ્સ વ્યસની એક દંપતિએ ડ્રગ્સ ખરીદવા પૈસા માટે બાળકો વેચી માર્યા...

ગુજરાત | વંદન

મુંબઈમાં બાળકોનું વેચાણ કરતી એક ગેંગનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે. આ ગેંગ મુંબઈમાં બાળકોને સસ્તામાં ખરીદીને અન્ય લોકોને પાંચ લાખ રૂપિયામાં વેચતી હોવાનો ખુલાસો થયો છે. ડીસીપી રાજતિલક રોશનના માર્ગદર્શનમાં સિનીયર ઈન્સ્પેકટર દયા નાયકની ટીમે છેલ્લા 24 કલાકમાં મુંબઈથી લઈને વસઈ, વિરાર સુધી અનેક જગ્યાએ દરોડા પાડયા હતા, જેમાં આઠ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

આ કેસનો પર્દાફાશ બાંદ્રા ક્રાઈમ બ્રાન્ ચનો શકીલ મકરાણી નામના આરોપી પાસે એક-એક મહિના અને 22 દિવસની બાળકી મળવાથી થયો હતો. શકીલના તેના બે બાળકો છે, જયારે તેને લગભગ આ બે મહિનાની બાળકીના બારામાં પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું કે તેણે તે દતક લીધી છે. દયા નાયકના જણાવ્યા અનુસાર શકીલના આ દાવા પર અમને શંકા ગઈ ત્યારબાદ સખ્તાઈથી પુછપરછ કરતા તેણે જણાવ્યુ હતું કે તેણે બાળકી શબ્બીર અને સાનિયા નામની દંપતી પાસેથી લીધી છે, જે અંધેરીના એક વિસ્તારમાં રહે છે.

ક્રાઈમ બ્રાન્ચની ટીમ ત્યાં ગઈ તો ત્યાં શબ્બીરની સંબંધી રૂબીનાખાન પાસેથી જુદી જ કહાની જાણવા મળી. ત્યારબાદ ક્રાઈમ બ્રાન્ચે રૂબિનાને ફરિયાદી બનાવી અને ડીએન નગર પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરાવાઈ.

તપાસમાં ચોંકાવનારી હકીકત બહાર આવી હતી કે, શબ્બીર અને સાનિયા ડ્રગ્સના વ્યસની છે અને ડ્રગ્સ ખરીદવા તેમણે પોતાના બે વર્ષના બે બાળકોને ક્રમશઃ 60 હજાર અને 14 હજાર રૂપિયામાં વેચ્યા હતા. બન્નેએ પુછપરછમાં જણાવ્યું હતુ કે પહેલું બાળક તેમણે ભાયખલામાં કોઈ વૈશાલી નામની મહિલાને વેચી હતી. બાંદ્રા ક્રાઈમ બ્રાન્ચની ટીમે ત્યારબાદ વૈશાલીને ત્યાં દરોડો પાડયો હતો ત્યાં પોલીસને શબ્બીર અને સાનિયાનું બાળક તો ન મળ્યું પણ વધુ એક અન્ય બાળક મળ્યું.


જેનો ત્યાંથી બચાવ કરાયો હતો. વૈશાલી અને શકીલની પુછપરછમાં આ રેકેટથી જોડાયેલા કેટલાક વધુ લોકોના નામ બહાર આવ્યા છે. જેમાં નાલાસોપારાનો એક ઓટો રિક્ષા ચાલક શફીક પણ સામેલ હતો. બધાની ધરપકડ કરાઈ છે અને વધુ લોકોની તલાશ ચાલી રહી છે.

ક્રાઈમ બ્રાંચને એવી ચોંકાવનારી માહિતી મળી હતી કે જે લોકોને બાળક જોઈતું હતું તેઓ વૈશાલી, શફીક અને કેટલાક અન્ય લોકોનો ...અનુસંધાન પેજ નં. 6 પર

હમ કિસી સે કમ નહીં.... મોદીનો હુંકાર...

## તેજસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેજસ ફાઈટર પ્લેનમાં ઉડાન ભરી

ગુજરાત | વંદન



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે 25 નવેમ્બરે બેંગલુરુમાં તેજસ ફાઈટર પ્લેન ઉડાન ભરી હતી. મળતી માહિતી મુજબ, પીએમ મોદી બેંગલુરુના યેલાહંકા એરબેઝ પહોંચ્યા હતા, જ્યાં તેમણે સ્વદેશી ફાઈટર એરક્રાફ્ટ તેજસમાં ઉડાન ભરી હતી. તેજસને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા વિકસાવવામાં આવ્યું છે. તે સિંગલ એન્જિન લાઈટ ફાઈટર એરક્રાફ્ટ છે. એરફોર્સમાં તેના બે સ્ક્વોડ્રનને સામેલ કરવામાં આવ્યા છે. હળવા ફાઈટર વિમાન તેજસ એમકે 2ના એન્જિન અને સ્વદેશી એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટના પ્રથમ બે સ્ક્વોડ્રન હવે દેશમાં બનાવવામાં આવશે. ભારતમાં સંરક્ષણ ક્ષેત્રને મજબૂત કરવા માટે આ નિર્ણય ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠનના વડા ડૉ. સમીર વી કામતે શનિવારે (18 નવેમ્બર) કહ્યું હતું કે અમેરિકન કંપની GE એરોસ્પેસ અને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ સંયુક્ત રીતે આ એન્જિન બનાવશે. તેની તમામ મંજુરી અમેરિકા પાસેથી મળી ગઈ છે.

નોંધનીય છે કે, સંરક્ષણ મંત્રી તરીકે નિર્મલા સીતારમણે 17 જાન્યુઆરી 2018ના રોજ રાજસ્થાનમાં સુખોઈ-30 MKIમાં ઉડાન ભરી હતી. પાઈલટનો જી-સૂટ પહેરીને પાછળની સીટ પર બેસનાર તેઓ દેશના પ્રથમ મહિલા સંરક્ષણ પ્રધાન બન્યા હતા.

પાંચ મેચોની શ્રેણીમાં ટીમ ઈન્ડિયાની 1-0થી સરસાઈ

## ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે આજે બીજી ટી-20 મેચ




ગુજરાત | વંદન

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ ટી-20 શ્રેણીની બીજી મેચ આજે તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં સાંજે રમાશે. પ્રથમ મેચ વિશાખાપટ્ટનમના ડૉ. વાયએસ રાજશેખરા રેડ્ડી ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ હતી. જેમાં ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરીને ત્રણ વિકેટના નુકસાને 208 રન બનાવ્યા હતા. જેના જવાબમાં ટીમ ઈન્ડિયાએ 19.5 ઓવરમાં 8 વિકેટના નુકસાને ટાર્ગેટ પાર પાડતા વિજય થયો છે. પરિણામે પાંચ મેચોની શ્રેણીમાં ભારતીય ટીમે 1-0થી સરસાઈ મેળવી લીધી છે.... અનુસંધાન પેજ નં. 6 પર

## મમતાએ ભાજપના નેતાઓને ધરપકડની આપી ધમકી, નોંધાઈ પોલીસ ફરિયાદ

ગુજરાત | વંદન

પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા શુભેન્દુ અધિકારીએ મુખ્યમંત્રી મમતા બેનર્જી વિરુદ્ધ કથિત રીતે ધમકી આપવા બદલ પોલીસ ફરિયાદ કરી છે. આરોપ છે કે મમતા બેનર્જીએ કહ્યું હતું કે, જો કેન્દ્રીય એજન્સીઓ દ્વારા TMC નેતાઓની ધરપકડ કરવામાં આવશે તો તે ભાજપના લોકોની ધરપકડ કરી લેશે. મમતા બેનર્જીએ ગુરુવારે ટીએમસી કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું હતું કે, તેમણે અમારા ચાર ધારાસભ્યોને જેલ હવાલે કરી દીધા છે. તેમણે એ વિચારીને તેમને જેલ ભેગા કર્યા કે તેઓ આ રીતે અમારી સંખ્યા ઘટાડી દેશે. જો તેઓ મારા ચાર લોકોને ભ્રષ્ટાચારના કેસમાં જેલમાં મોકલશે અને બદનામ કરશે તો હું ભાજપમાંથી આઠ લોકોને હત્યા અને અન્ય કેસોમાં જેલ હવાલે કરી દઈશ.

વિભિન્ન કથિત કૌભાંડમાં ED અને CBI દ્વારા ધરપકડ કરવા બાદ



ઓછામાં ઓછા પાંચ હાઈ-પ્રોફાઈલ ટીએમસી નેતા ન્યાયિક કસ્ટડીમાંછે. તેમાંથી 4 ધારાસભ્યો અને બે મંત્રી સામેલ છે. શુભેન્દુ અધિકારીએ કહ્યું કે, મેં મારી ફરિયાદ હેર સ્ટ્રીટ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને ઈમેલ કરી દીધી છે અને તેમને વિનંતી કરી છે કે, તેઓ નેતાજી ઈન્ડોર સ્ટેડિયમમાં કરેલી ટિપ્પણી માટે મુખ્યમંત્રી વિરુદ્ધ FIR દાખલ કરે. તેમણે તેમની પાર્ટી વતી શપથ લીધા છે અને ભાજપના આઠ લોકોની ધરપકડ કરવાની ધમકી આપી છે.

તેમણે એમ પણ કહ્યું કે, જો પોલીસ FIR નોંધવાનો ઈનકાર કરશે તો તે 72 કલાક રાહ જોશે અને પછી મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટની કોર્ટમાં જઈને ફરિયાદ પર સંજ્ઞાન લેવાનો અનુરોધ કરશે. ...અનુસંધાન પેજ નં. 6 પર

ગાંધીનગર
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# દિવાળીની રજાઓમાં ગુજરાતના વિવિધ પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓ ઉમટી પડયાં

**■ રાજ્યના પ્રસિદ્ધ પ્રવાસન સ્થળોની 42 લાખ 75 હજાર 952 પ્રવાસીઓએ મુલાકાત લીધી**

ગુજરાત | વંદન

દેશ-વિદેશના સહેલાણીઓમાં ગુજરાતના પ્રવાસન ક્ષેત્રો પ્રત્યે અનેરું આકર્ષણ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં, ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને વિશ્વસ્તરે લઇ જવા તેમજ પ્રવાસીઓના અનુભવને અભૂતપૂર્વ બનાવવા માટે વિવિધ માળખાકીય સુવિધાઓ વિકસિત કરવામાં આવી છે. પરિણામે, ઉત્તરોતર બહોળી સંખ્યામાં પ્રવાસીઓ રાજ્યના અનેરા સૌંદર્ય અને વિવિધતાને માણવા માટે પહોંચી રહ્યાં છે. આ વર્ષે દિવાળીની રજાઓ દરમિયાન, તા. 11થી 20 નવેમ્બર 2023 સુધી દસ દિવસના સમયગાળામાં, રાજ્યના 18 પ્રવાસન આકર્ષણો અને યાત્રાધામની 42 લાખ 75 હજાર 952 લોકોએ મુલાકાત લીધી હતી.

આ સમયગાળામાં ગુજરાતના પ્રસિદ્ધ આકર્ષણો જેમ કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સ્મૃતિ વન, સીમાદર્શન-નડાબેટ, ગિરનાર રોપ વે, સાસણગીર અને દેવળીયા પાર્ક, દાંડી સ્મારક, સૂર્ય મંદિર, રાણ કી વાવ, સોમનાથ મંદિર, અંબાજી મંદિર, પાવાગઢ મંદિર, દ્વારકા મંદિર, સાયન્સ સિટી-અમદાવાદ, અટલ બ્રિજ, કાંકરિયા તળાવ, વડનગર, ડાયનાસોર પાર્ક તેમજ અમદાવાદ મેટ્રો રેલવેનો આનંદ લેવા માટે બહોળી સંખ્યામાં લોકો પહોંચ્યા હતાં.





| ક્રમાંક | પર્યટન સ્થળ | મુલાકાતીની સંખ્યા |
|---|---|---|
| 1 | સ્ટેચ્યુ ઓફ યુનિટી | 3,03,894 |
| 2 | સ્મૃતિ વન – ભુજ | 36,391 |
| 3 | સીમાદર્શન – નડાબેટ | 57,948 |
| 4 | ગિરનાર રોપ-વે – જુનાગઢ | 59,307 |
| 5 | સાસણગીર અને દેવળીયા પાર્ક | 70,634 |
| 6 | દાંડી સ્મારક – નવસારી | 27,972 |
| 7 | સૂર્ય મંદિર - મોઢેરા | 31,969 |
| 8 | રાણ કી વાવ – પાટણ | 36,659 |
| 9 | સોમનાથ મંદિર | 4,87,974 |
| 10 | અંબાજી મંદિર | 6,35,760 |
| 11 | પાવાગઢ મંદિર | 5,25,410 |
| 12 | દ્વારકા મંદિર | 6,18,460 |
| 13 | સાયન્સ સિટી - અમદાવાદ | 83,111 |
| 14 | અટલ બ્રિજ - અમદાવાદ | 1,81,692 |
| 15 | કાંકરિયા તળાવ - અમદાવાદ | 4,45,144 |
| 16 | વડનગર – ઐતિહાસિક નગર | 46,453 |
| 17 | ડાયનાસૌર પાર્ક - બાલાસિનોર | 7,678 |
| 18 | અમદાવાદ રેલ-મેટ્રો | 6,19,496 |

(11/11/2023 થી 20/11/2023)

## પ્રવાસન ક્ષેત્ર, યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન ક્ષેત્રોના વિકાસ માટે બજેટ ફાળવણીમાં 346% વધારો

રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે અને સંલગ્ન પ્રવૃત્તિઓને વેગ આપીને, રોજગારીની નવી તકો ઊભી કરવા માટે રાજ્ય સરકારે અનેક પગલાં લીધા છે. વર્ષ 2023-24ના રાજ્યના બજેટમાં પ્રવાસન, યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન ક્ષેત્રોના ફંડમાં 346%નો વધારો કરવામાં આવ્યો છે. હેરિટેજ અને ઈકો ટુરિઝમ માટે રૂા.10 હજાર કરોડ સૂચિત કરવામાં આવ્યા છે. યાત્રાધામની મુલાકાતે જતા શ્રધ્ધાળુઓના અનુભવને બહેતર બનાવવા માટે યાત્રાધામ વિકાસ માટે રૂા. 2077 કરોડની ફાળવણી કરવામાં આવી છે, જેમાં આકર્ષક પ્રવાસન સ્થળો, ધાર્મિક, સાંસ્કૃતિક અને એડવેન્ચર આકર્ષણો તેમજ ઈકો ટુરિઝમનો વિકાસ કરવામાં આવશે.

### ઈઝરાયેલ યુદ્ધમાં વ્યસ્ત, રશિયા યુક્રેનમાં મસ્ત

# વાઈબ્રન્ટ 2024ના કન્ટ્રી પાર્ટનર તરીકે ઈઝરાયલની ગેરહાજરી

ગુજરાત | વંદન

ભારતના મિત્ર રાષ્ટ્ર પૈકી એક ઈઝરાયલ હાલ હમાસ સામેના યુદ્ધમાં વ્યસ્ત હોવાથી વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ભાગ લેવા નહીં આવી શકે. ગુજરાત સરકારના સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈઝરાયલના પ્રતિનિધિમંડળનો હાલ કોઈ સંપર્ક કરી શકાયો નથી અને ત્યાંના રાજકીય નેતાઓ કે ધંધાદારી પ્રતિનિધિઓ હાલના સંજોગોમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ભાગ લેવા આવે તેવી શક્યતા સાવ પાતળી છે. ગત ત્રણ ઓક્ટોબરે ઈઝરાયલના ભારત ખાતેના રાજદૂત નાઓર ગિલોન ગાંધીનગર આવી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી ગયા હતા અને તેમને મુખ્યમંત્રીએ વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું. ઈઝરાયલી




રાજદૂતે પણ અહીં ગ્રીન એનર્જી, હાઈડ્રોજન પાવર, સેમિકન્ડક્ટર સહિતના ક્ષેત્રમાં રોકાણ માટેનો ઈરાદો દર્શાવ્યો હતો, પરંતુ તે પછી માત્ર ચાર દિવસ બાદ હમાસે ઈઝરાયલ પર હુમલો કર્યો અને યુદ્ધ છેડાઈ ગયું છે.

બીજી તરફ રશિયા પણ યુક્રેન યુદ્ધ ચાલી રહ્યું હોવાથી અને આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ કોર્ટે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સામે એરેસ્ટ વોરન્ટ ગયા માર્ચમાં ઇશ્યૂ કર્યું હતું. ભારત આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ કોર્ટનું સભ્ય હોવાથી જો પુતિન ભારતમાં આવે તો તેમની ધરપકડ કરવી પડે. જ્યારે રશિયન ધંધાદારી પ્રતિનિધિમંડળ વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં આવશે કે કેમ તે અંગે પણ રાજ્ય સરકારને હજુ સુધી કોઈ ખાતરી મળી નથી.

2006માં નરેન્દ્ર મોદી રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે સૌપ્રથમવાર ઈઝરાયલની મુલાકાત કરી હતી. તે પછી 2017માં તેઓ ઈઝરાયલની સત્તાવાર મુલાકાત લેનારા ભારતના સૌપ્રથમ વડાપ્રધાન બન્યા હતા. તે પછી ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ પણ ભારત આવ્યા હતા અને ગુજરાત તેમ જ ભારત સાથેના સંબંધો વધુ ગાઢ બન્યા હતા.

વાઈબ્રન્ટ સમિટમાં પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાવવા ઓસ્ટ્રેલિયા, યુકે, જાપાન, ડેન્માર્ક, સંયુક્ત આરબ અમિરાત, નેધરલેન્ડ્સ, મોરક્કો, ફિનલેન્ડ, મોઝામ્બિક, દ. કોરિયા, નેપાળ, બાંગ્લાદેશ અને ઈસ્ટોનિયાએ ખાતરી આપી છે.

### શહેરમાં વિકાસના કામો પાછળ થતા ખર્ચને પહોંચી વળવા

# મહાપાલિકાના 50 કરોડના બોન્ડની દરખાસ્તને 1 ડિસેમ્બરે મંજૂરી મળશે

ગુજરાત | વંદન

ગાંધીનગર શહેરમાં વિકાસના કામો પાછળ થતા ખર્ચને પહોંચી વળવા માટે અને આર્થિક રીતે વધુ સક્ષમ બનવાના ભાગરૂપે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા 50 કરોડ રૂપિયાના બોન્ડ બહાર પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયને સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂરી અપાયા બાદ હવે આગામી 1લી ડિસેમ્બરે મળનારી સામાન્ય સભામાં મંજૂરી આપવામાં આવશે. ત્યારપછી સરકારની મંજૂરી માટે શહેરી વિકાસ વિભાગમાં દરખાસ્ત મોકલવામાં આવશે. બોન્ડ બહાર પાડનાર ગાંધીનગર મહાનગરપાલિકા રાજ્યની ચોથી મહાનગરપાલિકા બનશે.

દરમિયાનમાં 1લી ડિસેમ્બરે મેયર હિતેષ મકવાણાના અધ્યક્ષસ્થાને સામાન્ય સભા




બોલાવાઈ છે. આ સામાન્ય સભામાં બોન્ડ ઉપરાંત અગાઉ સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂર કરેલા મહત્વના 11 જેટલા મુદ્દાઓને બહુમતીથી મંજૂરી આપવામાં આવશે. ગાંધીનગરમાં બાંધકામ સાઈટ મોટી સંખ્યામાં ચાલી રહી છે ત્યારે બાંધકામ અને કાટમાળના કચરાના નિકાલ માટે મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરેલા નવા નિયમોના જાહેરનામાને આ સામાન્ય સભામાં મંજૂરી અપાશે તે પછી તેનો તાત્કાલિક અમલ કરવામાં આવશે. મહાનગરપાલિકામાં મંજૂર મહેકમ કરતા વધુ જગ્યાઓ આઉટસોર્સિંગથી વધારવાની તેમજ તે માટે બજેટમાં મંજૂર થયા કરતા વધારાના પગારનો 9 કરોડનો ખર્ચ મંજૂર કરવાની દરખાસ્તને પણ બહુમતીથી મંજૂરી અપાશે. ફાયર બ્રિગેડના બંદોબસ્ત અને ફાયર સર્વિસ ચાર્જ તેમજ એનઓસીના દરમાં વધારાની આખરી મંજૂરી અપાશે.

ગાંધીનગર મહાનગરપાલિકાને હાઈટેક બનાવવાના ભાગરૂપે ચૂંટાયેલા તમામ 44 કોર્પોરેટરોને મેયરની ગ્રાન્ટમાંથી ટેબલેટ આપવાનો નિર્ણય લીધા બાદ ટેબલેટની ખરીદીમાં ભારે વિલંબ થયો છે. નિર્ણય અને મંજૂરી પછી ત્રણ સામાન્ય સભા યોજાઇ છતાં ટેબલેટ નહીં અપાતા આગામી 1લી ડિસેમ્બરે યોજાનાર સામાન્ય સભા પહેલા તમામ કોર્પોરેટરોને દિવાળી પછીની ભેટ સ્વરૂપે ટેબલેટ આપી દેવાની કવાયત હાથ ધરવામાં આવી છે.



### ‘કાયદા મુજબ વાસ્તવિક બજાર કિંમત નક્કી કરો’

# ભારતમાલા પ્રોજેક્ટ : સર્વેમાં પાડવામાં આવેલી નોંધ દુર કરવા ખેડૂતોની માંગણી

**■ સર્વે નંબરમાં કાચી નોંધ કરતા ખેડૂતોમાં રોષ ફેલાયો**

ગુજરાત | વંદન

ભારતમાલા પ્રોજેક્ટને લઈને ખેડુતોમાં વિરોધનો સૂર ઉઠવા પામ્યો છે. ત્યારે પ્રોજેક્ટ માટે જમીન સંપાદન કરવા માટે ખેડુતોના વાંધાઓની સુનાવણી રાખ્યા વિના જ માણસા અને કલોલ તાલુકાના નવ ગામોના ખેડૂતોના સર્વે નંબરોમાં કાચી નોંધ કરવામાં આવતા ખેડૂતોમાં રોષ ઉઠવા પામ્યો છે. સર્વેમાં પાડવામાં આવેલી કાચી નોંધ દુર કરવાની માંગ ઉઠી છે. થરાદથી અમદાવાદ સુધી એક્ષપ્રેસ હાઈવે બનાવવા માટે ભારતમાલા પરીયોજના શરૂ કરવામાં આવી છે. જોકે ભારતમાલા પ્રોજેક્ટને લઈને ખેડુતોમાં રોષ ઉઠવા પામ્યો છે. ત્યારે ભારતમાલા પ્રોજેક્ટને યેન કેન પ્રકારે સફળ બનાવવા અને ખેડુતોની જમીન સંપાદન કરવાની બંધ બારણે કામગીરી કરવામાં આવી રહી હોવાનો ખેડૂતોએ આક્ષેપ કર્યો છે. ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત જમીન સંપાદન કરવા માટે નોટીફિકેશન પ્રસિદ્ધ કરીને ખેડુતોના વાંધા મંગાવવામાં આવે છે. ખેડુતોના વાંધાઓની સુનાવણી કરવામાં આવે છે. ત્યારબાદ ગ્રામ સભા કર્યા બાદ જ ખેડુતોની મંજુરીથી જમીન સંપાદન કરી શકાય. ઉપરાંત જમીન સંપાદનના નવા કાયદા મુજબ વાસ્તવિક બજાર કિંમત નક્કી કરવી તેમજ જોઈન્ટ મેજરમેન્ટ નક્કી કરવાની કામગીરી કર્યા બાદ જમીન સંપાદનની કામગીરી કરવાનો નિયમ હોવાનો અસરગ્રસ્ત ખેડુતોએ જણાવ્યું છે.

જોકે જમીન સંપાદન કરવા માટે ઉપરોક્ત કોઈપણ પ્રકારની કામગીરી કર્યા વિના જ કલોલ અને માણસા તાલુકાના નવ ગામોના ખેડુતોના સર્વે નંબરમાં ભારતમાલા માટે જમીન સંપાદનની કાચી નોંધ કરી દેવામાં આવી હોવાનો આક્ષેપ ભારતમાલા પ્રોજેક્ટના અસરગ્રસ્ત ખેડુતોએ જણાવ્યું છે.

આથી માણસા અને કલોલ તાલુકાના નવ ગામોના ખેડુતોના સર્વે નંબરમાં પાડેલી કાચી નોંધ રદ કરવાની માંગણી સાથે પ્રાંત અધિકારી તેમજ જિલ્લા કલેક્ટરને રજુઆત કરવામાં આવશે તેમ ભારતમાલા પ્રોજેક્ટના અસરગ્રસ્ત ખેડુતોએ જણાવ્યું છે.

ભારતમાલા પ્રોજેક્ટને લઈને ખેડુતોમાં વિરોધનો સૂર ઉઠવા પામ્યો છે. ત્યારે પ્રોજેક્ટ માટે જમીન સંપાદન કરવા માટે ખેડુતોના વાંધાઓની સુનાવણી રાખ્યા વિના જ માણસા અને કલોલ તાલુકાના નવ ગામોના ખેડુતોના સર્વે નંબરોમાં કાચી નોંધ કરવામાં આવતા ખેડુતોમાં રોષ ઉઠવા પામ્યો છે.

### ટેસ્લા મોટરનો પ્રથમ પ્લાન્ટ ગુજરાતમાં! વાઈબ્રન્ટમાં કરાર

# આગામી જાન્યુઆરીમાં યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાતમાં ઘણા મહત્વના નવા ઉદ્યોગો આવશે

ગુજરાત | વંદન

ટુંક સમયમાં જ દેશના માર્ગો પર મેઈડ ઈન ઈન્ડીયા ટેસ્લા કાર દોડતી જોવા મળશે. એલન મસ્કની કંપની અને ભારત સરકાર વચ્ચે આ અંગે જે વાટાઘાટ શરુ થઈ છે તેમાં હવે નિર્ણાયક સ્તર આવી ગયો છે અને આગામી વર્ષે ટેસ્લા ભારતનો પ્રથમ પ્લાન સ્થાપશે અને બે વર્ષમાં અહી ટેસ્લાનું ઉત્પાદન શરુ થઈ જાય તેવા સંકેત છે. વાઈબ્રન્ટ ગુજરાતમાં આ અંગે જાહેરાત થઈ શકે છે. ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ ટેસ્લાનો પ્રથમ પ્લાન ગુજરાતમાં જ આવશે.

જો કે કંપની દ્વારા મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં પણ આ અંગે યોગ્ય




સુવિધા પર નજર રાખવામાં આવી રહી છે. બે બિલીયન ડોલરનું રોકાણ કંપની કરશે અને 15 બિલિયન ડોલરના ઓટોપાર્ટસ ભારતમાં જ બને તે માટે પણ ટેસ્લા સાથી કંપનીઓ સાથે પ્લાન સ્થાપશે. ઉપરાંત ભારતમાં જ બેટરીનું ઉત્પાદન કરવા અમેરિકી કંપનીએ તૈયારી બતાવી છે. સૂત્રોના જણાવ્યા મુજબ વાઈબ્રન્ટ ગુજરાતમાં ટેસ્લાના વડા અને જાણીતા સાહસીક ઉદ્યોગપતિ એલન મસ્ક પણ હાજર રહી શકે છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં ટેસ્લાના કરાર થશે.

આ માટે હાલ કેન્દ્રીય સ્તરે ભારે ઉદ્યોગ મંત્રાલય નાણા અને વ્યાપાર તેમજ ઉદ્યોગ મંત્રાલય એકી સાથે કામ કરી રહ્યા છે. સૌથી મહત્વની બાબત એ છે કે ભારતમાં ચીપના ઉત્પાદન માટેનો પ્રથમ પ્લાન્ટ ગુજરાતમાં સ્થપાઈ રહ્યો છે. આ ઉપરાંત ગુજરાત એ દેશની ઓટો કંપનીઓ માટે હબ બન્યુ છે. હાલમાં જ ઉદ્યોગમંત્રી પિયુષ ગોયેલ એ કેલિફોર્નિયામાં ટેસ્લાના પ્લાન્ટની મુલાકાત લીધી હતી અને તેઓએ બાદમાં દિલ્હી પરત આવ્યા બાદ વડાપ્રધાનને પોતાનો રિપોર્ટ સોંપ્યો હતો.

### ડિસેમ્બરમાં વેરો ન ભરનારની મિલકતો સીલ કરાશે

# ગાંધીનગરમાં રૂા. એક લાખથી વધુ લેણી રકમના બાકીદારોને હવે મહાનગરપાલિકા નોટિસ ફટકારશે

ગુજરાત | વંદન

ગાંધીનગરમાં મિલકત વેરાની વસૂલાત નબળી પડતા બાકી લેણા વસૂલવા માટે હવે મહાનગરપાલિકા દ્વારા 1 લાખથી વધુના બાકીદારોને નોટીસ ફટકારવાની તજવીજ શરૂ કરાઈ છે. આગામી સપ્તાહથી નોટીસ બજવવાનું શરૂ કરી દેવાશે જ્યારે ડિસેમ્બરના અંતમાં સીલીંગ સહિતની કાર્યવાહી હાથ ધરાશે.

ગાંધીનગર મહાનગરપાલિકાને અત્યારસુધીમાં 80 કરોડના મિલકતવેરાના માંગણીની સામે 58 કરોડની વસૂલાત થઈ છે. ગત વર્ષે વર્ષ દરમિયાન કુલ 52 કરોડ રૂપિયાની વસૂલાત થઈ હતી. ગત વર્ષ કરતા અત્યારસુધીમાં વસૂલાત ઉંચી છે પરંતુ 100 ટકાના લક્ષ્યાંક સાથે મહાનગરપાલિકા વસૂલાતની કામગીરી કરી રહી છે. કુલ 1.78 લાખ મિલકતધારકો પૈકી અત્યારસુધીમાં 1.05 લાખ મિલકતધારકોએ વેરો ભરપાઇ કરી દીધો છે. નિયમ મુજબ 6 મહિના બાદ બાકીદારોને નોટીસ આપવાની હોય છે પરંતુ નવરાત્રી અને દિવાળીના તહેવારોને કારણે મહાનગરપાલિકાએ નોટીસની પ્રક્રિયા હાથ ધરી ન હતી. હવે આગામી સપ્તાહથી નોટીસની કાર્યવાહી શરૂ કરાશે. તમામ ઝોન વાઈઝ વિવિધ કેટેગરીના બાકીદારોનું લિસ્ટ તૈયાર કરી દેવામાં આવ્યું છે.

## થોડી ઈધર કી / થોડી ઉધર કી

# ચીન હૈ કી માનતા નહીં...અને હવે બાળકોને સંભાળવા માટે થઇ જાવ તૈયાર...કેમ કે...

આ ચીન પણ ખરેખર જબરૂ છે હો. આખી દુનિયાને કોરોના મહામારીમાં હેરાન-પરેશાન કર્યા બાદ હવે નવી બિમારી લઈને




ફરી એકવાર વિશ્વના રંગમંચ પર હાજર થઈ ગયું હોય તેમ ફિર એક બાર નવા વાઈરસ સાથે આવી ગયું છે....! જો કે આ વખતે કોઈ નવા ભેદી, રહસ્યમય વાઈરસ બાળકોને પોતાની ભીંસમાં લઈ રહ્યું છે એટલે દેખીતી રીતે જ હવે આ વાઈરસ બાળવાઈરસ તરીકે ઓળખાશે અને ધીમે ધીમે કોરોનાની જેમ ફેલાતો જશે....?

જાણકારો કહે છે કે ચીન થાકતુ નથી. બીજા નાના દેશોને હડપવાના પ્રયાસો, કરતાં જાળ ભોંય પડી પછડાય...એવા કરોળિયાની જેમ સતત ચાલતા રહે છે અને તેના એક હાથમાં દુનિયાનો નકશો અને હવે બીજા હાથમાં કદાજ ભિન્ન ભિન્ન ભાંતિ ભાંતિ કે લોગની જેમ નવા નવા વાઈરસનો પ્યાલો જોવા મળશે....

કોરોનામાં દુનિયામાં કેવો હાહાકાર મચ્યો હતો તે કાંઈ 1820 કે 1920ની વાત નથી પણ 2020ની 3 વર્ષ પહેલાની જ વાત છે અને હજુ કોરોનાના કેસો અમેરિકા નોંધાઈ રહ્યાં છે તો ભારતમાં યુવાનો હાર્ટએટેકનો ભોગ બની રહ્યાં તેમાં કોરોનાની રસીને જવાબદાર માનવામાં આવી રહી છે..કુલ મિલા કે બાત યે હૈ કિ ચીન હૈ કી માનતા નહીં...અને હવે બાળકોને સંભાળવા માટે થઈ જાવ તૈયાર...કેમ કે ચીનનો ભરોસો નહીં....અને એને તો આ બધુ ગમતું હોય તેમ એકાદ વાઈરસ છમ્મ...કરીને હવામાં વહેતું કરીને પછી અમેરિકાને હરાવવાના પ્રયાસોમાં લાગી જશે...સાવધાન...જાગતા રહેજો...વાઈરસથી બચતા રહેજો....

**અંતર-મંતર..જંતર મંતર..તીન દિસમ્બર કૌન છૂમંતર...?!**


વડાપ્રધાન મોદીએ જ્યારે હાલમાં જ એક ચૂંટણી સભામાં રાહુલ ગાંધીને મૂર્ખો કે સરદાર...કહ્યું ત્યારે દિલ્હી મેં સત્તા કે ગલિયારોંને યહ માન



લિયા કે કોંગ્રેસ અને રાહુલ તેનો જવાબ આપવાની હિંમત નહીં કરે...પણ થયું ઉલટુ અને રાહુલે વિશ્વ કપમાં ભારતની હાર માટે વડાપ્રધાનને જવાબદાર માનીને તેમને પ...પ...પ...પનોતી કહી દીધા અને રિએકશન એવુ આવ્યું કે નેશનલ હેરાલ્ડ કેસમાં એ જ દિવસે ઈડીએ કોંગ્રેસની 751 કરોડની સંપત્તિ જપ્ત કરી લીધી...ચૂંટણીસભામાં જે ભાષાનો ઉપયોગ થયો તે હવે પછી નહીં થાય એની કોઈ ગેરંટી આપવા તૈયાર નથી...અને હાં ગેરંટી શબ્દથી યાદ આવ્યું કે હવે ચૂંટણીઓમાં ઢંઢેરો..સંકલ્પપત્ર, વચનપત્ર...એવા શબ્દોના બદલે હવે નવો શબ્દ આવ્યો છે અને તે છે ગેરંટી....! બન્ને તરફ હવે મતદારાને ગેરંટીઓ આપવામાં આવી છે કે અમારી સરકાર આવશે તો ફ્રી...ફ્રી...ફ્રી...500માં બાટલો લો બાટલો...પરિવારમાં મહિલાને રોકડ સહાય...ખેડૂતોની લોન માફ....એવી બધી ગેરંટીઓમાં બન્ને તરફે એક ગેરંટી પ્રજા ઈચ્છે તો નવાઈ નહીં કે હવે પછી કોઈ કોઈને મૂર્ખો કે સરદાર...અને પ...પ..પ..નોતી નહીં કહે.....! રાજસ્થાન-મધ્યપ્રદેશ-છત્તીસગઢ અને મિઝોરામની સાથે તેલંગાણામાં ચૂંટણીઓના પરિણામોમાં હવે રંગીલા રાજસ્થાનના પરિણામ પર ફોક્સ હોગા..કેમ કે ખુદ વડાપ્રધાને ડંકે કી ચોટ પર ગેરંટી કે સાથ કહ્યું છે કે આ વખતે પણ નહી અને હવે પછી પણ રાજસ્થાનામાં અશોક ગેહલોતની સરકાર નહીં બને...! કોંગ્રેસમાં સોપો પડી ગયો છે...ગેહલોતની ફરિયાદ છે-મુઝે નીંદ ન આયે..નીંદ ન આયે...! પરિણામની તારીખ તીન દિસમ્બર...અને અંતર-મંતર..જંતર મંતર..તીન દિસમ્બર કૌન છૂમંતર...?! બાપુ, ગેહલોત તો ગિયો...

**ગાંધીનગરમાં વાયુ પ્રદૂષણ ભલે વધે પણ કોંગ્રેસની વગ વધવી ન જોઇએ....બાબા...રે... બાબા...!**

પાટનગર ગાંધીનગરમાં વાઈબ્રન્ટની તૈયારીઓ ચાલી રહી છે. ખુદ



સીએમ ભૂપેન્દ્ર પટેલ વાઈબ્રન્ટના ભાગરૂપે જાપાન અને સિંગાપોર જવ રવાના થઈ રહ્યાં છે. પાટનગર ગાંધીનીગર એક સમયે વિશ્વનું સૌથી હરિયાળુ શહેર ગણાતું હતું . પણ આજે એ શહેરમાં હવાની ગુણવત્તા બગડી ગઈ...વાયુ પ્રદૂષણની અસર વૃક્ષોથી ભરપૂર છવાયેલા શહેરમાં નોંધાઈ છે...!

જેમ જેમ માનવ વસ્તી વધતી ગઈ તેમ તેમ મકાનોની જરૂર પડી, સુખ સુવિધાની જરૂર પડી, સરકારી કચેરીઓની જરૂર પડી અને તેના માટે વૃક્ષો કપાતા ગયા...કપાતા ગયા...અને પ્રદૂષણ શરૂ થયું...શરૂ થયુ.... હવે ગાંધીનગર માટે પણ હવાની ગુણવતાનો આંક રોજેરોજ જાહેર થાય તો નવા નહીં... વાયુ પ્રદૂષણ ભલે વધે પણ ગુજરાતના રાજકારણમાં કોંગ્રેસની વગ વધવr ન જોઈએ તેની બરાબરની કાળજી સામાપક્ષેથી અને કોંગ્રેસ પક્ષમાં રહેલા અંદરિયા ખબરિયા દ્વારા લેવાઈ રહી છે....! નવા પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ બાપુ હજુ કાંઈ સંગઠનમાં કોઈ એવુ કરી શક્યા નથી કે જુથબંધી દૂર થાય. લોકસભાની ચૂંટણીમાં ભાજપ ગુજરાતમાં સતત ત્રીજીવાર 26માંથી 26 બેઠકો જીતીને હેટ્રીક કરવા તૈયાર છે અને બાપુએ પછી પાર્ટી પરંપરા અનુસાર રાજીનામુ ખિસ્સામાં લઈને જ ફરવુ પડશે.....!

-પ્રવીણ ઘમંડે

### છેલ્લા બે માસમાં 150 કરોડનાં વાહન વેચાતા

# ગાંધીનગર મનપાને વ્હિકલ ટેક્સ પેટે 2.39 કરોડની આવક થઇ

ગુજરાત | વંદન

છેલ્લા બે માસના સમયગાળામાં ગાંધીનગરમાં અંદાજીત 150 કરોડના વાહનોનું વેચાણ નોંધાયું છે. નવરાત્રીના પ્રથમ દિવસથી લઈને સાતમ, આઠમ, નોમ અને દશેરા દરમિયાન વાહનના વેચાણમાં તેજી જોવા મળી હતી. અગાઉ ગણેશ ચતુર્થીના સમયગાળા દરમિયાન ડિલરોએ જ વાહનનું એડવાન્સમાં રજીસ્ટ્રેશન કરીને ડિલિવરી આપવાની જોગવાઈ, વાહન વ્યવહાર કચેરી દ્વારા કરતાં કેટલાંક કિસ્સામાં વાહન વેચાણમાં બ્રેક લાગી હોવાનું જોવાં મળ્યું હતું. પરંતુ છેલ્લા 2 માસના આંકડાં પર નજર કરીએ તો વાહન વેચાણનું કુલ માર્કેટ 150 કરોડની હદ વટાવી ચૂક્યું છે. જેના કારણે ગાંધીનગર મહાનગરપાલિકામાં પણ વ્હિકલ ટેક્સની આવક કરોડોમાં થયેલી જોવા મળી છે.



મહાપાલિકા દ્વારા વાહનોની કિંમતને આધારે ટેક્સની ગણતરી કરવામાં આવતી હોય છે. જેમાં ટુ વ્હિલર માટે 1.5 % નો વ્હિકલ ટેક્સ મહાપાલિકા દ્વારા ઉગરાવવામાં આવતો હોય છે. આ ઉપરાંત ફોર વ્હિલર માટે 5 લાખથી ઓછી કિંમત માટે 2% , 5 લાખથી વધુની કિંમત માટે 2.25% અને 10 લાખથી વધારે કિંમતના ફોરવ્હિલર માટે મહાપાલિકા દ્વારા 2.50%નો વ્હિકલ ટેક્સ લેવામાં આવતો હોય છે. મહાપાલિકાના છેલ્લા 2 માસના આંકડાં જોતાં ગત માસ 1.64 કરોડ અને ચાલુ માસ દરમિયાન 75.70 લાખ મળીને કુલ 2.39 કરોડથી વધુની આવક મહાપાલિકાને વ્હિકલ ટેક્સથી થયેલી જોવાં મળી છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

સંપાદકીય....

# રાજ્યપાલ-રાજ્ય સરકાર વચ્ચે રાજકીય ઘર્ષણ તંદુરસ્ત સમવાયતંત્રની નિશાની નથી...!



ભારતના બંધારણે સમવાયતંત્રની પધ્ધતિ અપનાવી છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો એકબીજા સાથેહળી-મળીને કઇ રીતે દેશના કલ્યાણ માટે કામ કરે તેની જોગવાઇ બંધારણમાં કરવામાં આવી છે. સમયવાયતંત્રના ભાગરૂપે રાજ્યોમાં કેન્દ્રના પ્રતિનિધ તરીકે રાજ્યપાલ નિમવામાં આવે છે. બંધારણમાં એમ લખવામાં આવ્યું છે કે ભવિષ્યમાં રાજ્યોમા વિપક્ષી સરકાર હોય તો રાજ્યપાલે જે તે સરકારની સાથે મળીને બંધારણીય ફરજોનું પાલન કરીને કામ કરવુ પડશે. પરંતુ વિપક્ષી ત્રણ રાજ્યો તામિલનાડુ, કેરળ વગેરેમાં કેન્દ્ર દ્વારા મૂકાયેલા રાજ્યપાલોએ સરકારે વિધાનસભામાં પસાર કરેલા વિધેયકોને મંજૂરી આપવાને બદલે ત્રણ ત્રણ વર્ષ સુધી મંજૂરી આપ્યા વગર મૂકી રાખી અને છેવટે મામલો સુપ્રિમમાં ગયો અને સુપ્રિમકોર્ટે ત્રણ રાજ્યોના રાજ્યપાલોની સામે સખત ટીપ્પણી પાસ કરીને તેમનો ખુલાસો માંગ્યો કે ત્રણ-ત્રણ વર્ષ સુધી વિધેયકોની ફાઇલ દબાવીને બેસી રહેવાનું શું કારણ છે?

મામલો ગંભીર છે. અને બંધારણની સમવાયતંત્રની વિભાવનાની વિરૂધ્ધ કહી શકાય. જો કે તે માટે અગાઉના સત્તાધીશો જવાબદાર કહી શકાય. આ અંગે રાજકિય રીતે જોઇએ તો ભૂતકીળમાં કેન્દ્રમાં સરકાર બદલાતા અગાઉની સરકારોએ મૂકેલા રાજ્યપાલોને હટાવી દેવામાં આવતા હતા. અને પોતાના પક્ષના સિનિયર અને સંસદિય બાબતોના અનુભવી આગેવાનોને રાજ્યપાલપદે મૂકાતા હતા. જો કે તેઓ રાજ્ય સરકાર સાથે ઘર્ષણમાં ભાગ્યે જ આવતા હતા. પરંતુ વર્તમાનમાં ત્રણ રાજ્ય સરકારોનું સુપ્રિમમાં દોડી જવુ અને રાજ્યપાલની ફરિયદો કરવી તે મામલો બંધારણીય અને કાયદાકીય રીતે વિચારણીય કહી શકાય તેમ છે.

કેરળમાં સામ્યવાદીઓની સરકાર છે, તામિલનાડુમાં ડીએમકે પક્ષની સરકાર છે, પંજાબમાં આપ પાર્ટીની સરકાર છે, ઝારખંડમાં નોન બીજેપી પાર્ટીની સરકાર છે અને આ રાજ્યોએ રાજ્યપાલોની ફરિયાદો કરી છે. આ વિપક્ષી રાજ્ય સરકારોની દલીલ છે કે તેમની દ્વારા વિધાનસભામાં પસાર કરાયેલા વિધેયકમાં કોઇ ખામી હોય, બંધારણની વિરૂધ્ધ હોય તો જે તે સરકારને લેખિતમાં જાણ કરીને ખુલાસો માંગી શકે છે અને બે વખત વિધેયક પસાર કરીને મોકલવામાં આવે તો તને મંજૂરી આપવી કોઇપણ રાજ્યપાલ માટે ફરજિયાત છે. તેમ છતાં કોઇ ખુલાસો માંગવાને બદલે ફાઇલો દબાવી દેવામાં આવી હોવાના આરોપો છે.

રાજકીય ઇતિહાસ જોઇએ તો, ગુજરાતમાં મુખ્યમંત્રી પદે નરેન્દ્ર મોદી હતા ત્યારે યુપીએની કોંગ્રેસ સરકાર દ્વારા ગુજરાતના રાજ્યપાલ પદે નિયુક્ત કમલા બેનીવાલ દ્વારા રાજ્યની ભાજપ સરકારને પણ પરેશાન કરવામાં આવી હતી. ખાસ કરીને સંગઠિત ગુનાખોરી નિયંત્રણમાં લેવા ભાજપ સરકારે વિધાનસભામાં પસાર કરાયેલા ગુજકોકના વિધેયકને ઘણા લાંબા સમય સુધી રાજ્યપાલે પોતાની પાસે મુકી રાખ્યા બાદ પરત મોકલ્યું હતું. અને એક તબક્કે તો, રાષ્ટ્રપતિ ભવનને પણ મોકલીને વિલંબની નીતિ અપનાવી હતી. આમ રાજ્યપાલ અને રાજ્ય સરકાર વચ્ચે રાજકીય કાવા-દાવા અને રાજકીય ઘર્ષણ તંદુરસ્ત સમવાયતંત્રની નિશાની નથી. અને રાજ્યપાલોએ બંધારણીય હેઠળ ફરજો અદા કરીને રાજ્યસરકારોને વિધેયકોને સત્વરે મૂલ્યાંકન કરીને નિર્ણય જરૂરી છે. જેથી ફરી વાર મામલો સુપ્રીમમાં ન જાય.

## હજુ પણ સૌથી વધુ ઉપયોગમાં લેવાતો પાસવર્ડ 123456 છે અને હેકર્સ માટે આસાન...!

સુરક્ષા માટે એક જ પાસવર્ડનો ઉપયોગ એક જ સ્થળે કરવા નિષ્ણાતોની સલાહ

# પાસવર્ડની દુનિયામાં ડોકિયુ: હશે કઠીન પાસવર્ડ તો સબ સલામત, નહીંતર ...!

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com






આજના યુગમાં ઈન્ટરનેટ વિના કોમ્પ્યુટરની કલ્પના પણ કરી શકાતી નથી. ઈન્ટરનેટ દ્વારા કરવામાં આવતી છેતરપિંડી અને ગુનાઓના કેસોમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. કારણ કે ઘણું કામ ઓનલાઈન થાય છે, અને લોકો પાસે હવે ઘણી બધી સંવેદનશીલ વેબસાઈટ્સ પર એકાઉન્ટ્સ અને પાસવર્ડ્સ જોવા મળે છે.

એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સાયબર હેકિંગ કે ઓનલાઇન ઠગાઈની આટલી બધી ઘટનાઓ પછી પણ લોકો હજુ ખૂબ જ સરળ પાસવર્ડ રાખે છે અને સૌથી વધુ ઉપયોગમાં લેવાતો પાસવર્ડ જો કોઈ હજુ પણ હોય તે છે 123456 અને હેકર્સ માટે તેને ક્રેક કરવાંમાં પણ ઍકથી પાંચ બોલીએ એટલો જ સમય લાગે છે..!

સામાન્ય રીતે, કોઈપણ સંસ્થા વગેરે માટે ડેટા સુરક્ષા વધુ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. પરંતુ લોકો એ વાત પર ધ્યાન આપતા નથી કે તેમના કોમ્પ્યુટરની સાથે સાથે ઘણી વેબસાઈટ પર તેમના એકાઉન્ટ પણ છે અને જો ડેટા કે પાસવર્ડ ચોરાઈ જાય તો તેમને ઘણું નુકસાન થઈ શકે છે. પાસવર્ડ મેનેજમેન્ટ સોફ્ટવેર કંપની NordPass દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે લોકો ખૂબ જ સહેલાઈથી યાદ રહે તે માટે સરળ પાસવર્ડ રાખવાનું પસંદ કરે છે....

કંપનીએ અલગ-અલગ જગ્યાએથી એકાઉન્ટ્સનો સર્વે કર્યો હતો, જે મુજબ લગભગ 4.5 કરોડ એકાઉન્ટ્સમાં હજુ પણ સૌથી નબળા પાસવર્ડ તરીકે 123456નો ઉપયોગ થઈ રહ્યો છે, જે સૌથી વધુ છે. એટલું જ નહીં, બીજા અને ત્રીજા સ્થાન પર પાસવર્ડ એડમિન અને 12345678નો કબજો છે. લગભગ 4 કરોડ ખાતાઓમાં એડમિનનો ઉપયોગ થઈ રહ્યો છે અને લગભગ 1.27 કરોડ ખાતાઓમાં 12345678નો ઉપયોગ થઈ રહ્યો છે....

કંપનીએ આ મામલે ભારતની સ્થિતિ પણ સ્પષ્ટ કરી છે. ભારતમાં પણ 123456 પાસવર્ડનો ઉપયોગ મહત્તમ 36 લાખ લોકો કરી રહ્યા છે જ્યારે લગભગ 12 લાખ એકાઉન્ટમાં એડમિનનો ઉપયોગ થઈ રહ્યો છે. કંપનીએ આ અભ્યાસમાં સ્વતંત્ર સાયબર સુરક્ષા નિષ્ણાતોની મદદ પણ લીધી હતી.

અભ્યાસ ચેતવણી આપે છે કે હેકર્સ એક સેકન્ડથી પણ ઓછા સમયમાં આવા પાસવર્ડને ક્રેક કરી શકે છે. આ અભ્યાસમાં સંશોધકોની ટીમે 6.6 ટેરાબાઈટ ડેટાબેઝનું વિશ્લેષણ કર્યું જેમાં ચોરાયેલા પાસવર્ડ રાખવામાં આવ્યા હતા. આ માટે તેઓએ રેડલાઈન, વિદાર, વૃષભ, રેકૂન, એજોરલ્ટ અને ક્રિપ્ટબોટ જેવા ચોરી કરનાર માલવેરનો ઉપયોગ કર્યો.

35 દેશોનો ડેટા: આ ડેટામાં 35 દેશોના પાસવર્ડ અને સોર્સ વેબસાઈટ સ્ટોર કરવામાં આવી હતી. અભ્યાસમાં, ડેટાને કેટલાક મથાળાઓમાં વિભાજિત કરવામાં આવ્યો હતો જેથી દેશોના આધારે આંકડાકીય વિશ્લેષણ કરી શકાય. આ સમય દરમિયાન, નોર્ડપ્રેસે વપરાશકર્તાઓને ખાતરી પણ આપી છે કે તે કોઈ વ્યક્તિગત ડેટા મેળવવામાં આવશે નહીં કે ખરીદવામાં આવશે નહીં.

ખાતાની સુરક્ષા માટે મોટો ખતરો......

અભ્યાસમાં, 123456 ને વિશ્વનો સૌથી નબળો પાસવર્ડ ગણવામાં આવ્યો છે અને તેથી, આવા પાંચમાંથી ચાર અભ્યાસમાં પાસવર્ડનો સૌથી સામાન્ય પ્રકાર હોવાનું જાણવા મળ્યું છે. સંશોધકોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યારે ટેક્નોલોજીકલ એડવાન્સિસે પાસવર્ડ્સને ક્રેક કરવાનું મુશ્કેલ બનાવ્યું છે, ત્યારે માલવેર હુમલાઓ હજુ પણ એકાઉન્ટ સુરક્ષા માટે એક મોટો ખતરો છે.

તે જ સમયે, નોર્ડપાસે વપરાશકર્તાઓને ઓછામાં ઓછા 20 અક્ષરો લાંબો સરળ પાસવર્ડ પસંદ કરવા વિનંતી કરી છે, જેમાં અપરકેસ, લોઅરકેસ, સંખ્યાઓ અને પ્રતીકોનું મિશ્રણ હોય. કંપનીએ એવી પણ હિમાયત કરી છે કે એક જ પાસવર્ડનો ઉપયોગ બહુવિધ પ્લેટફોર્મ પર ન કરવો જોઈએ. આ સાથે, જો એક એકાઉન્ટ હેક થાય છે, તો અન્ય એકાઉન્ટ્સને અસર થવાનું જોખમ ઓછું રહેશે.

ઘણા વપરાશકર્તાઓ તેમના નબળા પાસવર્ડ સ્ટ્રક્ચરને કારણે ક્રેક થઈ જાય છે, નિષ્ણાતોએ સૌથી મજબૂત પાસવર્ડોનો સારાંશ આપ્યો છે જે આ મુજબ છે....

આંશિક રીતે અસંબંધિત શબ્દોને એકસાથે જોડો.......

ઉદાહરણ તરીકે, 2 અથવા 3 અથવા તો 4 અસંબંધિત શબ્દોને એકસાથે ભેગા કરો (અપરકેસ અને લોઅરકેસને જોડો), આ શબ્દોને "હીરા", "બ્લોગ", "સિક્યોરિટી" જેવા એકસાથે જોડીને "ડાયમ્બલોસેક્યુ" બનાવો.

. સંખ્યા સાથે શબ્દને મેચ કરો.....

શબ્દને નંબર સાથે જોડો અને (અપરકેસ અને લોઅરકેસને મિક્સ કરો), ઉદાહરણ તરીકે, તમારું નામ અને તમારો HP નંબર એકસાથે ઉમેરો, જેમ કે તમારું નામ "Scotfield" છે, HP નંબર "01255447689" છે, તમારો પાસવર્ડ "Scotfield01255447689" હશે. વાપરવા માટે મારા મનપસંદ પાસવર્ડોમાંથી એક, કારણ કે તે પર્યાપ્ત મજબૂત અને યાદ રાખવામાં સરળ છે.

અવ્યવસ્થિત રીતે નંબર અને પ્રતીક સાથે શબ્દ બદલો....

અવ્યવસ્થિત રીતે વર્ડને નંબર્સ અને સિમ્બોલથી બદલો (અપરકેસ અને લોઅરકેસ મિક્સ કરો), ઉદાહરણ તરીકે, માઈક્રોસોફ્ટ સૂચવે છે કે સૌથી મજબૂત પાસવર્ડ "P@ssw0rd" છે, તેણે a ને @ સિમ્બોલ અને o ને 0 (શૂન્ય) સાથે બદલ્યો છે. આ માટે થોડી રચનાત્મક વિચારસરણીની જરૂર પડશે. તમારા ભાગ પર.

. શબ્દો અને સંખ્યાઓને અવ્યવસ્થિત રીતે મિશ્રિત કરો...

શબ્દો અને સંખ્યાઓને અવ્યવસ્થિત રીતે એકસાથે મિક્સ કરો (અપરકેસ અને લોઅરકેસ મિક્સ કરો). ઉદાહરણ તરીકે, 2 શબ્દો "scotfield" અને "01255447689", તેને અવ્યવસ્થિત રીતે ભળી દો અને "S012cot5544fie76ld89" બની જાઓ, પ્રમાણિકપણે... મને નથી લાગતું કે તે ફાટવું શક્ય છે, પરંતુ તે યાદ રાખવું પણ ખૂબ મુશ્કેલ છે.

અર્થહીન શબ્દો, સંખ્યાઓ અને પ્રતીકોને અવ્યવસ્થિત રીતે અને ઓછામાં ઓછા 15 લંબાઈમાં મિશ્ર કરો....

અર્થહીન શબ્દો, સંખ્યાઓ અને પ્રતીકોને અવ્યવસ્થિત રીતે મિક્સ કરો અને ઓછામાં ઓછી 15 લંબાઈ (અપરકેસ અને લોઅરકેસ મિક્સ કરો). હકીકતમાં, સૌથી મજબૂત પાસવર્ડ યાદ રાખવા માટેના સૌથી મુશ્કેલ પાસવર્ડની બરાબર છે, ઉદાહરણ તરીકે "E7r9t8@Q★h%Hy+M".

પુસ્તક પરિચય



▪ રિપલકુમાર પરીખ

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ટચૂકડી વાર્તાઓનું વિશાળ વિશ્વ

'મોબાઈલ ફોનમાં નવુંનવું ફેસબુક ખાતું બનાવીને માલતી અતિશય ખુશ હતી. વારેવારે સર્ચબટન પર ક્લિક કરી વીનેશ પરીખ લખતી. સર્ચ રિઝલ્ટમાં વીનેશનાં નામ નીચે ફ્રેન્ડ લખેલું વાંચીને બહુ ખુશ થતી. મનોમન હરખાતી. એટલું બધું હરખાતી કે એટલું તો એ વીનેશ સાથે લગ્ન કરીને માલતી પરીખ બની ત્યારેય નહોતી હરખાઈ.'

– મયુરિકા લેઉવા બૅન્કર

ઉપર દર્શાવેલ 'ફ્રેન્ડ' નામની માઈક્રોફિક્શન ટચૂકડી છે પણ ધારદાર છે. છુટા પડ્યા પછી પણ હજુ સુધી વીનેશને પ્રેમ કરતી, તેની મિત્રતા જાળવી રાખવા મથતી અને તે કારણે જ જાણે મોબાઈલ ફોન પર ફેસબુક ખાતું બનાવીને વારંવાર ચેક કરતી માલતીનો પ્રેમ અહીં કેટલી સરળતાથી લેખિકાએ બતાવ્યો છે. બીજો કોઈ ભાવક આ માઈક્રોફિક્શનને બીજી રીતે પણ મૂલવી શકે છે. બસ, આવી જ વાચકના હૃદયને સ્પર્શી જતી, અનોખા અંતથી સમાપ્ત થતી, વિષય વૈવિધ્યથી સભર અનોખી માઈક્રોફિક્શનનો નવો સંગ્રહ એટલે 'ઑન ધ રૉક્સ'.

લેખક તથા સંપાદક જિજ્ઞેશ અધ્યારૂ દ્વારા સંપાદિત માઈક્રોસર્જન શ્રેણીનું આ ત્રીજું પુસ્તક હાલમાં જ નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ તથા બાલવિનોદ પ્રકાશન, અમદાવાદ દ્વારા પ્રકાશિત થયું છે. આ ટચૂકડા અને હૃદયસ્પર્શી પુસ્તકમાં ત્યાંશી ઉત્તમ માઈક્રોફિક્શનનો સમાવેશ થયો છે. જે અનેક સજ્જ સર્જકોની નજર હેઠળ અનેક ગળાઈને અહીં વાચકો સમક્ષ શુદ્ધ ટચૂકડી વાર્તા સ્વરૂપે પ્રસ્તુત થઈ છે. જિજ્ઞેશ અધ્યારૂ ઉપરાંત અહીં સંજય ગુંદલાવકર, મીતલ પટેલ, ધવલ સોની, અંકુર બૅન્કર, સુષમા શેઠ, ભારતીબહેન ગોહીલ, રાજુલબહેન ભાનુશાલી, ધર્મેન્દ્ર કનાલા, ગોપાલ ખેતાણી, સંજય થોરાત, એકતા નીરવ દોશી ઉપરાંત અનેક લોકપ્રિય સર્જકોની માઈક્રોફિક્શનનો અહીં સમાવેશ થયો છે.


સંપાદક જિજ્ઞેશ અધ્યારૂ પોતાનાં મનની વાત કરતાં લખે છે, 'આ સંપાદનમાંની માઈક્રોફિક્શન આપણા રોજિંદા જીવનના દૃષ્ટિકોણ, ઘટનાઓ, વિચારો અને માન્યતાઓને નવેસરથી તપાસવા પ્રેરે એવી છે, અંત તરફનું સૂચન છે, પણ કોઈ એક અંત તેમને બાંધતો નથી. અમે બધાંએ હાથમાં કોઈ ફાનસ લીધા વગર પોતપોતાના અંધાપાને ઉજાળવાનો પ્રયત્ન કર્યો છે એટલે કોઈ અથડાઈ ન પડે એની અમારા ભાગની સાવચેતી અમે લીધી જ છે. આ વાર્તાઓ જેમ જેમ વાંચતા જશો તેમ તેમ વાર્તાઓની વિવિધતાને લીધે અનેક સ્વાદ મળતા જશે, દરેક માઈક્રોફિક્શનની પોતાની સુગંધ, પોતાની બાંધણી, પરિવેશ, કથાનક અને શૈલી છે. આ બધી માઈક્રોફિક્શન સર્જન ગ્રૂપનાં લેખકો વચ્ચે લખાયેલી, લેખકના નામ વગર ચર્ચાઈ છે. એને પ્રતિભાવો અપાયા છે અને મઠારાઈ છે એટલે એનો સ્વાદ ગમી જાય એવો છે એ ચોક્કસ.'




ટચૂકડી પણ ધારદાર વાર્તાઓના સંગ્રહ 'માઈક્રોફિક્શન શૉર્ટ્સ' અને 'માઈક્રોફિક્શન બાઈટ્સ' ને વાચકોનો ખૂબ સ્નેહ અને અદકેરો પ્રતિભાવ મળ્યો છે. અનેક સર્જકોની કલમના ચમકારા સમાવતું આ પુસ્તક પણ ખૂબ વેચાઈ, વંચાઈ અને વખણાઈ રહ્યું છે.

ધર્મ

# દેવ દિવાળી બાદ શરણાઈના સૂર ગુંજશે



દેવ દિવાળી બાદ લગ્નની સીઝન શરુ થાય છે. તુલસીવિવાહ બાદ શુભ લગ્નોનો પ્રારંભ થશે. નૂતન વર્ષ વિક્રમ સંવંત 2080 માં લગ્નના 44 મુહૂર્તો છે. આ વખતે ગુરુ-શુક્રના અસ્તના કારણે મે મહિનામાં લગ્નના મુહૂર્તો નથી. જ્યારે ચાલુ નવેમ્બર માસમાં આગામી તા. 27ના લગ્નનું પ્રથમ શુભ મુહૂર્ત છે. ગત વર્ષે લગ્નના 63 શુભ મુહૂર્તો હતા જ્યારે આ વર્ષે માત્ર 44 શુભ મુહૂર્તો છે.

નવેમ્બરમાં તા. 27, 28 તથા 29ના દિવસો લગ્ન માટે શુભ છે. ડિસેમ્બર મહિનામાં તા. 6, 7, 8, 14, 15 શુભ છે. આમ ધનારક કમુહૂર્તા પહેલા લગ્નના આઠ મુહુર્ત છે. તા.16-12 થી 14-1 સુધી ધનારક કમુહુર્ત હોવાથી આ સમયગાળામાં લગ્ન થઈ શકે નહિં. જાન્યુઆરીમાં તા. 21, 22, 27, 28, 30 તથા 31 આ દિવસો લગ્ન માટે શુભ છે. ફેબ્રુઆરી મહિનામાં તા. 2, 4, 6, 12, 17, 18, 19, 24, 26, 27, 28, તથા તા. 29 લગ્નના શુભ મુહૂર્તો છે. માર્ચ મહિનામાં તા. 2, 3, 4, 6, 11 તથા તા. 13ના શુભ મુહૂર્તો છે. ત્યારબાદ તા. 14-3 થી 13-4 સુધી મીનારક કમુહૂર્તના કારણે લગ્ન થઈ શકે નહી તથા તા. 17-3 થી 24-3 સુધી હોળાષ્ટક છે. આમ મીનારક તથા હોળાષ્ટકમાં લગ્ન નિષેધ છે. એપ્રિલ મહિનામાં લગ્નના ચાર મુહુર્તો છે. તા. 18, 21, 26 અને 28ના લગ્ન માટે શુભ દિવસ છે. ત્યારબાદ શુક્ર ગ્રહનો અસ્ત થતા તા. 1-5 થી 28-6 સુધી મુહૂર્ત નથી. જ્યારે ગુરુ ગ્રહનો અસ્ત તા. 7-5 થી 2 જૂન સુધી છે. આમ ગુરુ તથા શુક્રના અસ્તમાં લગ્ન થઈ શકતા નથી. આથી મે મહિનામાં લગ્નના એક પણ મુહુર્ત નથી. જ્યારે જૂનમાં લગ્નના બે જ મુહુર્તો છે. તેમણે મહિનાની આખર (તા. 29 તથા 30)માં છે.

જુલાઈ મહિનામાં તા. 9, 11, 12, 13, 14 તથા 15ના મુહુર્તો છે. તા. 17 જુલાઈના દેવશયની એકાદશી છે. દેવશયની એકાદશીના દિવસે દેવતાઓ પોઢી જાય છે. આથી ત્યારબાદ લગ્નના મુહૂર્તો હોતા નથી. આગામી તા. 14મી ફેબ્રુઆરીએ વસંત પંચમી છે. જ્યારે અખાત્રીજ તા. 10મી મેના છે પરંતુ અખાત્રીજના દિવસે ગુરુ-શુક્રનો અસ્ત હોતા લગ્ન થઈ શકશે નહિં. વર્ષ દરમ્યાન લગ્નના માત્ર 44 મુહૂર્તો છે. તેમાં પણ ઉનાળામાં માત્ર 12 મુહૂર્તો છે. સૌથી વધારે ફેબ્રુઆરીમાં 12 લગ્ન મુહૂર્તો છે.

રસદર્શન

# પડછાયો ક્યારે આપણાથી અલગ નથી થવાનો અને છેલ્લે કહે છે તમારા જેવો..

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## પડછાયા

**સ્વ.ગુણવંત ઉપાધ્યાય**

**ધોઈ ધોઈ થાક્યા મારા હાથ રે પડછાયા રાણા !**
**તોય તમે ઉજળા રે નવ થયા !**
**બોલે રે; બાંધ્યા'તા અમને બેલીએ**
**ભેદ ભરમો-કરમોનાં ક્યાંથી ખોલીએ**
**મણમણના કાંઈ મોંએ તાળાં નાથ રે..**
**પડછાયા રાણા ! અમને તમથી જૂદાં કેમ જાણીયા ?**
**ક્યાંથી રે આવ્યાં ને ક્યાંનાં બેસણાં**
**પગની પાની; ઘૂંઘટ લગ ઓઢણાં**
**પહેર્યા પાયલ પગમાં રુમઝુમ સાથ રે..**
**પડછાયા રાણા ! નાદ ઘૂઘરી તમે નવ સાંભળ્યા !**
**અમે છાની છાતીમાં આંસુ સારીયા**
**ભીતર જાણી- જોઈ અહિયા ખોલીયા**
**નથી નિવડ્યો તમ જેવો સંગાથ રે...**
**પડછાયા રાણા ! જો કે કાયાની સાથે તમે સંભવ્યા !**
**ધોઈ ધોઈ થાક્યા મારા હાથ રે**
**પડછાયા રાણા ! તોય તમે ઉજળા રે નવ થયા !**

કવિ સ્વયંના પડછાયાને ઘણી બધી રીતે અવલોકે છે, શરૂમાં કહે છે કે પડછાયો ક્યારેય ઉજળો નથી થવાનો ,

આગળ કહે છે કે પડછાયો ક્યારે આપણાથી અલગ નથી થવાનો અને છેલ્લે કહે છે તમારા જેવો સંગાથ નથી રહેવાનો !ખુબ જ સુંદર સ્વના પડછાયા નું ગીત,

બાહ્ય શબ્દોને જોયા બાદ હવે જે ઉપર નથી વર્ણવાયું એ વિશે આપણે શું વિચારી શકીએ એ આવો જોઈએ,

બોલે રે; બાંધ્યા'તા અમને બેલીએ

ભેદ ભરમો- કરમોનાં ક્યાંથી ખોલીએ મણમણના કાંઈ મોંએ તાળાં નાથ રે ..પડછાયા રાણા !

અમને તમથી જૂદાં કેમ જાણીયા ?

કોઈપણ વર્ણનો માનવી હોય તેનો પડછાયો કાળો જ હોય છે , એટલે કે પડછાયો સર્વવ્યાપી છે ભેદ વગરનો છે, પ્રકાશ ઓછો હોય કે વધારે પડછાયાને શું ફરક પડે છે ? પડછાયાની ક્યાં કોઈ ભાષા છે, જે આપણે આપણામાં જોઈ શકતા નથી .કારણ કે પડછાયો સંપૂર્ણ અને સનાતન રીતે અભિવ્યક્ત અને વિશ્વસનીય છે.ફિલોસોફિકલ પરિભાષામાં, પડછાયો માનસિક શબ્દ છે માનવીય વિચારો અથવા બૌદ્ધિક માન્યતાને પાર કરતા, જે કંઈ પણ કલ્પના કરવી અથવા કલ્પના કરવી, જે કંઈ પણ પ્રગટ થઈ રહ્યું છે તેના જેવું નહીં ,

સંપૂર્ણપણે સાપેક્ષતા સિવાય કંઈક કંઈક, સંપૂર્ણપણે અનંત, અમૂર્ત, અને બિનશરતી, સંપૂર્ણપણે યોગ્ય અને અવર્ણનીય,પડછાયો એ તમારા વ્યક્તિત્વનો એક ભાગ છે જેમાં તમારા પોતાના એવા બધા ભાગો શામેલ છે કે જેને તમે સ્વીકારી ન શકો. તે પ્રથમ અચેતન બાજુ છે.

આત્મ-જાગૃત બનવા માટે આપણે ફક્ત આપણી છાયા ઓળખીએ છીએ .ક્યાંથી રે આવ્યાં ને ક્યાંનાં બેસણાં પગની પાની; ઘૂંઘટ લગ ઓઢણાં પહેર્યા પાયલ પગમાં રુમઝુમ સાથ રે ..પડછાયા રાણા !નાદ ઘૂઘરી તમે નવ સાંભળ્યા !

કાર્લ યુંગે ( જર્મન ફિલોસોફર ) પડછાયાને વ્યક્તિત્વની અજ્ઞાત અંધકાર બાજુ હોવાનું જણાવ્યું હતું. , પડછાયો સ્વાભાવિક અને અતાર્કિક હોવાના કારણે, મનોવૈજ્ઞાનિક પ્રક્ષેપણમાં પરીણમે છે, જેમાં માનવામાં આવેલી વ્યક્તિગત નિપુણતા કોઈ અન્યમાં માનવામાં આવેલી નૈતિક ખામી તરીકે પણ ઓળખાય છે .

આમ જોવા જઈએ તો પડછાયો એ આપણા વ્યક્તિત્વની "ડાર્ક સાઈડ" છે કારણ કે તેમાં મુખ્યત્વે માનવ લાગણીઓ અને શક્તિ માટેના પ્રયત્નો શામેલ છે.

કોઈની છાયાને સ્વીકારતા પહેલા કોઈની છાયા અવલોકન કરવું વધુ સરળ છે.દરેક મનુષ્ય આ માટે સંવેદનશીલ છે. પડછાયાની સાથે કામ કરતો માનવી પડકારજનક પ્રક્રિયા કરે છે.તમારા પડછાયાને શોધવો વધુ અધિકૃતતા, સર્જનાત્મકતા, ઊર્જા અને વ્યક્તિગત જાગૃતિ તરફ દોરી શકે છે. પરિપક્વ પુખ્તતા સુધી પહોંચવા માટે આ આત્મનિરીક્ષણ પ્રક્રિયા આવશ્યક છે (જે મોટાભાગના વિચારો કરતાં વધુ દુર્લભ છે).ચાલો જોઈએ પડછાયો શું છે અને તે કેવી રીતે આવે છે ...



આપણા વિશેના આપણા સભાન વલણથી અસંગત કંઈ પણ આ ડાર્ક બાજુ તરફ વળે છે. વ્યક્તિગત પડછાયો એ પ્રતિબિંબિત સ્વ છે. આ પડછાયો સ્વયં આપણા ભાગોનું પ્રતિનિધિત્વ કરે છે , અમે છાની છાતીમાં આંસુ સારીયા ભીતર જાણી- જોઈ અહિયા ખોલીયાનથી નિવડ્યો તમ જેવો સંગાથ રે...પડછાયા રાણા !જો કે કાયાની સાથે તમે સંભવ્યા !

પણ આપણા પોતાના પડછાયાનો ભાવ હોવાનો દાવો કરતા નથી, જેમાં સહજ હકારાત્મક ગુણોનો સમાવેશ થાય છે. આપણા વ્યક્તિત્વના આ અજાણ્યા અથવા જાણીતા ભાગો ક્યાંય જતા નથી.

તેમ છતાં, આપણે પડછાયાને કાઢી મૂકવાના પ્રયાસમાં તેને નકારીએ છીએ, તેમ છતાં આપણે તેની પાસેથી છુટકારો મેળવી શકતા નથી. આપણે તેમને દબાવીએ છીએ; તે આપણી બેભાન અવસ્થાનો ભાગ છે. અસ્વસ્થતા વિશે વિચારો જે આપણે સભાન નથી.

આપણે પડછાયાને દૂર કરી શકતા નથી. તે આપણા અંધારાના ભાઈ અથવા બહેન તરીકે આપણી જ સાથે રહે છે. જ્યારે આપણને મુશ્કેલી ઊભી થાય છે ,ત્યારે પડછાયા જ આપણી ડાબી અથવા જમણી આગળ અથવા પાછળ હોય છે. તેથી સંપૂર્ણ પ્રકાશ પણ આપણી પાછળ તો ડાર્કનેસ છે - આપણા માટે.

સંપૂર્ણ પ્રકાશ અને સંપૂર્ણ ડાર્કનેસ એ વિનિમયક્ષમ શરતો છે, જેમ કે સંપૂર્ણ સભાનતા અને સંપૂર્ણ અસ્વસ્થતા છે.

ધીમે ધીમે, ધ્યાનપૂર્વક અને પ્રતિબિંબિત કરવા માટે પડછાયાનું અવલોકન વ્યાજબી છે, કેમ કે આ સત્યો અને ખ્યાલો ક્યારેય બુદ્ધિ અને તર્ક મન દ્વારા સમજી શકાય નહીં અથવા યોગ્ય રીતે સમજી શકાય નહીં , શુદ્ધ હોવા છતાં તેમાં સમાયેલ તર્ક ,આધ્યાત્મિક સમજણને આધ્યાત્મિક વિચારસરણીની જરૂર છે .

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

### એક સ્ટાર્ટઅપ કંપનીએ ગુજરાતમાં સફળ પ્રયોગ કરી બતાવ્યો

# ઠંડા વાતાવરણમાં ઉગતી કેસરની ખેતી હવે ગુજરાતમાં શક્ય - કેન્દ્રીય મંત્રી રૂપાલા

ગુજરાત | વંદન

કાશ્મીર જેવા ઠંડા અને બરફીલા વાતાવરણ થતા હવામાન વચ્ચે ઉગતી મોંઘા ભાવની કેસરની ખેતી હવે ગુજરાતમાં પણ શક્ય બની રહી છે. કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાના જણાવ્યા પ્રમાણે એક સ્ટાર્ટઅપ કંપની દ્વારા ગુજરાતમાં કેસરની સફળ ખેતી પુરવાર કરવામાં આવી છે. જેના પગલે અન્ય ખેડૂતો પણ યોગ્ય માર્ગદર્શન હેઠળ કેસરની ખેતી કરી શકે છે.

અમદાવાદના સાયન્સ સિટી ખાતે આંતરરાષ્ટ્રિય ફિશરીસ કોન્ક્લેવના ઉદ્ઘાટનના એક દિવસ બાદ જ કેન્દ્રીય મંત્રીએ ગાંધીનગર ખાતે યુનિવર્સિટી કેમ્પસની મુલાકાત લઈને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી હતી. સ્વર્ણિમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ રિષભ જૈન અને વાઈસ પ્રેસિડેન્ટ આદિ જૈને પરષોત્તમ રૂપાલાનું અભિવાદન કર્યું હતું.



રૂપાલા અહીં કેસરની ખેતીને પ્રોત્સાહન આપતા સ્ટાર્ટઅપથી પ્રભાવિત થયા હતા. સામાન્ય રીતે ઠંડા વાતાવરણમાં જ ઉગે છે અને સામાન્ય રીતે ભારતમાં તે કશ્મીરમાં જ થાય છે, તેની ખેતી અહીં કરવામાં આવી છે. આ સ્ટાર્ટઅપ - એરોપોનિક્સ સેફરોન ફાર્મિંગની સ્થાપના ડિસેમ્બર 2021માં સાહિલ નિનામા અને મયંક ડાભી દ્વારા કરવામાં આવી હતી. તેને આ વર્ષની શરૂઆતમાં જ સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન યુનિવર્સિટી ખાતે વિકસાવવામાં આવ્યું હતું.

યુનિવર્સિટી ખાતે તેમના સંબોધન દરમિયાન રૂપાલાએ સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા કેસરની ખેતીના પ્રોજેક્ટને વખાણ્યો હતો અને તેમની પ્રસંશા કરી તથા વ્યક્તિગત રીતે અભ્યાસ પણ કર્યો અને સમજ્યું કે, આ પ્રયોગશાળામાં કઈ રીતે ખેતી થઈ રહી છે. મેં વ્યક્તિગતરીતે કાશ્મીરની મુલાકાત લીધી હતી અને અને મને કેસરની ખેતીની પ્રક્રિયા અને તેમાં લાગતી મજૂરી વિશે ખ્યાલ છે. તેમ છતાં, મેં ક્યારેય એવું ન હતું વિચાર્યું કે તેની ખેતી ગુજરાતમાં થઈ શકશે. પરંતું સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ અને ઈનોવેશન યુનીવર્સીટીના વિદ્યાર્થીઓ જેમણે કેસરને અહિંયા ઉગાડવામાં સફળતા મેળવી છે તે જોઈને હું ગર્વ અને ભાગ્યશાળી અનુભવું છું. હું હૃદયથી શિક્ષક રહ્યો છું અને આ ચમત્કાર જોવું એ મારા માટે એક અનેરો આનંદ છે.

# અમદાવાદમાં ફરીથી ગેરકાયદેસર કોલ સેન્ટર પકડાયું, બેની ધરપકડ

### શહેરમાં કોલ સેન્ટર્સમાં સીબીઆઇના દરોડા બાદ પીસીબીની કાર્યવાહી

ગુજરાત | વંદન

અમદાવાદમાં ફરીથી ગેરકાયદેસર કોલ સેન્ટર પકડાયું છે. પોલીસ કસ્ટડીમાં રહેલા આ બંને આરોપીઓના નામ છે પ્રશાંત શર્મા અને ઉજ્વલ ઉર્ફે સ્ટીવ શાહ જે અમદાવાદના રહેવાસી છે. પકડાયેલા બંને શખ્સો અમેરિકન નાગરિકોને છેતરીને પૈસા પડાવવાનું કામ કરતા હતા. થલતેજ વિસ્તારમાં આવેલું હેબતપુર સોલા રોડ પરની કલે વોલ્સ બિલ્ડીંગના ચોથા માળે આવેલી ઓફિસ નંબર ૪૦૬ આદિ ઈન્ફો. સર્વીસ નામની ઓફિસ રાખી આ ઘેર કાયદેસર રીતે કોલ સેન્ટર ચલાવવામાં આવતું હતું જે અંગે પીસીબીની ટીમને ચોક્કસ માહિતી મળતા રેડ કરવામાં આવી હતી.



આ રેડ દરમિયાન ત્યાં કોમ્પ્યુટર ઉપર કેટલાક વ્યક્તિઓ અંગ્રેજી ભાષામાં વાતચીત કરી અમેરિકન નાગરિકોને છેતરવાનું કામ કરતા હોવાનું જાણવા મળતા પીસીબીની ટીમે કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. મળતી માહિતી અનુસાર પકડાયેલા આરોપીઓ છેલ્લા ત્રણેક માસથી 11 કાયદેસર કોલ સેન્ટર પોતાના અંગત ફાયદો મેળવવા સારુ ચલાવતા હતા અને અગાઉ પણ કોલ સેન્ટરમાં નોકરી કરી ચૂક્યા હોવાનો અંદાજ છે.

પીસીબીએ તપાસ દરમ્યાનમાં ગેરકાયદેસર કોલ સેન્ટર ચલાવતા કોમ્પુટર સિસ્ટમ તેમજ અન્ય મુદામાલ મળી કુલ રુપિયા 3.90 લાખથી વધુનો મુદામાલ કબ્જે કર્યો. બોડકદેવ પોલીસ સ્ટેશનમાં આરોપીઓને સોંપી IPC 406,420 અને 120(B) અને IT એકટ 66(D) ,84(C) મુજબ ગુનો મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
આર્થિક પ્રવૃત્તિઓનું આયોજન કરવા માટે સમય અનુકૂળ છે. જો તમે આ સમયે અંગત નિર્ણયો લેવાના છો તો મોડું ન કરો, પરિવાર સંબંધિત કોઈપણ જવાબદારીઓને નિભાવવામાં પણ તમારું વિશેષ યોગદાન રહેશે. કેટલાક લોકો તમારી ઉદારતાનો ખોટો ફાયદો ઉઠાવી શકે છે.

**વૃષભ** (બ.વ.ઉ)
વૃષભમાં ગ્રહોની સ્થિતિ ઉત્તમ રહે. આ સપ્તાહે ઘણા મુદ્દાઓ વાતચીત દ્વારા ઉકેલાશે. જો પૈતૃક સંપત્તિ સંબંધિત કોઈ કામ પેન્ડિંગ હોય તો તેને ઉકેલવા માટે આજનો સમય યોગ્ય છે. નકામી પ્રવૃત્તિઓ અને આરોપ-પ્રત્યારોપથી દૂર રહો. વધુ પડતા આત્મવિશ્વાસ અને સ્વાર્થને અટકાવો.

**મિથુન** (ક.છ.ઘ)
ધાર્મિક અને આધ્યાત્મિક વૃત્તિ ધરાવતા લોકો સાથે થોડો સમય પસાર કરવાથી તમને માનસિક શાંતિ મળશે. સંબંધોમાં મધુરતા લાવવા માટે નાની-નાની નેગેટિવ વાતોને નજરઅંદાજ કરવી અને પરસ્પર વાતચીત દ્વારા મનદુઃખ દૂર કરવું જરૂરી છે. કોઈપણ પ્રકારનું જોખમ ન લેવું.

**કર્ક** (ડ.હ)
જીવન પ્રત્યે તમારો સકારાત્મક વલણ તમને દરેક પરિસ્થિતિમાં ખુશ કેવી રીતે રહેવું તે જણાવશે. તમારી જીવનશૈલી અને બોલવાની રીત લોકોને તમારા તરફ આકર્ષિત રાખશે. કોઈપણ પ્રકારની ભાગીદારી કે લેવડદેવડના મામલામાં ઉતાવળ ન કરવી.

**સિંહ** (મ.ટ)
આ અઠવાડિયે તમને પેન્ડિંગ પેમેન્ટ મળી શકે છે અથવા આવકના અટકેલા સ્ત્રોત પણ ફરી શરૂ થઈ શકે છે. કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિને મદદ કરવાથી તમને અપાર ખુશી મળશે. તમારા નમ્ર સ્વભાવના કારણે ઘરમાં અને સમાજમાં તમારી પ્રશંસા થશે. મહેનતથી ઈચ્છિત પરિણામ ન મળે.

**કન્યા** (પ.ઠ.ણ)
છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહેલી વ્યસ્તતા ઓછી થશે. તમારા માટે પણ થોડો સમય કાઢો. આત્મનિરીક્ષણ કરવાથી તમને ઘણી સમસ્યાઓનો ઉકેલ મળશે અને માનસિક શાંતિ પણ મળશે. તમારા મહત્વપૂર્ણ કાર્યોને પ્રાથમિકતા પર રાખો. ગ્રહોની સ્થિતિ પણ સારો સંદેશ આપી રહી છે.

**તુલા** (ર.ત)
તુલા રાશિના લોકો જે પણ કામમાં રસ લેશે, તેમને તેમાં સફળતા મળશે. પરિવારના કોઈ અપરિણીત સભ્ય સાથે સંબંધની વાત થઈ શકે છે. મિલકતના ખરીદ-વેચાણ અથવા સ્થળાંતર સંબંધિત કામ માટે યોજનાઓ બનાવવામાં આવશે. તમારે કેટલાક નજીકના સંબંધોને બગડતા જણાય.

**વૃશ્ચિક** (ન.ય)
રોકાણ માટે સમય ઘણો અનુકૂળ છે. તેમજ ગૃહ પરિવર્તનને લગતા વિષયો પર મહત્વની ચર્ચા થશે. મનોરંજન સંબંધિત કાર્યોમાં પણ સમય પસાર થશે. પરિવારના કોઈ સભ્યની કોઈ સમસ્યા પણ તમારા માર્ગદર્શન હેઠળ ઉકેલી શકાય છે. મહત્ત્વના કામો આ સપ્તાહે પૂરા થવાના યોગ જણાય છે.

**ધન** (ભ.ધ.ફ)
વિરોધી તત્વો નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરશે પરંતુ સફળ થશે નહીં, તેથી નિશ્ચિંત રહો. પેન્ડિંગ કામ પૂર્ણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરો. યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાથી મુશ્કેલીઓથી બચી શકશો. ઘરમાં અચાનક કોઈ સંબંધીના આવવાથી દિનચર્યા થોડી પરેશાન થઈ જશે.

**મકર** (ખ.જ)
વ્યવસ્થિત કાર્ય વ્યવસ્થા રાખવાથી તમારું કામ સરળ બનશે. તમને કેટલાક પ્રભાવશાળી અને અનુભવી લોકોને મળવાની અને ઘણા મહત્વપૂર્ણ વિષયો પર જાણકારી મેળવવાની તક મળશે. મનમાં શાંતિ રહેશે. અચાનક મોટો ખર્ચ થશે. તમારા બજેટનું ધ્યાન રાખો.

**કુંભ** (ગ.સ.શ.ષ)
લાભદાયક સ્થિતિ જળવાઈ રહે. સખત મહેનતનું યોગ્ય પરિણામ મેળવવા માટે કર્મ લક્ષી બનવું પડશે. તમારી ઊર્જા અને ક્ષમતાને ઓળખો અને તેનો ઉપયોગ કરો. એ વાતનું ધ્યાન રાખો કે લાગણીના કારણે તમે ઉતાવળમાં ખોટો નિર્ણય લેશો, આ સમયે સાથી કર્મચારીઓ ષડયંત્ર રચી શકે છે.

**મીન** (દ.ચ.ઝ)
તમારા અટવાયેલા અંગત કાર્યો પૂરા કરવા માટે આ યોગ્ય સમય છે. પરિવાર સંબંધિત કાર્યોમાં પણ તમારા યોગદાનથી સંતોષ રહેશે. યુવાનોમાં તેમના સંકલ્પ સાથે સૌથી મુશ્કેલ કાર્યોને પણ પૂર્ણ કરવાની ક્ષમતા હશે. સમય અનુસાર સક્રિય રહેવું જરૂરી છે. આળસના કારણે બીજા પર કામ થોપવાનો પ્રયાસ ન કરો. મહત્વપૂર્ણ કામ જાતે પૂર્ણ કરવું વધુ સારું રહેશે. વેપારમાં ચાલી રહેલા પડકારોમાંથી રાહત મળે.

# ફલાવર શો : વાઈબ્રન્ટની સાથે ફૂલોની મહેંક પણ માણી શકાશે

### કોર્પોરેશન અંદાજિત 5 કરોડથી વધુ રકમનો ખર્ચ થશે

ગુજરાત | વંદન

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ સમયે અમદાવાદમાં જાન્યુઆરી-૨૦૨૪ના પહેલા સપ્તાહમાં ઈન્ટરનેશનલ લેવલનો ફલાવર શો આયોજીત કરવા સ્ટેન્ડિંગ કમિટિમાં તાકીદની દરખાસ્ત મંજુર કરાઈ હતી. ફલાવર શો દરમિયાન સોમવારથી શુક્રવાર સુધીના સમયમાં ફલાવ શો નીહાળવા માટે બાર વર્ષથી ઉપરના લોકો માટે ૫૦ રુપિયા ટિકીટ ફી લેવામાં આવશે.

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે એલિસબ્રિજથી



સરદારબ્રિજની વચ્ચે વર્ષ-૨૦૧૩થી ફલાવર શોનું મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજન કરવામાં આવે છે. માર્ચ-૨૦૨૦થી શરુ થયેલા કોરોના મહામારીના સમયમાં એક વર્ષ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફલાવરશો મોકૂફ રાખવામાં આવ્યો હતો. આગામી વર્ષે જાન્યુઆરી-૨૦૨૪માં ઈન્ટરનેશનલ લેવલનો ફલાવર શો આયોજીત કરવા સ્ટેન્ડિંગ કમિટિએ મંજુરી આપી છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનના કહેવા મુજબ, વાઈબ્રન્ટ સમિટ સમયે દેશ-વિદેશમાંથી આવનારા ડેલીગેટસ ફલાવરશો માણી શકે એ માટે ૮૦૦થી વધુ વિવિધ પ્રકારના પ્લાન્ટ, નર્સરી સાથ સ્કલ્પચર તથા ફુડકોર્ટનું પણ આયોજન કરવામાં આવશેઅમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ફલાવરશો આયોજિત કરવા મ્યુનિ.તંત્ર તરફથી વર્ષ-૨૦૨૩માં કુલ મળીને રુપિયા ત્રણ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

# અમદાવાદમાં કોલ સેન્ટરો CBIની રડારમાં: 157 કરોડની છેતરપિંડી

ગુજરાત | વંદન

અમદાવાદમાં ગેરકાયદે ચલાવતા કોલ સેન્ટરો પર સી બી આઈએ તવાઈ બેલોવી છે. અમદાવાદ ખાતેથી કોલ સેન્ટરો ચલાવી વિદેશના નાગરિકોને ટાર્ગેટ કરતા છેતરપિંડીકારો પર CBIએ કાર્યવાહી કરી છે. અત્રે જણાવીએ કે, CBIએ કોલ સેન્ટર કંપનીના 13 સંચાલકો સામે ફરિયાદ નોંધી છે.

અમદાવાદમાં કોલ સેન્ટને લઈ CBI એક્શન મોડમાં જોવા મળી રહી છે. CBIએ કોલ સેન્ટર કંપનીના 13 સંચાલકો સામે ફરિયાદ નોંધી છે. IP એડ્રેસ અને ટેકનીકલ સર્વલન્સના આધારે તપાસ માટે વિશેષ ટીમ પણ બનાવાઈ છે. કોલ સેન્ટર ચલાવીને અમેરિકાના નાગરિકોને ટેક્ષ ભરવાના નામે રૂપિયા 157 કરોડની છેતરપિંડી આચરી છે. જે કોલ સેન્ટર કંપનીના 13 જેટલા સંચાલકો સામે સીબીઆઈએ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વિગતો મુજબ અમદાવાદના નવરંગપુરા દિનેશ હોલ પાસે આવેલા શ્રેયસ કોમ્પ્લેક્ષ 3માં આવેલી સંપર્ક સોફ્ટેક પ્રા.લિના ગૌરવ ગુપ્તા, પ્રવિણ અન અન્ય લોકો દ્વારા અમેરિકામાં વીઓઆઈપીની મદદ કોલ કરીને ઓનલાઈન લાખો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે. ધમકાવી ડરાવીને આ કામ કરવામાં આવતું હોવાનું પણ જાણવા મળ્યુ છે.

# કાંકરિયા ખાતે આવેલા રેલ્વે કાર્ગો ટર્મિનલને 80 કરોડના ખર્ચે વિકસાવાશે

ગુજરાત | વંદન

કાંકરિયા ખાતે આવેલા કાર્ગો ટર્મિનલને 80 કરોડના ખર્ચે વિકસાવાશે. પાંચ મહિનામાં કામગીરી કરાશે. હાલ કાંકરિયા યાર્ડમાં કોલસો, ખાતર, મીઠું, લોખંડ અને સ્ટીલ, ખાદ્ય તેલ, મિનરલ્સ, દૂધ અને દૂધમાંથી બનેલી વાનગીઓ, ઓટોમોબાઈલ, કેમિકલ, એફએમસીજી અને કૃષિ સંબંધિત વસ્તુઓના કન્ટેનરો આવે છે. રેલવે યાર્ડમાં હાલ કવર કરેલા 66 શેડ છે. યાર્ડને રિડેવલપ કરી આંતરરાષ્ટ્રીય કક્ષાનું બનાવ્યા પછી આ સંખ્યા વધીને 168 વેગનની થઈ જશે. અત્યારે કાંકરિયા રેલવે યાર્ડમાં રેકનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ઉપરાંત કવર્ડ શેડ સીમિત માત્રામાં છે. સ્ટોરેજ માટે પૂરતી જગ્યા ન હોવા ઉપરાંત રેક 3 ભાગમાં વહેંચાયેલા છે. યાર્ડમાં ફ્લોરિંગ જેવું કંઈ છે જ નહીં અને દિવસ દરમિયાન શેડમાં ભારે વાહનો પ્રવેશી શકતાં નથી. રિડેવલપમેન્ટ પછી આ તમામ પ્રકારની અસુવિધાઓ દૂર થઈ જશે. નવા બનનારા કાર્ગો ટર્મિનલમાં સીજીએસ રેકોર્ડ રૂમ, ટ્રેડર રૂમ, આરપીએફની પોસ્ટ, કેફેટેરિયા, કોન્ફરન્સ રૂમ તેમજ ગ્રાહકો માટે કોમર્શિયલ ઉપયોગના રૂમ બનાવવામાં આવશે.

### પોલીસે આરોપીની ધરપકડ કરી 50 લાખ વેપારીને પરત સોંપ્યા

# વેપારીનું સીમ બંધ કરાવી ફરી ચાલુ કરાવડાવ્યું, 80 લાખ છૂમંતર

ગુજરાત | વંદન

વૈષ્ણોદેવી સર્કલ પાસે રહેતા વેપારીનો કંપનીનો રજિસ્ટર્ડ મોબાઈલ ફોન નંબરને બંધ કરાવી સીમકાર્ડ સ્વેપ કરી એકાઉન્ટમાંથી 79.70 લાખ ઉપાડી ઠગાઈ કરનાર આરોપીને સાઈબર ક્રાઈમની ટીમે પુણેથી ઝડપી પાડ્યો છે.

વૈષ્ણોદેવી સર્કલ નજીક રહેતા કલ્પેશ શાહ હિંમતનગર પાસે વિટ્રાગ ફોમ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની ધરાવે છે. તેમની કંપનીના બેંક એકાઉન્ટનો રજિસ્ટર્ડ ફોન નંબર અચાનક બંધ થઈ ગયો હતો. ત્યાર બાદ વોડાફોન કંપનીમાં જાણ કરતા એક યુવકે સીમ કાર્ડ ટેમ્પરરી બંધ કરાવ્યું હોવાનું જણાવ્યું હતું. આથી કલ્પેશભાઈએ સીમ કાર્ડ ચાલુ કરાવ્યું ત્યારે મેસેજ આવ્યો હતો કે તેમના એકાઉન્ટમાંથી રૂ.38 લાખ ટ્રાન્સફર થઈ ગયા છે. બાદમાં રૂ.41.70 લાખ પણ ટ્રાન્સફર થઈ ગયા હતા, જેથી કોઈ અજાણ્યા શખ્સે સીમ સ્વેપ કરી એકાઉન્ટમાંથી રૂ.79.70 લાખ ટ્રાન્સફર કરાવી ઠગાઈ આચરી હોવાની જાણ કલ્પેશભાઈને થતા તેમણે સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ મામલે પોલીસે ટેકનિકલ એનાલિસીસ કરીને મૂળ ઝારખંડના અને હાલ મહારાષ્ટ્રના પુણેમાં રહેતા ગૌતમ મુખરજીને ઝડપી પાડ્યો હતો. સાઈબર ક્રાઈમ કરનાર આરોપી ગૌતમ મુખરજી 24 વર્ષનો જ છે અને પુણેની એક કંપનીમાં ફ્લોર એક્ઝિક્યુટિવ છે. આ કેસમાં પોલીસે આરોપીની ધરપકડ કરી 50 લાખ ફ્રીઝ કરાવી કલ્પેશભાઈને પરત સોંપ્યા છે.

### સ્ટેડિયમમાંથી થયેલી ચોરીની એકપણ ઘટનામાં કોઈ પકડાયું નથી

# મોદી સ્ટેડિયમમાં આ વર્ષે 15 મેચમાં 700 મોબાઈલ-પાકિટ ચોરાયાં

ગુજરાત | વંદન

શહેરમાંથી દર વર્ષે 1000 જેટલા વાહનો તેમજ 800 જેટલા મોબાઈલ ફોન, પાકીટ તેમજ થતી અન્ય ચોરીમાં ચાલુ વર્ષે વધારો થયો છે. છેલ્લાં 10 મહિનામાં 1400 વાહન ચોરાયા છે જ્યારે મોબાઈલ - પાકીટ ચોરીની 1900 ઘટના બની છે. પોલીસનું કહેવું છે કે, નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આઈપીએલ, વર્લ્ડ કપ તેમજ ટેસ્ટ સિરીઝ મળીને 15 મેચ રમાઈ હતી. આ મેચો દરમિયાન સ્ટેડિયમની અંદરની અને બહારથી 500થી 700 મોબાઈલ ચોરાયા હતા. ફાઈનલ મેચના દિવસે પણ 50 મોબાઈલ-પાકિટ ચોરાયા હતા. સ્ટેડિયમમાંથી ચોરીની એકપણ ઘટનામાં કોઈ પકડાયું નથી.

અમદાવાદમાંથી દર વર્ષે સરેરાશ 1000 થી 1200 વાહન તેમજ મોબાઈલ- પાકીટ ચોરી તેમજ ગાડીના કાચ તોડીને ચોરી કરવાની 700 થી 800 ઘટના બને છે. 2022માં વાહન ચોરીની 1200 અને અન્ય ચોરીની 800 ફરિયાદ થઈ હતી. જ્યારે 2023 ના વર્ષમાં 10 જ મહિનામાં આ આંકડો વધીને વાહન ચોરીની ઘટના 1400 જ્યારે મોબાઈલ ચોરી, પાકીટ ચોરી તેમજ અન્ય ચોરીની 1900 ઘટના બની છે.



પોલીસ અધિકારીઓનું કહેવુ છે કે ચાલુ વર્ષે મોદી સ્ટેડિયમમાં ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે 5 દિવસની ટેસ્ટ મેચની સિરીઝ રમાઈ હતી. ત્યારબાદ આઈપીએલની 9 મેચ અને વર્લ્ડ કપની 5 મેચ રમાઈ હતી. વાહન, મોબાઈલ, પાકીટ તેમજ અન્ય ચોરીની ઘટના લગભગ 2 ગણી વધી ગઈ છે.

મોબાઈલ ચોરી અને વાહન ચોરીની ઘટનામાં હવે કોઈ પણ વ્યકિત ઘરે બેઠા બેઠા મોબાઈલ ફોનથી ઓન લાઈન ફરિયાદ નોંધાવી શકે છે. સરકારે ચાલુ વર્ષે જ આ એપ્લિકેશન લોન્ચ કરી છે. જેથી પહેલા પોલીસ સ્ટેશનના ધક્કા ખાવા પડતા હોવાથી લોકો ફરિયાદ કરવાનું ટાળતા હતા. જ્યારે હવે ઘરે બેઠા બેઠા ઓન લાઈન ફરિયાદ કરાતી હોવાથી પણ લોકો વધારે સંખ્યામાં ચોરીની ફરિયાદો દાખલ કરી રહ્યા હોવાનું પોલીસનું કહેવું છે. તાજેતરમાં મોદી સ્ટેડિયમમાંથી અભિનેત્રી ઉર્વશી રૌતેલા અને દિલ્હીના ઈન્કમટેક્સ ઓફિસરના મોબાઈલ ફોન પણ ચોરાયા હતા. જો કે અત્યારસુધી જેટલા પણ ફોન ચોરાયા તેમાંથી એક પણમાં પોલીસ આરોપીને પકડી શકી નથી. અમદાવાદમાંથી જે પણ ટુ વ્હીલરની ચોરી કરવામાં આવે છે તે ટુ વ્હીલર આરસી બુક કે અન્ય કોઈ પણ કાગળ વગર રાજસ્થાનના ગામડામાં વેચી દેવામાં આવે છે. જો કે ભૂતકાળમાં પોલીસ રાજસ્થાનના ગામડાઓમાંથી સંખ્યાબંધ ચોરીના વાહનો પકડી લાવી છે. તેમ છતાં હજુ પણ વાહન ચોરીના ગુના ચાલુ છે અને રાજસ્થાનના ગામડાઓમાં ચોરીના વાહનો ખરીદવાનું રેકેટ ચાલે છે.

## શબ્દોની સંતાકૂકડી 88

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | ■ | 3 | | 4 |
| 5 | | ■ | 6 | | ■ | |
| | ■ | 7 | | | 8 | ■ |
| 9 | | ■ | | ■ | 10 | |
| | ■ | 11 | ■ | 12 | | ■ |
| ■ | 13 | ■ | 14 | | ■ | 15 |
| 16 | | | ■ | 17 | | |

**ઊભી ચાવી**

(1) ઘોંઘાટ, કોલાહલ [5]
(2) બંદૂક, પિસ્તોલ (અંગ્રેજીમાં) [2]
(3) ખજાનચી, ભંડારનો અધિકારી [3]
(4) નકામું, કાઢી નાખેલું [2]
(6) અગ્નિ, દેવતા, પ્રકાશ [3]
(8) ભારતીય વર્ણવ્યવસ્થામાં પ્રજાનું રક્ષણ કરવાની સેવા આપનારો બીજો વર્ણ [3]
(12) હોજરી, પેટ [3]
(13) સર્પ, ઉંદર વગેરે પ્રાણીઓનું જમીનમાં ખોતરી કરેલું રહેઠાણ [2]
(15) સો વર્ષનો સમય [2]

**આડી ચાવી**

(1) શોગટાબાજીનું મહોરું [3]
(3) ભાંગીતૂટી ગયેલી વસ્તુઓનો એકઠો કરેલો નકામો સામાન [3]
(5) દોડવું તે, દોટ (અંગ્રેજીમાં) [2]
(6) કહેવત છે કે આંખ ........ કાન કરવા [2]
(7) આકાશ, ગગનમંડળ [4]
(9) ચામડીનો એક રોગ જેમાં ચામડી ઉપર કાળાં કે ધોળાં ડાઘા પડી જાય છે [2]
(10) ગણિતશાસ્ત્રમાં વર્તુળના મધ્યબિંદુથી પરિઘ સુધીની રેખા; રેડિયસ [2]
(11) ભગવાનની પૂજા-અર્ચના માટેના દીવાની દીવેટ ........માંથી બનાવવામાં આવે છે [1]
(12) જીત, ફતેહ [2]
(14) એક કઠોળ [2]
(16) પરીક્ષા, પરખવું તે [3]
(17) મેથીની જાતનું એક ઘાસ જે ઢોર ખાય છે, ગદભ [3]

શબ્દોની સંતાકૂકડી-88 નો ઉકેલ આવતા અંકે

શબ્દોની સંતાકૂકડી-87નો ઉકેલ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 આ | કા | 2 ર | ■ | 3 ટા | ■ | 4 બૂ |
| ક | ■ | 5 હે | 6 મ | પુ | 7 ષ્પ | ■ |
| 8 મ | ખ | મ | લ | ■ | 9 પુ | 10 લ |
| ણ | ■ | 11 ભા | મ | 12 ટો | ■ | જા |
| ■ | 13 જ | વ | ■ | 14 ચ | 15 લ | મ |
| 16 મો | લ | ■ | 17 ચા | ■ | 18 વા | ણી |
| ■ | 19 દ | ખ | લ | ગી | રી | ■ |

## સુડોકુ કોયડો નં. 89

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | 6 | | 1 | 3 | | | 8 |
| | 5 | 7 | | | | | 9 | |
| | 3 | | | | | | 1 | |
| | 6 | | 8 | | | 9 | 2 | |
| | | 3 | | | 9 | 1 | | |
| | 4 | 9 | | | 6 | | 3 | |
| | 9 | | | | | | 8 | |
| | 1 | | | | | 6 | 7 | |
| 4 | | | 9 | 6 | | 3 | | 1 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-89નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 7 | 6 | 5 | 1 | 3 | 2 | 4 | 8 |
| 1 | 5 | 8 | 6 | 4 | 2 | 7 | 9 | 3 |
| 2 | 3 | 4 | 7 | 9 | 8 | 5 | 1 | 6 |
| 7 | 6 | 1 | 8 | 3 | 5 | 9 | 2 | 4 |
| 8 | 2 | 3 | 4 | 7 | 9 | 1 | 6 | 5 |
| 5 | 4 | 9 | 1 | 2 | 6 | 8 | 3 | 7 |
| 6 | 9 | 7 | 3 | 5 | 1 | 4 | 8 | 2 |
| 3 | 1 | 5 | 2 | 8 | 4 | 6 | 7 | 9 |
| 4 | 8 | 2 | 9 | 6 | 7 | 3 | 5 | 1 |

# રસપ્રદ કિસ્સો : રેપ પીડિતાના નવજાત શિશુ સાથે આરોપીનો DNA મેચ ના થયો...!

## હાઈકોર્ટે તથ્યો અને રજૂઆતના પગલે આરોપીને આપ્યા કાયમી જામીન, પાલનપુર જિલ્લા કોર્ટે જામીન આપવાનો કર્યો હતો ઇનકાર

ગુજરાત | વંદન

સામાન્ય રીતે દુષ્કર્મ કેસમાં જામીન આપવામાં ખૂબ જ સાવધાની લેવાતી હોય છે, કેમકે, આરોપીઓ બહાનું આગળ ધરીને જામીન પર છૂટવા કાયદાકીય છટકબારીનો લાભ શોધતા હોય છે. એખ વિચિત્ર અને રસપદ કેસમાં દુષ્કર્મના આરોપીને કાયમી એ કારણે કાયમી જામીન મળ્યા કે, જે સગીરા પર દુષ્કર્મ અને બાળકના જન્મનો આરોપ મૂકાયો હતો. તે બાળકનું ડીએનએ આરોપીના ડીએનએ સાથે બંધબેસતું નથી, અર્થાત એવો ગુઢાર્થ થાય કે, આરોપી એ બાળકનો પિતા નથી. આ કારણોસર હાઈકોર્ટ દ્વારા આરોપીને જામીન મળી ગયા છે. કાયદાકીય નિષ્ણાતો આ કિસ્સાને ખૂબ જ રસપ્રદ માની રહ્યા છે. અને તેના પગલે કેટલાક સવાલો પણ થઈ રહ્યા છે.

બનાસકાંઠાના પાલનપુર ઈસ્ટ પોલીસ સ્ટેશનમાં રેપ અને પોક્સોના કાયદા હેઠળ નોંધાયેલી ફરિયાદના આરોપીને હાઈકોર્ટે કાયમી જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો છે. આ મામલો એ રીતે રસપ્રદ બની જાય છે કે આરોપી ઉપર રેપ સહિતના આક્ષેપો કરવામાં આવ્યા હતા અને દરમિયાન પીડિત સગીરાએ બાળકને જન્મ આપ્યો હતો. તેથી આરોપી અને નવજાત શિશુના DNA મેચ કરાવવામાં આવ્યા



હતા, પરંતુ બંનેના DNA મેચ નહોતા થયા. હાઈકોર્ટે ઉક્ત રજૂઆતને ધ્યાનમાં લઇ તેને આદેશમાં રેકોર્ડ કરી હતી અને આરોપીને રૂ. ૧૦ હજારના પર્સનલ બોન્ડ પર જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો હતો. નોંધનીય છે કે, આરોપીને પાલનપુર જિલ્લા કોર્ટે



જામીન આપવાનો ઈનકાર કર્યો હતો અને તેથી તેણે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા.

આ કેસમાં અરજદાર તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે, તે નિર્દોષ છે અને ગુનામાં તેની કોઈ પણ પ્રકારે સંડોવણી નથી. તેણે સગીરાને લોભલાલચ આપીને ફોસલાવી નહોતી અને તેની સાથે કોઈ પણ પ્રકારના શારીરિક સબંધો પણ બાંધ્યા નથી. તેને ખોટી રીતે આ મામલે સંડોવી દેવામાં આવ્યો છે. આ કેસની તપાસ પણ પૂર્ણ થઇ ગઇ છે અને ચાર્જશીટ પણ ફાઈલ થઈ ગઈ છે. તેથી પુરાવા સાથે ચેડાં કે સાક્ષીઓ ઉપર દબાણનો કોઈ સવાલ જ પેદા થતો નથી.

વધુમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે, 'અરજદારને માત્રને માત્ર પીડિતાના નિવેદનના આધારે આરોપી બનાવી દેવાયો છે. આરોપીએ સગીરા સાથે રેપ કે અન્ય કોઈ શારીરિક સબંધ બાંધ્યો જ નથી અને તેથી જ બાળક અને આરોપીના DNA પણ મેચ થયા નથી. જે સ્પષ્ટ કરે છે કે આરોપી સામેના આક્ષેપો પાયાવિહોણા છે અને તેને ખોટી રીતે આ કેસમાં ફસાવવામાં આવી રહ્યો છે. અરજદાર તેના કુટુંબમાં એકમાત્ર કમાનારી વ્યક્તિ છે અને તેને જામીન ન આપવામાં આવે તો આખાય કુટુંબને ભોગવવાનો વારો આવે એમ છે. અરજદારને શરતોને આધિન જામીન આપવામાં આવશે, એ તેને બંધનકર્તા રહેશે.'

હાઈકોર્ટે ઉક્ત રજૂઆતોને ધ્યાનમાં લેતાં અને કેસના તથ્યોના આધારે અરજદારને જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો છે. સાથે જ ટ્રાયલ કોર્ટને હાઈકોર્ટના આદેશોથી પ્રભાવિત થયા વિના કાર્યવાહી કરવાનું આદેશમાં નોંધ્યું છે.

# રાજકોટમાં 24 કલાકમાં 2 વૃદ્ધ સહિત ચાર લોકોને હાર્ટ એટેક

## ગુજરાતીઓ, ખાવા-પીવામાં રાખો ધ્યાન!

ગુજરાત | વંદન

રાજકોટમાં હાર્ટ એટેકથી મોતનો સિલસિલો અટકવાનું નામ લેતો નથી. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં વધુ 4 લોકોનાં હાર્ટ એટેકે ભોગ લેતા પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી હાર્ટ એટેકથી થતા મોતની ઘટનાઓ વધુ પ્રકાશમાં આવી રહી છે ત્યારે રાજકોટમાં વધુ બે પ્રૌઢના હાર્ટ એટેકથી મોત થતા છેલ્લા 24 કલાકમાં ચાર લોકોએ હાર્ટ એટેકથી જીવ ગુમાવ્યો છે જેમાં ભારતીનગરમાં રહેતા રામજીભાઈ સોલંકી (ઉ.વ.46) અચાનક જ બાથરુમમાં ઉલ્ટી કરવા ગયા હતા તે દરમિયાન ઢળી પડતા તેમને તાત્કાલિક ધોરણે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પર હાજર ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા. અન્ય એક કિસ્સામાં પાળ રહેતા અને વાડીમાં ખેત મજૂરી કરતા કેશુભાઈ સુરતાનભાઈ મોહનિયા (ઉ.વ.51) ગઈકાલે વાડીમાં ખેત મજૂરી કરવા ગયા હતા અને રાત્રે 9 વાગ્યાની આસપાસ વાડીમાંથી બેભાન હાલતમાં મળી આવ્યા હતા જેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તબીબે મૃત જાહેર કર્યા હતા.આ પહેલા શહેરના અટીકામાં 80 ફૂટ રોડ પર ગોપવંદના સોસાયટીમાં રહેતા પ્રવિણ બેચરભાઈ લીંબાસીયા (ઉ.વ. ૫૩) ગઈકાલે સવારે ઘરે હતા ત્યારે એકાએક ઢળી પડતા સિવિલમાં ખસેડાયા હતા, જ્યાં તેનું મૃત્યુ નિપજ્યું હતું. બનાવની જાણ થતાં ભકિતનગર પોલીસે હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી જ્યાં હાર્ટ એટેકથી મોત થયાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યું

# રાજકોટમાં ૧૦૦ લોકોએ કરી ધર્મ પરિવર્તનની અરજી

ગુજરાત | વંદન

રાજકોટ શહેરમાં ૧૦૦ લોકોએ ધર્મ પરિવર્તન માટે અરજી કરી હતી. બૌદ્ધ અને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવા અરજીઓ કરવામાં આવી હતી. છેલ્લા છ મહિનામાં રાજકોટમાંથી ૧૦૦ અરજી કરવામાં આવી છે. અમુક અરજીઓ સામૂહિક પરિવારના ધર્મપરિવર્તન માટે કરવામાં આવી છે. છેલ્લા છ મહિનામાં રાજકોટ શહેરમાં ૧૦૦ જેટલી અરજીઓ થઈ છે. રાજકોટ જિલ્લા કલેકટર કચેરીમાં અનેક પ્રકારની અરજીઓ આવતી હોય છે. છેલ્લા ૬ મહિનામાં ધર્મ પરિવર્તન અંગે ૧૦૦ થી વધુ અરજીઓ આવી છે. જો કે દર મહિને નવી નવી અરજીઓ આવતી હોય છે, અરજીઓના સચોટ કારણો તપાસાયા બાદ આ અંગે નિર્ણય લેવામાં આવે છે.

લ્યો બોલો.. પોલીસ કર્મી જ બન્યો બુટલેગર ...

# SRP ગ્રુપનો કોન્સ્ટેબલ એક લાખની કિંમતના દારૂની હેરાફેરી કરતા ઝડપાયો

ગુજરાત | વંદન

રાજ્યમાં ફરી એક વખત પોલીસ જવાન બુટલેગર બન્યાની ઘટના સામે આવી છે. છોટાઉદેપુર જિલ્લાના નસવાડી પંથકમાં પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા છે. જે બાદ તપાસ કરતા ખુલાસો થયો કે ઝડપાયેલા બંને શખ્સોમાંથી એક નડિયાદ SRP ગ્રુપનો કોન્સ્ટેબલ મહીપાલસિંહ જાડેજા છે. હાલ પોલીસે બુટલેગર બનેલા પોલીસ કર્મચારી મહીપાલસિંહ જાડેજા અને અન્ય શખ્સ દીપકસિંહ સોલંકીની ધરપકડ કરી તપાસ શરુ કરી છે.

રાજ્ય ડ્રાઈ સ્ટેટ છે. ગુજરાતમા દારૂબંધી છે, આ કાયદાનું પાલન કરાવવાની જવાબદારી પોલીસની



પણ છે આવી સ્થિતિમાં પોલીસ જ બુટલેગર બનીને દારૂની રાજ્યમાં હેરેફરી કરે તો પછી દારૂ બંધીના કાયદાનું સખતાઇ પાલન કરવાની અપેક્ષા કોને માટે રાખવી આ એક વેધક સવાબ થવો સ્વાભાવિક છે. રાજ્યમાં દારૂબંધી છતાં પણ દારૂની અનેક ભઠ્ઠી ધમધમતી ઝડપાઇ છે. આ સ્થિતિ આપણી સિસ્ટમ અને કાયદો વ્યવસ્થા પણ ચોક્કસ સવાલ ઉભા કરે છે. બે દિવસ પહેલા જ સુરતમાં ટ્રેન મારફતે દારૂ ની હેરાફેરીને એસએમસીએ ઝડપી પાડી હતી

અને આ સમયે પણ સુરત રેલ્વે પોલીસ અને રેલ્વે પોલીસ ઊંઘતી ઝડપાઈ હતી. સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડા દરમિયાન ખુલાસો થયો કે. મહારાષ્ટ્ર ના નંદુબારથી દારૂ લેવામાં લવાયો હતો. આ બનાવમાં વિશ્વજિત ઉર્ફે વિશ્વાસ ભુરહસ્પતિ પડવી ની ધરપકડ કરવામાં આવે છે. તો સુરતના કાલુ અને અશોક વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, સુરત-ઉધના સ્ટેશનએ દારૂ ની હેરાફેરીની ઘટચનાનો અનેક વખત પર્દાફાશ થયો છે.

# સુરતમાં સ્પાની આડમાં ચાલતા દેહ વેપારનો પર્દાફાશ

## થાઈલેન્ડની મહિલાને પોલીસે મુક્ત કરાવી, સંચાલક ફરાર

ગુજરાત | વંદન

થોડા સમય અગાઉ પોલીસ દ્વારા સમગ્ર રાજ્યમાં સ્પા સેન્ટરો પર દરોડા પાડી સ્પા સંચાલકો સામે કાર્યવાહી હાથ ધરી હતી. પરંતુ તે બાદ ફરી સ્પા સેન્ટરો ધમધમતા થઈ જવા પામ્યા હતા આજે સુરતમાં સ્પાની આડમાં ચાલતા દેહ વ્યાપારનો પર્દાફાશ થવા પામ્યો છે. સુરતનાં ડુમસ રોડ પરનાં રેડ પર્લ સ્પામાં પોલીસે દરોડા પાડ્યા હતા.

સુરત પોલીસે આજે ડુમસ રોડ પર આવેલ રેડ પર્લ સ્પામાં પોલીસે રેડ કરી થાઈલેન્ડની મહિલાને દેહ વ્યાપારમાંથી મુક્ત કરાઈ હતી. મહિલાઓને ગ્રાહકો પાસે મસાજ કરવાનાં બહાને દેહ વ્યાપાર કરાવાતો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ઉમરા પોલીસે બાતમીનાં આધારે દરોડા પાડી કાર્યવાહી કરી હતી. પોલીસે ગેરકાયદેસર પ્રવૃતિ કરનાર પ્રમોદ યાદવની ધરપકડ કરી હતી. સ્પા સંચાલક કમલેશ ચૌધરીને વોન્ટેડ જાહેર કરી કાર્યવાહી હાથ ધરી છે. ગત રોજ સુરતનાં સ્પા સંચાલક યુવતિને માર મારોત ગત રોજ સુરતના પાલ વિસ્તારના ભાગ્યરત્ન એપાર્ટમેન્ટમાં પીપલ્સ વેલનેસ સ્પાનો એક વિડીયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. વિગતો મુજબ સ્પામાં કામ કરતી યુવતીએ 15 દિવસનો પગાર માગ્યો હતો. જોકે પિયુષ ગાંધી નામના સંચાલકે પગાર આપવાનો ઈનકાર કરતાં ઝઘડો થયો હતો. જે બાદમાં સ્પામાં સંચાલકે યુવતી સાથે ઝપાઝપી કરી મારામારી કરતાં વિવાદ થયો છે.

# રાજકોટ બારની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર, 4 ડિસેમ્બરથી ફોર્મ ભરવાનું શરૂ

## 12 ડિસેમ્બરે સાંજે પાંચ વાગ્યા સુધીમાં ઉમેદવારી ફોર્મ પરત ખેંચી શકાશે

ગુજરાત | વંદન

રાજકોટ બાર એસો.ની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થઇ ગયો છે. જે મુજબ આગામી તા. 2/12/2023થી ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરાવવાનું શરૂ થશે. ગુજરાત બાર કાઉન્સિલે તા.22 ડિસેમ્બર તમામ બારની ચૂંટણી જાહેર કર્યા બાદ હવે રાજકોટ બાર અસો.ની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયો છે. જેને લઇ અત્યારથી જ વકીલોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ઉમેદવારો નકકી કરવા અલગ અલગ જુથમાં અત્યારથી જ મીટીંગોનો દૌર શરૂ થઇ ગયો છે. ચૂંટણી અધિકારી તરીકે અગાઉ અતુલભાઇ વાય. દવે, કેતનભાઇ ડી. શાહ અને જયેશભાઇ એન. અતીતની વરણી થઇ હતી. આ ચૂંટણી અધિકારીઓ દ્વારા ચૂંટણી કાર્યક્રમ જાહેરકરાયો છે. જેમાં મતદાર યાદીમાં વકીલ મતદારો સુધારા-વધારા કરવા, વાંધા લેવા તા. 30 નવેમ્બરથી 1 ડિસેમ્બર બપોરે બે વાગ્યા સુધીમાં લેખીત અરજી આપી શકશે. જે પછી કોઇ ફેરફાર સ્વીકારાશે નહીં. તા.2 ડિસેમ્બરે ફાઇનલ મતદાર યાદી પ્રસિધ્ધ થશે. તા. 4 ડિસેમ્બરથી તા. 8 ડિસેમ્બરે સાંજે પાંચ વાગ્યા સુધીમાં ઉમેદવારી ફોર્મ ભરી દેવાના રહેશે.

તા. 11 ડિસેમ્બરે ફોર્મ ચકાસણી થશે તે દિવસે સાંજે પાંચ વાગ્યા સુધીમાં ઉમેદવારોની પ્રથમ યાદી પ્રસિધ્ધ થશે. તા. 12 ડિસેમ્બરે સાંજે પાંચ વાગ્યા સુધીમાં ઉમેદવારી ફોર્મ પરત ખેંચી શકાશે. ઉમેદવારોની આખરી યાદી તા. 13 ડિસેમ્બરે સાંજે પાંચ વાગ્યા સુધીમાં પ્રસિધ્ધ થશે. તા.22 ડિસેમ્બરે સવારે 9થી બપોરે 3 વાગ્યા સુધી સિવિલ કોર્ટ બિલ્ડીંગના પહેલા માળે રાજકોટ બાર એસો.ના મેઈન બાર રૂમમાં મતદાન યોજાશે. આ ચૂંટણીમાં પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, જોઇન્ટ સેક્રેટરી, ટ્રેઝરર, લાયબ્રેરી સેક્રેટરી અને મહિલા કારોબારી સભ્યના એક એક પદ માટે ચૂંટણી થશે. તેમજ કારોબારી સભ્યના 9 પદ માટે ચૂંટણી થશે

# ACBના સર્ચમાં આરોપીનું હાર્ટ-એટેકથી મોત

ગુજરાત | વંદન

પંચમહાલ જિલ્લાના વેજલપુર ખાતે તપાસમાં આવેલી વલસાડની ACB ટીમ આરોપી સાથે વેજલપુર પોલીસ મથકે પહોંચતા આરોપીને પોલીસ મથકમાં હૃદયરોગનો હુમલો આવતા 108માં ગોધરા સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત નીપજ્યું છે. વેજલપુર પોલીસ મથકના PSI રજા ઉપર હોવાથી ઈન્ચાર્જ કાલોલ PSI ઘટના સ્થળે પહોંચ્યા હતા.

વર્ષ 2017થી 2019 દરમિયાન વલસાડ જિલ્લામાં ખેત તાલાવડીના કામો માટે નાણાકીય લેવડ દેવડ અંગેની ફરિયાદની તપાસમાં પંચમહાલ જિલ્લાના વેજલપુર પહોંચેલી વલસાડ ACBની ટીમે વેજલપુરના જે તે સમયે વલસાડ જિલ્લાના ધરમપુરમાં નોકરી કરતા અને હાલ નિવૃત એવા યુસુફભાઈ ભીખા નામના કર્મચારીના ઘરે તપાસમાં પહોંચી હતી. ઘરમાં તપાસ કરી રોકડ રકમ, દાગીના અને સરકારી મિલકતોના કાગળો જેવા દસ્તાવેજો જપ્ત કરી ઈસુબભાઈને લઈ વેજલપુર પોલીસ મથકે પહોંચી હતી. ACBની ટીમ સાથે પોલીસ મથકે પહોંચેલા યુસુફભાઈને હૃદયરોગનો હુમલો આવતા તેઓને તત્કાલિત 108 એમ્બ્યુલન્સમાં ગોધરા સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેઓનું મોત નિપજ્યું હોવાના સમાચાર સાંપડ્યા છે.

બનાવની જાણ થતાં વેજલપુર પોલીસ મથકના PSI તરીકે ચાર્જ સાંભળતા કાલોલ PSI પણ ઘટના સ્થળે પહોંચ્યા હતા અને ACBની ટીમ સાથે ગોધરા સિવિલ હોસ્પિટલ પણ પહોંચ્યા હોવાની વિગતો જાણવા મળી છે.

# તાલાલામાં વન વિભાગના નિવૃત્ત કર્મીએ રિવોલ્વરથી ગોળી મારી આપઘાત કર્યો

ગુજરાત | વંદન

ગીર સોમનાથના તાલાલામાં વન વિભાગના નિવૃત્ત કર્મચારીએ આત્મહત્યા કરી લીધી હતી. 68 વર્ષીય અબ્દુલભાઈ બલૉચ આંબલાસ ગામે રહેતા હતા. પોતાની લાઈસન્સ વાળી બંદુકથી છાતીના ભાગે ગોળી મારી આપઘાત કર્યો હતો.






અબ્દુલભાઈ વર્ષ 2011માં નિવૃત્ત થયા હતા, તેમની પાસેથી સુસાઈડ નોટ પણ મળી આવી છે. જેમાં છ લોકોના નામ છે. વર્ષ 2013માં અબ્દુલભાઈએ વ્યાજે રૂપિયા લીધા હતા. જે ચુકવી દીધા બાદ પણ વ્યાજખોરો ધાકધમકી આપતા હતા. સુસાઈટ નોટના આધારે પોલીસે આરોપી નારાણ સોલંકીની અટકાયત કરી છે. વન વિભાગના નિવૃત કર્મચારી આત્મહત્યા કેસમાં આસપાસના લોકો મકાનમાં આવી જોતા સમગ્ર મામલો સામે આવ્યો અને પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે મૃતદેહને પીએમમાં ખસેડી તપાસ કરતા એક સાઈડ નોટ મળી આવી છે જેમાં છ લોકોના નામ સામે આવ્યા છે. સુસાઈડ નોટ અને પોલીસ ફરિયાદ પ્રમાણે મૃતક અબ્દુલ બ્લોચ જે છ નામ લખ્યા છે તેમાં નારણ સોલંકી નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. છે. નારણ સોલંકી અને તેનો સગો ભાઈ આત્મહત્યા પાછળ કારણ ભૂત હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મૃતકની સુસાઈડ નોટ મુજબ નારણ સોલકી પાસેથી ભૂતકાળમાં 4 લાખ રૂપિયા વ્યાજે લીધા હતા, જેના 13 લાખ રૂપિયા ચૂકવી દીધા એટલું જ નહિ મકાન અને બે બુલેટ પણ નારાણ સોલંકી પડાવી લીધાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

અનુસંધાન પેજ 12 પરથી...

### ચાલુ વર્ષે..

કરી તરત જ ઓનલાઈન માધ્યમથી બિલનું પેમેન્ટ કરી શકાતુ હોઈ તેમજ એડવાન્સ રીબેટ સ્કીમ દરમ્યાન ઓનલાઈન પેમેન્ટ પર વધારાનું એક ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવતા વર્ષ દર વર્ષ પ્રોપર્ટી ટેક્સની ઓનલાઈન આવકમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. વર્ષ 2023-24માં કુલ આવક પૈકી 53 ટકા જેટલી આવક ઓનલાઈન આવેલી છે. આગામી સમયમાં 100 ટકા સુધી ઓનલાઈન આવકના પ્રયત્ન કરાશે.

### વર્ષ 2024-25...

ફેબ્રુઆરી - 2024ના સોમવારથી 8મી માર્ચ-2024 સુધીના 33 દિવસ માટે રાજ્ય વિધાનસભાનું બજેટ સત્ર યોજવા અંગેનો નિર્ણય લઈને તેને મંજૂરી માટે રાજ્યપાલને મોકલી દેવાશે અને એકાદ-બે દિવસમાં રાજ્યપાલ તરફથી ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર માટેના આહ્વવાન કરાશે.

નાણા વિભાગ અને સંસદીય બાબતોના વિભાગ તરફથી આ અંગેની તૈયારીઓ આરંભાઈ ચૂકી છે. ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પંચના નિયમાનુસાર ચૂંટણીની તારીખની જાહેરાતની સાથે જ ચૂંટણી આચારસંહિતા લાગુ થઈ જતી હોય છે અને તેના અનુસંધાને કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારો કોઈપણ પ્રકારની નવી જાહેરાતો કરી શકતી નથી. આ વખતે પણ લોકસભાની ચૂંટણીની તારીખની જાહેરાત માર્ચ-2024ના બીજા સપ્તાહ દરમ્યાન થવાની સંભાવનાને પગલે ગુજરાત સરકારે પણ આ વખતે પ્રથમવાર વિધાનસભામાં તેનું વર્ષ 2024-25 માટેનું બજેટ સત્ર ફેબ્રુઆરી-2024ના પ્રથમ સપ્તાહમાં શરુ કરાવીને માર્ચ-2024ના બીજા સપ્તાહ અગાઉ બજેટ મંજૂર કરાવીને સમગ્ર સત્રને આટોપી લેવું પડે.

### આજે રાજ્યભરમાં..

કે કમી કરાવવા ચૂંટણી પંચના Voter Helpline App અને http://voters.eci.gov.in/ ઉપર ઑનલાઈન પણ ફોર્મ ભરી શકશે. ઉલ્લેખનીય છે ચૂંટણી આયોગ દ્વારા ચૂંટણી પૂર્વે વિવિધ જાહેરાતો મારફતે મતદારોને જાગૃત કરવાને આવે છે. વધારે મતદાન થાય તે માટે સરકાર પણ અખબારો અને ચેનલોમાં જાહેરાતો આપે છે.

અનુસંધાન પેજ 1 પરથી...

### રાજસ્થાનમાં ...

કરવામાં આવ્યો છે. ભાજપનું કહેવું છે કે, રિવાજ નહીં બદલાઈ અને સરકાર બદલાશે.

પાંચ રાજ્યોમાં આજે રાજસ્થાનમાં એક તબક્કામાં મતદાન બાદ હવે દક્ષિણ ભારત તેલંગાણામાં 30મીએ મતદાન પૂર્ણ થતા ત્રણ ડિસેમ્બરના રોજ પરિણામો જાહેર થશે. રાજકીય રીતે જોઈએ તો આજ પાંચ રાજ્યોમાં કોંગ્રેસ ત્રણ રાજ્યો- છત્તીસગઢ,રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં- સત્તા મેળવી હતી. જોકે, મધ્યપ્રદેશમાં કોંગ્રેસ નેતા જ્યોતિરાદિત્ય સિંધિયાએ બગાવત કરતા ફરીથી ભાજપની સરકાર બની હતી. આ વખતે કોંગ્રેસ મિઝોરમ અને તેલગાંણા સહિત પાંચે પાંચમાં સરકાર બનાવવાનો દાવો કર્યો છે.

### તોતિંગ ઓગર...

જેમાં ઉત્તરાખંડના 2, હિમાચલ પ્રદેશના 1, યુપીના 8, બિહારના 5, પશ્ચિમ બંગાળના 3, આસામના 2, ઝારખંડના 15 અને ઓડિશાના 5 મજૂરો ફસાયા છે.

### મુંબઈમાં ...

સંપર્ક કરતા હતા. આ લોકો પાસેથી એક એક બાળક મળવાના બદલામાં અનેક લોકોએ તેમને પાંચ લાખ જેટલા રૂપિયા ચૂકવ્યા હતા.

### પૂર્વ સાંસદ...

ગેરકાયદેસર મેળાવડો કરી અને ધરણા-પ્રદર્શન સાથે સંબંધિત હતો. વર્ષ 2018 માં રેલ્વે પોલીસે પૂર્વ સાંસદ પપ્પુ યાદવ વિરુદ્ધ FIR નોંધી હતી અને કેસ સાચો હોવાનું માલુમ પડતાં વિશેષ અદાલતમાં ચાર્જશીટ દાખલ કરી હતી.

### ભારત-ઓસ્ટ્રેલિયા...

ઈશાન કિશને અને સૂર્યકુમાર યાદવે શાનદાર ફિફ્ટી ફટકારી હતી. ઈશાને 39 બોલમાં 5 છગ્ગા અને 2 ચોગ્ગાની મદદથી 58 રન બનાવાની આઉટ થયો હતો. જ્યારે સૂર્યકુમાર 42 બોલમાં 9 ફોર અને 4 સિક્સની મદદથી 80 રન બનાવ્યા હતા. **બંને ટીમની પ્લેઈંગ-ઈલેવન** | ભારતની સંભવિત ટીમ: ઋતુરાજ ગાયકવાડ, યશસ્વી જયસ્વાલ, ઈશાન કિશન (વિકેટકીપર), સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), તિલક વર્મા, રિંકુ સિંહ, અક્ષર પટેલ, રવિ બિશ્નોઈ, અર્શદીપ સિંહ, મુકેશ કુમાર, પ્રસિદ્ધ કૃષ્ણા.

### મમતાએ..

બીજેપી ધારાસભ્યએ કહ્યું કે, આ પ્રકારના કૃત્યો એ ગુનાઓનો ખુલાસો કરે છે જે પ્રકૃતિમાં સંજ્ઞેય છે અને સીધી રીતે મને અને અન્ય સદસ્યોને નિશાન બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. આ પ્રકારના કૃત્યો IPCની કલમ 182, 194, 195, 211, 203, 505 અને 506 હેઠળ દંડનીય ગુનો છે. શુભેન્દુ અધિકારી પહેલા TMCમાં હતા. ડિસેમ્બર 2020માં કન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં તેઓ ભાજપમાં સામેલ થઈ ગયા હતા.

# 14 લાખની ઠગાઈના ગુનામાં 9 વર્ષથી વોન્ટેડ આરોપી રાજસ્થાનના જંગલમાંથી ઝડપાયો

ગુજરાત | વંદન

રૂ.14 લાખનું ગ્રે કાપડ ખરીદી પેમેન્ટ નહીં કરતા સુરતના ખટોદરા પોલીસ મથકમાં નોંધાયેલા ઠગાઈના ગુનામાં નવ વર્ષથી વોન્ટેડ આરોપીને ડીસીપી ઝોન 2 એલસીબી સ્કવોડે રાજસ્થાનના સુરજપુરના જંગલમાંથી ઝડપી લીધો હતો.ફરિયાદ નોંધાતા વતન ભાગી ગયેલા વેપારીએ ઘરથી 18 કી.મી દૂર કરિયાણાની દુકાન અને એલઆઈસીની એજન્સી




શરૂ કરી હતી અને માત્ર રાત્રે જ ઘરે જતો હતો. પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ નવ વર્ષ અગાઉ વેપારી સુનિલ જૈન રૂ.14 લાખનું ગ્રે કાપડ ખરીદી પેમેન્ટ કર્યા વિના ફરાર થઈ જતા તેના વિરુદ્ધ ખટોદરા પોલીસ મથકમાં ઠગાઈની ફરિયાદ નોંધાઈ હતી. સ્થાનિક પોલીસે તેને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી હતી.પરંતુ તે ઝડપાયો નહોતો.દરમિયાન, ડીસીપી ઝોન 2 એલસીબી સ્ક્વોડના એએસઆઈ જનકસિંહ ભગવાનસિંહ, એએસઆઇ પ્રદિપભાઇ જગદંબાપ્રસાદ, હેડ કોન્સ્ટેબલ મનિષભાઇ હમીરભાઇ અને કોન્સ્ટેબલ રાકેશભાઇ જેસીંગભાઇએ તેની તપાસ કરતા જાણવા મળ્યું હતું કે સુનિલ જૈન તેના ગામ સુરજપુરથી 18 કી.મી દૂર કરિયાણાની દુકાન અને એલઆઇસીની એજન્સી ધરાવે છે અને રાત્રે જ પોતાના ઘરે જાય છે.કોઈ તેના ઘરે જાય ત્યારે માત્ર તેની પત્ની જ મળતી હોય તેના વિશે કોઈઉ માહિતી મળતી નહોતી. આથી ડીસીપી ઝોન 2 એલસીબી સ્કવોડે રાજસ્થાનના ભીંડર પહોંચી સુનિલ પ્રકાશ જૈન ( ઉ.વ.42, રહે.ઘર નં.86, સુરજપુર, તા.ભીંડર, જી.ઉદયપુર, રાજસ્થાન ) ના ઘર અને દુકાને વોચ ગોઠવી હતી.જોકે, તેની દુકાન બંધ હતી અને તે ઘરે હોવાની જાણ થતા ઘરે પહોંચી તો તે ત્યાં પણ નહોતો.આથી તેની સાથે સ્થાનિક પોલીસ પાસે વાત કરાવી તેનું લોકેશન ટ્રેસ કરતા તે ચાર કી.મી દૂર જંગલમાં હતો.પોલીસે બાઈક પર જંગલમાં જઈ તેને બે મિત્રો સાથે શોધી કાઢી ઝડપી લીધો હતો. યોગ્ય કાર્યવાહી બાદ તેને સુરત લાવી ઝોન 2 એલસીબી સ્ક્વોડે તેનો કબજો ખટોદરા પોલીસને સોંપ્યો હતો.


# અદાણી ઈલેક્ટ્રિસિટીએ 100 ટકા ક્લીન એનર્જી પૂરી પાડી ઈતિહાસ રચ્યો!

■ દિવાળીના તહેવારોમાં 1.2 કરોડ લોકોને સ્વચ્છ ઉર્જા પ્રાપ્ત થઈ

ગુજરાત | વંદન

દિવાળીને 'ગ્રીન અને ક્લીન' બનાવવા અદાણી ઈલેક્ટ્રીસીટીએ મહત્વપૂર્ણ પર્યાવરણીય પહેલ કરી ઈતિહાસ રચ્યો છે. પ્રકાશપર્વે માયાનગરી મુંબઈને અદાણી ઈલેક્ટ્રિસિટીએ 100% ક્લીન વીજળી પૂરી પાડી 1.2 કરોડ લોકોને સમાવતા 30 લાખ ઘરો/સંસ્થાઓને સ્વચ્છ પ્રકાશ ઉર્જાથી જગમગાવ્યા છે. આ પહેલને ટકાઉ ભવિષ્ય તરફનું મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.

પાવર સેક્ટરમાં અગ્રણી અદાણી ઈલેક્ટ્રિસિટી મુંબઈ લિમિટેડે (AEML) દિવાળી દરમિયાન સંપૂર્ણ રિન્યુએબલ વીજળી પૂરી પાડીને ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું છે. 12 નવેમ્બરના રોજ, સવારે 10 કલાકથી લઈને બપોરે 2 કલાક સુધી કંપનીએ સૌર અને પવન જેવા રિન્યુએબલ એનર્જી આધારિત સ્ત્રોતોથી ગ્રાહકોને વીજળી પૂરી પાડી છે. તહેવારોની સિઝનમાં સતત 4 કલાક સુધી મહાનગર સ્વચ્છ ઉર્જાથી સંચાલિત રહ્યું હતું.




અદાણી ઈલેક્ટ્રીસિટીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે "ઈતિહાસમાં સૌપ્રથમ વખત 12 મિલિયનથી વધુ મુંબઈગરાઓના 3 મિલિયન ઘરો અને સંસ્થાઓને સંપૂર્ણપણે "સ્વચ્છ" રિન્યુએબલ ઉર્જા સ્ત્રોતો દ્વારા વિજળી પૂરી પાડવામાં આવી છે. આ સ્મારક સિદ્ધિ ટકાઉ વિકાસ અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે અમારું સમર્પણ દર્શાવે છે."

2023માં કંપનીએ નવીનીકરણીય સ્ત્રોતોમાંથી ગ્રાહકોની 38 ટકા વીજળીની જરૂરિયાતો સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. 2027 સુધીમાં AEML 60 ટકાનું રિન્યુએબલ ઉર્જા આધારિત વીજળી પૂરી પાડવા આગળ વધી રહી છે. AEML ભારતમાં સૌથી વિશાળ કાર્યક્ષમ વીજ વિતરણ નેટવર્ક ધરાવે છે. અત્યાધુનિક ટેકનોલોજીની મદદથી કંપની 99.99 ટકા વિશ્વસનીયતા સાથે 2000 મેગાવોટ પાવર માગને પહોંચી વળવા કાર્યરત છે.

દિવાળીની ઉજવણીમાં નવીનીકરણીય ઉર્જાનો સમાવેશ વાતાવરણમાં સ્વચ્છતા માટે મહત્વનું યોગદાન આપે છે. એટલું જ નહીં, આ અભિગમ નવીનીકરણીય ઉર્જા સ્ત્રોતોના મહત્વ વિશે લોકજાગૃતિ વધારવામાં પણ ખૂબ જ મદદરૂપ નીવડશે.

## BOB સહિત 3 બેંકોને RBIએ ફટકાર્યો રૂ. 10 કરોડનો દંડ

ગુજરાત | વંદન

ભારતીય રિઝર્વ બેંકે ઘણી બેંકો સામે મોટી કાર્યવાહી કરી છે. સરકારી બેંક સહિત ત્રણ બેંકો પર ભારે દંડ ફટકાર્યો છે. તેમજ એક સહકારી બેંકના બોર્ડનું વિસર્જન કરીને તેની કમાન પોતાના હાથમાં લીધી છે. આ ઉપરાંત પાંચ સહકારી બેંકો પર પણ દંડ ફટકારવામાં આવ્યો છે.

આરબીઆઈએ કહ્યું કે સિટી બેંક, બેંક ઓફ બરોડા અને ઈન્ડિયન ઓવરસીઝ બેંક સહિત ત્રણ બેંકો પર કુલ 10.34 કરોડ રૂપિયાનો દંડ લગાવવામાં આવ્યો છે. સિટી બેંક પર સૌથી વધુ 5 કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ દંડ ડિપોઝિટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફંડ સ્કીમ અને નાણાકીય સેવાઓના આઉટસોર્સિંગ પરની આચાર સંહિતા સંબંધિત ધોરણોનું પાલન ન કરવા માટે કરવામાં આવ્યો છે. તેવી જ રીતે RBIના નિયમોની અવગણના કરવા બદલ બેંક ઓફ બરોડા પર 4.34 કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. ગ્રાહકો પર કોઈ અસર નહીં થાય. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ચેન્નાઈ સ્થિત જાહેર ક્ષેત્રની ઈન્ડિયન ઓવરસીઝ બેંક પર લોન અને એડવાન્સ સંબંધિત સૂચનાઓનું ઉલ્લંઘન કરવા બદલ 1 કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ભારતીય રિઝર્વ બેંકે કહ્યું કે દંડ નિયમનકારી અનુપાલનમાં ખામીઓ પર આધારિત છે અને તેનો હેતુ બેંકો દ્વારા તેમના ગ્રાહકો સાથે કરવામાં આવેલા કોઈપણ વ્યવહાર અથવા કરારની માન્યતાને અસર કરવાનો નથી. ત્રણ બેંકોની સાથે ભારતીય રિઝર્વ બેંકે પણ પાંચ સહકારી બેંકો પર દંડ ફટકાર્યો.

### ગવર્નરની ટકોર : આવા સતત જોડાણોને લગતા જોખમો પ્રસરતા વાર લાગતી નથી

## બેન્કો તેમજ NBFCના વધી રહેલા જોડાણ પર RBIની બાજ નજર

ગુજરાત | વંદન

બેન્કો તથા નોન-બેન્કિંગ ફાઈનાન્સિઅલ કંપનીઝ (એનબીએફસીસ) વચ્ચે વધી રહેલા જોડાણ સામે ચિંતા વ્યકત કરતા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે, એનબીએફસીસ સાથેના એકસપોઝરની બેન્કોએ સતત સમીક્ષા કરતા રહેવું જોઈએ તેવી પણ તેમણે બેન્કોને સૂચના આપી હતી. એક એનબીએફસીસ અનેક બેન્કો પાસેથી ભંડોળ મેળવતી હોય છે.એનબીએફસીસના વધી રહેલા



મહત્વને ધ્યાનમાં રાખતા બેન્કો તથા એનબીએફસીસ વચ્ચેના આપસી જોડાણ પર બારીકાઈથી નજર રાખવાની આવશ્યકતા છે. એનબીએફસીસ જંગી માત્રામાં ભંડોળ મેળવતી હોય છે અને સૌથી વધુ બોરોઈંગ બેન્કો પાસેથી કરે છે, એમ એક કાર્યક્રમમાં બોલતા દાસે જણાવ્યું હતું. આવા સતત જોડાણોને લગતા જોખમો પ્રસરતા વાર લાગતી નથી. નાણાંની જરૂરિયાત માટે એનબીએફસીસે માત્ર બેન્કો પર જ નિર્ભર રહેવું જોઈએ નહીં

ધિરાણ વૃદ્ધિ ઝડપી બની રહી છે ત્યારે, બેન્કો અને એનબીએફસીસે ધિરાણ વૃદ્ધિ ટકી રહે તે માટે ખાસ સંભાળ લેવાની આવશ્યકતા છે. દરેક પ્રકારની અતિશયોક્તિ ટાળવી રહી, એમ પણ ગવર્નરે વધુમાં જણાવ્યું હતું. એસેટ-લાયાબિલિટી સંચાલનને બેન્કો તથા એનબીએફસીસે મજબૂત બનાવવાની જરૂર છે. સમયાંતરે નવા જોખમો ઊભા થતા રહે છે અને જોખમોના નવા સ્ત્રોતો પણ રચાય છે. કોઈપણ દેશના વિકાસ માટે નાણાંકીય સ્થિરતા મોટું પીઠબળ છે.

## રૂ. 5 હજાર કરોડથી લઈને 10 હજાર કરોડનો બોન્ડ ઈશ્યૂ લાવવા જિયો ફાઈનાન્સિયલ સર્વિસની તૈયારીઓ

ગુજરાત | વંદન

રિલાયન્સ ગ્રુપની જિયો ફાઈનાન્સિયલ સર્વિસ તેનો પહેલો બોન્ડ ઈશ્યુ લોન્ચ કરવાનું વિચારી રહી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.માંથી અલગ થયેલી જિયો ફાઈનાન્શિયલ સર્વિસિસ મર્ચન્ટ બેન્કર્સ સાથે વાટાઘાટ કરી નાણાકીય વર્ષ 2023-24ના જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં ઈશ્યૂ લોન્ચ કરવાની યોજના ધરાવે છે.

રોઈટર્સે ચાર મર્ચન્ટ બેન્કોરને ટાંકીને રિપોર્ટ જારી કર્યો છે, જેમાં બેન્કર્સે કથિત રીતે જણાવ્યું હતું કે કંપની બોન્ડ ઈશ્યૂ દ્વારા રૂ. 5,000 કરોડથી 10 હજાર કરોડ એકત્ર કરવાનું લક્ષ્ય રાખી શકે છે. જેએફએસએ હજુ સુધી આ રિપોર્ટ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી.




જિયો ફાઈનાન્સિયલ સર્વિસએ ઓગસ્ટમાં સ્ટોક એક્સચેન્જ ખાતે લિસ્ટિંગ કરાવ્યું હતું. કંપની ભારતીય નાણાકીય સેવા ક્ષેત્રમાં બજાજ ફાઈનાન્સ જેવી ઝડપથી વિકસતી કંપનીઓ સામે સ્પર્ધાનો સામનો કરી રહી છે. બેન્કર્સે જણાવ્યું હતું કે હાલમાં, કંપની ક્રેડિટ રેટિંગ અને અન્ય જરૂરી મંજૂરીઓ મેળવવાની પ્રક્રિયામાં છે. બોન્ડ્સ જારી કરતા પહેલા JFS એ ટૂંકા ગાળાના કોમર્શિયલ પેપર ફાઈલ કરવા જ જોઈએ અને ઉમેર્યું હતું કે કંપનીએ તેની બેન્કની બોરોઈંગ લાઈન પણ જાળવી રાખવી પડશે.

### મમતા સરકારે અદાણી ગ્રુપ પાસેથી 25 હજાર કરોડનો પ્રોજેક્ટ છીનવી લીધો

## મુકેશ અંબાણી પશ્ચિમ બંગાળમાં 20 હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરશે

ગુજરાત | વંદન

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં 7મો બંગાલ ગ્લોબલ બિઝનેસ સમિટ યોજાઈ હતી. આ સમિટમાં ઉપસ્થિત રહેલા ભારતની સૌથી મોટી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ પશ્ચિમ બંગાળમાં 20 હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરવાની જાહેરાત કરી છે. આ રોકાણ આગામી 3 વર્ષમાં કરવામાં આવશે. જ્યારે બીજી તરફ મમતા સરકારે મમતા સરકારે અદાણી ગ્રુપ પાસેથી રૂ. 25 હજાર કરોડનો તાજપુર પોર્ટ વિકસાવવાનો પ્રોજેક્ટ છીનવી લીધો છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સ્પષ્ટ કર્યું હતું કે તાજપુર



સી પોર્ટ પ્રોજેક્ટના વિકાસ માટે ટૂંક સમયમાં ટેન્ડર બહાર પાડવામાં આવશે. અગાઉ આ પ્રોજેક્ટનું કામ અદાણી ગ્રુપને આપવામાં આવ્યું હતું.

તાજપુર પોર્ટના વિકાસનું કામ અદાણી ગ્રુપને આપવામાં આવ્યું ત્યારે રાજકીય ચર્ચાઓએ પણ જોર પકડ્યું હતું. એવું કહેવામાં આવી રહ્યું હતું કે એક તરફ વિપક્ષ અદાણી જૂથ પર પ્રહારો કરી રહ્યો છે અને બીજી તરફ પશ્ચિમ બંગાળમાં મમતા સરકાર મોટા પ્રોજેક્ટ્સનું કામ આ જ જૂથને સોંપી રહી છે. મમતા સરકારે થોડા મહિના પહેલા તાજપુર પોર્ટને વિકસાવવા માટે અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડને ઈરાદા પત્ર આપવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. આ સાથે અદાણી ગ્રુપ માટે બંગાળમાં 25 હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરવાનો રસ્તો સાફ થઈ ગયો છે. જો કે, હવે સરકારે અદાણી પોર્ટને સબમિટ કરેલા લેટર ઓફ ઈન્ટેન્ટ (LoI)ને રદ કરવાનો નિર્ણય લીધો છે. આ જ કારણ છે કે મંગળવારે સીએમ મમતા બેનર્જીએ પોતે સ્પષ્ટતા કરી હતી કે આ પ્રોજેક્ટ માટે ટેન્ડર બહાર પાડવામાં આવશે. એટલે કે કોઈપણ કંપની હરાજી અને બિડમાં ભાગ લઈ શકે છે. સીએમ મમતાએ બંગાળ ગ્લોબલ બિઝનેસ સમિટના ઉદ્ઘાટન કાર્યક્રમમાં આ જાહેરાત કરી હતી.

## ભારતનો વિકાસ દર 2024-25માં વધીને 6.9 ટકા થવાની ધારણાં

ગુજરાત | વંદન

રેટિંગ એજન્સી સ્ટાન્ડર્ડ ઍન્ડ પુઅરે ભારતનો વિકાસદર આવતા વર્ષે 2024-25માં વધીને 6.9 ટકા થવાની ધારણા વ્યક્ત કરી છે. ભારત સબળ આર્થિક વિકાસનો ઈતિહાસ ધરાવે છે, એમ કહીને તેણે ચાલુ વર્ષ 2023-24ના વિકાસદરનો અંદાજ છ ટકાએ જાળવી રાખ્યો છે.

'સ્લોઈંગ ડ્રેગન્સ, રોરિંગ ટાઈગર્સ' જેવું સૂચક શીર્ષક ધરાવતા અહેવાલમાં રેટિંગ એજન્સી કહે છે કે મૂડીનો ઊંડે સુધી પ્રવેશ, વસતીની સાનુકૂળ સંરચના અને ઉત્પાદકતામાં થઈ રહેલો વધારો ભારતના વિકાસમાં મુખ્ય પરિબળો છે.

'ભારતનું અર્થતંત્ર સબળ




વિકાસનો ઈતિહાસ ધરાવે છે. અમે માનીએ છીએ કે વિકાસની ગતિ જળવાઈ રહેશે. ભારતનો વિકાસ 2023-24માં છ ટકા અને 2024-25 તેમ જ 2025-26માં 6.9 ટકા રહેવાનું અમારું અનુમાન છે,' એમ સ્ટાન્ડર્ડ ઍન્ડ પુઅરે જણાવ્યું છે.

જોકે, તેણે એમ પણ કહ્યું હતું કે ભારતમાં વ્યાજદર ઊંચા છે એટલે સરકારના તોતિંગ કરજની ચૂકવણીનો બોજો વધી જાય છે. ઝડપી વિકાસને લીધે બજારનો વિશ્વાસ જળવાઈ રહે છે અને સરકારની તથા કંપનીઓની આવક વધતી રહે છે, પરંતુ આગામી વર્ષોમાં વ્યાજદરની વધઘટ એક નિર્ણાયક પરિબળ બની રહેશે.

વિકાસનો આગામી તબક્કો શરૂ કરવા માટે શ્રમિક કાયદામાં સુધારા, શ્રમિક વર્ગમાં વસતીની વધુ સામેલગીરી, આબોહવા પરિવર્તન સહન કરવાની ક્ષમતા અને ધંધાકીય વાતાવરણમાં વધુ સુધારાની જરૂર પડશે, એમ રેટિંગ એજન્સીએ જણાવ્યું હતું.

સેવા ક્ષેત્રની કામગીરીને ટેકે ભારતનો વિકાસ ટકાઉ બન્યો છે. સમય વીતવા સાથે અર્થતંત્રમાં સેવા ક્ષેત્રની ભૂમિકા વધી રહી છે, જ્યારે કૃષિ અને અન્ય પ્રાથમિક ક્ષેત્રોનું પ્રદાન ઘટતું જાય છે. અર્થતંત્રમાં સેવા ક્ષેત્રનો હિસ્સો હજી વધવાની ધારણા છે, એમ સ્ટાન્ડર્ડ ઍન્ડ પુઅરે કહ્યું હતું.

### હાઉસિંગ સેક્ટરમાં તેજી આવવાના અનુમાનો મુકાઈ રહ્યાં છે

## 2023-24ના વર્ષના બીજા છ માસિક ગાળામાં 1,50,000થી વધુ મકાન વેચાવાની શક્યતા

ગુજરાત | વંદન

હાલમાં તહેવારોની સિઝન પુરી થઈ છે અને લગ્નસરાની મોસમ શરૂ થવાની તૈયારી છે ત્યારે 2023-24ના વર્ષના બીજા છ માસિક ગાળામાં 1,50,000થી વધુ ઘર વેચાવાની શક્યતા છે. જે છેલ્લાં 5 વર્ષનું સૌથી વધુ વિક્રમ વેચાણ હશે. જાન્યુઆરીથી સપ્ટેમ્બર સુધીમાં રૂ 4 કરોડ અને એનાથી વધુ કિંમતના 9200 લકઝરિયસ ઘરનું વેચાણ થયું હતું, જ્યારે ગત વર્ષના આ સમયમાં 4700 ઘરનું વેચાણ થયું હતું. આમ ચાલુ વર્ષે વૈભવશાળી ઘરના વેચાણમાં 97 ટકાનો ઉછાળો નોંધાયો હતો.



ઘર ખરીદવાની રાહ જોતાં લોકો અને પ્રથમવાર ઘર ખરીદવાની તૈયારી કરી રહેલા લોકો તહેવારોની સિઝનમાં તે બાબત નિર્ણય લઈ શકે જેના કારણે ઓક્ટોબરથી ડિસેમ્બર 2023માં આ પ્રકારની ખરીદી વધી શકે. વધતા જતા ફુગાવાના દબાણ વચ્ચે પણ ઘરની માગ પુખ્ત બની છે. હાલમાં મધ્યમ અને ઉચ્ચ કક્ષાના લકઝરિયસ ઘરની માગ વધી છે, એમ ભારત, દક્ષિણ પૂર્વ એશિયા, મધ્યપૂર્વ, આફ્રિકા અને સીબીઆરઈના અધ્યક્ષ અંશુમાન મેગેઝિને જણાવ્યું હતું.

દેશના કુલ સાત સૌથી મોટા શહેરોમાંથી દિલ્હી એનસીઆર, મુંબઈ અને હૈદરાબાદ આ ત્રણ મુખ્ય શહેરોમાં, કુલ લકઝરિયસ ઘરના વેચાણનું 90 ટકા આસપાસ વેચાણ થાય છે. દિલ્હી એનસીઆરમાં સૌથી વધુ 37 ટકા, ત્યારબાદ મુંબઈમાં 35 ટકા અને હૈદરાબાદમાં 18 ટકા લકઝરિયસ ઘરનું વેચાણ થાય છે. પુણેમાં 4 ટકા ઘરનું વેચાણ થાય છે.

## ભારતની ઈ-કોમર્સ નિકાસ આગામી 7 વર્ષમાં વધીને $200 બિલિયન પહોંચવાની શક્યતા

ગુજરાત | વંદન

ભારતમાં ઈ-કોમર્સ ક્ષેત્ર નજીકના ભવિષ્યમાં ઝડપથી વૃદ્ધિ પામશે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડે જણાવ્યું હતું કે ભારતની ઈ-કોમર્સ નિકાસ આગામી હથી ૭ વર્ષમાં વધીને 200 બિલિયન ડોલર થઈ શકે છે, જે છે. હાલમાં લગભગ 1.2 બિલિયન બિલિયન ડૉલર છે.

ઈન્ડસ્ટ્રી બોડી ફેડરેશન ઓફ ઈન્ડિયન કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તારા આર્યોજિત ઈ-કોમર્સ એક્સપોર્ટ કોન્ફરન્સને સંબોધતા, ડારેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ જણાવ્યું હતું કે ભારતના ઈ-કોમર્સ નિકાસ ક્ષેત્રમાં અપાર સંભાવનાઓ છે, જે ઉત્પાદનોની વિશાળ વિવિધતા દ્વારા વર્ગીકૃત થયેલ છે. તે નવીનતા



અને ભારતીય ઉદ્યોગસાહસિકોની ચોક્કસ બજારની માંગને પહોંચી વળવા અને કસ્ટમાઈઝ્ડ પ્રોડક્ટ્સ બનાવવાની ક્ષમતા દ્વારા મજબૂત બનશે. હાલમાં ચીનની નિકાસની સરખામણીમાં ઈ-કોમર્સ સેક્ટરમાં ભારતની નિકાસ ખૂબ જ નાનો હિસ્સો છે. આગામી ૭ વર્ષોમાં અમે લગભગ 20 બિલિયન ડોલરની ઈ-કોમર્સ નિકાસ કરી શકીશું. તેના માટે આપણે ભારતમાં માલસામાનની અવરજવરને સુધારવા માટે ઘણા ફેરફારો કરવા પડશે.

### કેટલીક જાણીતી કંપનીઓ આગામી ત્રિમાસિકમાં IPO લાવશે....

## વિક્રમ સંવત 2080ના નવા વર્ષમાં પ્રાઈમરી માર્કેટમાં ધમધમાટ જોવા મળશે : નિષ્ણાતો

ગુજરાત | વંદન

વિક્રમ સંવત 2079નું વર્ષ પુરૂ થયુ છે અને વિક્રમ સંવત 2080નું વર્ષ કારતક માસથી આરંભાઈ ગયું છે. લાભપાંચમથી બજારો ખુલતા નાના-મોટા વેપારમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ સંવત 2080માં પાંચ જાહેર ભરણાંની શરૂઆત સાથે પ્રાઈમરી માર્કેટ તેજીથી આગળ વધી રહી છે, એમ એનલિસ્ટ્સ જણાવે છે. નાણાં વર્ષ 2024ના પહેલા છ મહિનામાં 31 કંપનીઓએ રૂા. 26,300 કરોડ એકત્ર કર્યા હતા. આઈપીઓની પ્રવૃત્તિમાં વેગ આવવા માટેનાં અનેક કારણો



એનલિસ્ટ્સે દર્શાવ્યા છે. આ સપ્તાહમાં તાતા ટેક્નૉલૉજીસ અને ઈન્ડિયન રિન્યુએબલ ઍનર્જી ડેવલપમેન્ટ એજન્સી લિ. સહિતની પાંચ કંપનીઓ જાહેર ભરણાં દ્વારા એકત્રિત રીતે રૂા. 7300 કરોડથી વધુનું ભંડોળ એકત્ર કરશે. અન્ય ત્રણ કંપનીઓમાં ફેડબૅન્ક ફાઈનાન્સિયલ સર્વિસીસ, ફ્લેર રાઈટિંગ ઈન્ડસ્ટ્રીઝ અને ગાંધાર ઓઈલ રિફાઈનરી ઈન્ડિયાનો સમાવેશ છે, એમ સ્ટૉક એક્સ્ચેન્જના ડેટા દર્શાવે છે.

આનંદ રાઠી ઍડ્વાઈઝર્સના ઈન્વેસ્ટમેન્ટ બૅન્કિંગના ડિરેક્ટર અને હેડ-ઈસીએમ વી. પ્રશાંત રાવે કહ્યું કે, તાજેતરમાં આવેલાં ભરણાંમાં લિસ્ટિંગ પછી સરેરાશ 30 ટકા જેટલું મજબૂત વળતર અને બૃહદ આર્થિક સ્થિતિમાં મજબૂતીને કારણે કંપનીઓએ આઈપીઓ લાવવામાં ઝડપ કરી છે. સેબીમાં કેટલાક ડ્રાફ્ટ પેપર ફાઈલિંગ કરવામાં આવ્યા છે તે સૂચવે છે કે કંપનીઓ આગામી ત્રિમાસિકમાં આઈપીઓ લાવવાની તૈયારી કરી રહી છે. કેટલીક કંપનીઓ સામાન્ય ચૂંટણી પહેલાં આઈપીઓ લાવવા ધારે છે.

## ગૌતમ સિંઘાનિયાની 11,000 કરોડની સંપત્તિમાંથી પત્નીએ 8,250 કરોડનો હિસ્સો માંગ્યો



■ રેમન્ડની કમાણી, છૂટાછેડા લેનાર પત્નીમાં સમાણી!

ગુજરાત | વંદન

ભારતીય અબજપતિ અને રેમન્ડ લિમિટેડના ચેરમેન ગૌતમ સિંઘાનિયા અને તેમની પત્ની નવાઝ મોદી સિંઘાનિયાના છૂટાછેડા ભારતના અત્યાર સુધીના સૌથી મોંઘા છૂટાછેડા બની શકે છે. ગૌતમ સિંઘાનિયાની સંપત્તિમાં તેની પત્ની નવાઝ મોદી સિંઘાનિયાએ ૭૫ ટકા હિસ્સો માંગ્યો છે. ગૌતમ સિંઘાનિયાની ૧૧,૦૦૦ કરોડ રુપિયાની સંપત્તિમાં ૭૫ ટકા હિસ્સો ૮,૨૫૦ કરોડ રુપિયા થાય. આટલી રકમ છૂટાછેડા પેટે માંગી છે.

હવે જો આ છૂટાછેડા મંજૂર થાય તો ભારતના સંભવતઃ સૌથી મોંઘા છૂટાછેડા હશે. ગૌતમ સિંઘાનિયાની પત્ની નવાઝ મોદી સિંઘાનિયાએ જણાવ્યું છે કે આ હિસ્સો તેમનો, તેમની પુત્રી નિશા અને નિહારિકાનો હશે. છેલ્લા કેટલાક દિવસોથી ગૌતમ સિંઘાનિયા અને તેમની પત્ની વચ્ચેના છૂટાછેડાની વાતો ટોક ઓફ ધ ટાઉન બની છે.

અહેવાલ મુજબ ગૌતમ સિંઘાનિયાએ તેની ૧૧,૦૦૦ કરોડથી વધુની સંપત્તિમાં ૭૫ ટકા હિસ્સો આપવા સંમતિ જાહેર કરી છે. તેમણે આ ફંડને ટ્રાન્સફર કરવા માટે ફેમિલી ટ્રસ્ટ બનાવવાની વાત કરી છે. સિંઘાનિયા આ ટ્રસ્ટમાં કુટુંબની વેલ્થ અને એસેટ ટ્રાન્સફર કરશે. જો કે સૂત્રો મુજબ સિંઘાનિયા ઈચ્છતા હતા કે તેમના મૃત્યુ પછી તેના કુટુંબના સભ્યોને સંપત્તિની વસિયત કરવાની મંજૂરી આપવામાં આવે, પણ આ વાત તેમની પત્ની નવાઝને મંજૂર નથી.

બંને વચ્ચે બધુ બરોબર ન હોવાની વાત ગૌતમ સિંઘાનિયાએ મુંબઈ નજીક થાણે સ્થિત રેમન્ડ એસ્ટેટમાં દિવાળી પાર્ટીનું આયોજન કર્યુ હતું, પરંતુ આ પાર્ટીમાં નવાઝ સિંઘાનિયાને એન્ટ્રી મળી ન હતી. ૫૮ વર્ષના ગૌતમ સિંઘાનિયાએ ૧૯૯૯માં સોલિસિટર નાદર મોદીની પુત્રી નવાઝ મોદી સાથે લગ્ન કર્યા હતા. બંને વચ્ચે છૂટાછેડા અંગે ચાલતી ચર્ચા પર ગૌતમ સિંઘાનિયાએ ભાવુક પોસ્ટ કરી હતી.

તેમણે ટ્વિટર પર જણાવ્યું હતું કે અમારી આ વખતની દિવાળી પહેલા જેવી નથી. એક દંપતી તરીકે ૩૨ વર્ષ સાથે રહીને માબાપ તરીકે વિકસીને અમે હંમેશા મજબૂતાઈથી એકબીજા સાથે રહ્યા. અમારી પ્રતિબદ્ધતા અને વિશ્વાસના આ સફરમાં બે સુંદર પડાવ પણ આવ્યા. તેમણે પોતાની પુત્રી નિહારિકા અને નિશાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે અમે ભલે અલગ થઈ ગયા, પરંતુ બંને પુત્રીઓની દેખભાળ બંને કરતા રહીશું.

## ઓક્ટોબરમાં રશિયાની ક્રુડ તેલની નિકાસની આવક $2.5 કરોડ ઘટીને $18.34 અબજ થઇ

ગુજરાત | વંદન

ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી ( આઈઈએ) દ્વારા હાલમાં જ પ્રકાશિત કરાયેલા અહેવાલ અનુસાર ઓક્ટોબરમાં રશિયાની ક્રુડ તેલની નિકાસની આવક 2.5 કરોડ ડોલર ઘટીને 18.34 અબજ ડોલર થઈ છે. વૈશ્વિક બજારમાં ક્રુડતેલના ભાવ થોડા દબાયા હોવાથી તેમ જ પશ્ચિમી દેશોએ કરેલી ભાવબાંધણીથી રશિયાની આવકને ફટકો પડ્યો હોવાનું આ અહેવાલમાં નિષ્ણાતોએ જણાવ્યું છે. આઈઈએના આંકડા અનુસાર સપ્ટેમ્બરની સરખામણીએ ઓક્ટોબરમાં રશિયાની ક્રુડ તેલની સરેરાશ દૈનિક નિકાસમાં 70,000 બેરલનો ઘટાડો જોવા મળ્યો છે જેના કારણે નિકાસ ઘટીને સરેરાશ દૈનિક 75 લાખ બેરલ થઈ ગઈ છે.

આ ઉપરાંત સપ્ટેમ્બરના અંતિમ સપ્તાહમાં અને ઓક્ટોબરના પ્રથમ પખવાડિયામાં આશરે ત્રણ સપ્તાહ માટે રશિયાએ પેટ્રોલિયમ બળતણની નિકાસ ઉપર મૂકેલા પ્રતિબંધનાં કારણે બેલારૂસ, આર્મેનિયા, કઝાખસ્તાન તથા ક્યાર્ઝિસ્તાન જેવા દેશો સહિતના ઘણા દેશોમાં રશિયાથી થતી ડિઝલની નિકાસ બંધ થઈ હતી તેની પણ અહીં અસર જોવા મળે છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ઓઈલી સ્કિનથી રાહત મેળવવા માટે વારંવાર ન ધોવો ચહેરો



જે લોકોની સ્કિન ઓઈલી હોય છે, તેમને બહાર નીકળતાની સાથે જ ચહેરા પર તેલ, પરસેવો વગેરે આવવા લાગે છે. જેનાથી રાહત મેળવવા માટે તેઓ વારંવાર ચહેરાને પાણીથી ધોવે છે. પરંતુ શું તમે જાણો છો વારંવાર ચહેરો ધોવો સ્કિન માટે હાનિકારક સાબિત થઈ શકે છે. કારણ કે આનાથી ચહેરાનો કુદરતી ભેજ છીનવાઈ શકે છે અને ત્વચાને નુકસાન થઈ શકે છે. આ સાથે જ તમારા માટે મોઈશ્ચરાઈઝર વગેરેનો ઉપયોગ કરવું જરૂરી બની જાય છે.

ઓઈલી સ્કિનથી બચવા માટે ચહેરાને ધોવા સિવાય પણ ઘણા વિકલ્પો છે. જેની મદદથી તમે ચહેરા પરના તેલ અને પરસેવાથી પણ છુટકારો મેળવી શકો છો અને તમારી ત્વચાને પણ નુકસાન નહીં થાય. ચાલો આ વિશે જાણીએ.

## ગુલાબજળ સ્પ્રે

તમે ગુલાબજળ સ્પ્રેની નાની બોટલ તમારી સાથે રાખી શકો છો. તે બજારમાં સરળતાથી મળી રહે છે. જ્યારે પણ તમને ચહેરા પર પરસેવો આવવા લાગે, ત્યારે તમે તેને ચહેરા પર સ્પ્રે કરો અને પછી કોઈપણ સુતરાઉ કપડાથી સાફ કરી લો. આમ કરવાથી તમને ઈન્સ્ટેન્ટક તાજગી મળશે.

## તુલસી સ્પ્રે

તમે ગુલાબજળની જેમ તુલસીના સ્પ્રેનો પણ ઉપયોગ કરી શકો છો. આ પ્રવાહીને ઘરે બનાવવું એકદમ સરળ છે. એક કપ પાણીમાં 3-4 તુલસીના પાન નાખો અને તેને ધીમી આંચ પર 2-3 મિનિટ સુધી ગરમ કરો. આ પછી મિશ્રણને જ્યોત પરથી ઉતારીને ઠંડુ કરો અને પછી તેને સ્પ્રે બોટલમાં ભરો. જરૂર પડે ત્યારે ઉપયોગ કરો, તેનાથી ખીલમાં પણ રાહત મળે છે.

## ગ્રીન ટી

સ્વાસ્થ્યની સાથે-સાથે ત્વચા માટે પણ ગ્રીન ટી ફાયદાકારક સાબિત થાય છે. તેનો ઉપયોગ ફેસ વોશના વિકલ્પ તરીકે પણ થઈ શકે છે. આ માટે ઘરે બહાર નીકળતા પહેલા એક કપ ગ્રીન ટી તૈયાર કરો અને પછી તેને ઠંડી કરો. હવે સ્પ્રે બોટલમાં ગ્રીન ટી ભરો અને તેને તમારી સાથે રાખો અને જરૂર પડે તો ચહેરા પર સ્પ્રે કરો.

# લીંબુ પાણી પીવાથી હાઈ બીપી રહે છે કન્ટ્રોલમાં



આજના ભાગદોડ ભર્યા જીવનમાં બિમારીઓ દિવસેને દિવસે વધી રહી છે. એમાં પણ ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરની બિમારી ઘરે ઘરે જોવા મળી રહી છે. એવામાં હાઈ બ્લડ પ્રેશરના દર્દીઓને ડોક્ટર વધારે નમક અને ગરમ વસ્તુઓ ખાવાની મનાઈ કરે છે. હેલ્થ એક્સપર્ટનું કહેવુ છે કે હાઈ બ્લડ પ્રેશર વધારે ખતરનાક છે. હાઈ બ્લડ પ્રેશરથી હૃદયની ધમનીઓ પર ખરાબ અસર પડે છે. જેના કારણે અન્ય બિમારીઓ થવાનો પણ ખતરો રહે છે. તો સવાલ એ થાય છે કે શું લીંબુ પાણી પીવું યોગ્ય છે? લીંબુ પાણીમાં સોડિયમનું પ્રમાણ ખૂબ જ વધારે હોય છે. જેથી તે બ્લડ પ્રેશરને વધારી શકે છે. પરંતુ લીંબુમાં મળતું વિટામિન સી ધમનીઓ અને નસો માટે ખૂબ જ સારું માનવામાં આવે છે.

NCBIના રિપોર્ટ અનુસાર લીંબુમાં ફ્લેવોનોઈડ્સ અને કેરોટીનોઈડ્સ નામનું તત્વ ભરપૂર માત્રામાં હોય છે. ત્યારે જો હાઈ બ્લડપ્રેશરના દર્દીઓ લીંબુ પાણી પીવે તો તેમને ઘણો ફાયદો થાય છે. આ સિવાય તેમાં ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે.. જે આપણી નસોમાં ફસાયેલી ગંદકીને ડિટોક્સિફાય કરવામાં અને તેને દૂર કરવામાં મદદ કરે છે. લીંબુ પાણી એક ક્લીનઝર જેવુ કામ કરે છે.. લીંબુ પાણી આપણી નસોમાં જે બેડ કોલેસ્ટ્રોલ જમા થાય છે તેને દુર કરવાનું કામ કરે છે.. જેથી હાઈ બીપી પણ કંટ્રોલમાં રહે છે.

હાઈ બીપીમાં લીંબુ પાણી ખુબ જ અસરકારક છે. શરીરને હાઈડ્રેડ કરવામાં માટે લીંબુ પાણી ખુબ સારૂ કામ કરે છે.. સાથે જ બ્લડ પ્રેશરના દર્દીઓ માટે પણ ખુબ લાભદાયક છે.. કારણ કે તે નસોને હેલ્ધી રાખવામાં મદદ કરે છે. સાથે સાથે તે બ્લડ સર્કુલેશનને પણ સારૂ કરે છે. જેથી હાઈ બીપીના દર્દીઓ માટે લીંબુ પાણી ખુબ જ અસરકાર છે.

લીંબુ પાણીમાં એન્ટીઓક્સીડેંટસ ભરપૂર માત્રામાં મળી આવે છે. જે ફાઈન રેડિકલ્સ હોય છે તે હૃદયને નુકસાન પહોંચાડવાથી બચાવે છે. જેના કારણે બ્લડ વેસેલ્સ સારી રીતે કામ કરી શકે છે. આ સાથે જ હૃદય સાથેની બિમારીઓનું પણ જોખમ ઓછુ રહે છે. આ રિપોર્ટના આધાર પર એ કહી શકીએ કે લીંબુ પાણી પીવાથી હૃદયને નુકસાન થતું નથી. પણ હૃદય માટે ખુબ જ ફાયદાકારક માનવામાં આવે છે.

# પલાળેલા પિસ્તાના સેવનથી શરીરની ઘણી સમસ્યાઓ થઈ જાય છે છૂમંતર



પોષક તત્વોથી ભરપૂર પિસ્તા ડ્રાય ફ્રુટના સેવન કરવાના ઘણા સ્વાસ્થ્ય લાભ છે. પિસ્તામાં વિટામીન B6, પોટેશિયમ, મેગ્નેશિયમ, કેલ્શિયમ, ફાઈબર, પ્રોટીન, આયર્ન, ફોસ્ફરસ, કોપર અને એન્ટીઓક્સીડેન્ટ જેવા પોષક તત્વો ભરપૂર માત્રામાં મળી આવે છે.


પલાળેલા પિસ્તાના સેવનથી શરીરની ઘણી સમસ્યાઓ દૂર થઈ શકે છે. પિસ્તાનું સેવન હૃદયને સ્વસ્થ રાખે છે, બ્લડ શુગરને કંટ્રોલમાં રાખે છે, વજન ઘટાડવામાં મદદ કરે છે, હાડકાં મજબૂત કરે છે અને સાથે જ રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. જાણો પલાળેલા પિસ્તા ખાવાના ફાયદા.

**હૃદયને સ્વસ્થ રાખે છે :** પિસ્તામાં પોટેશિયમ અને ફાઈબર ભરપૂર માત્રામાં મળી આવે છે, જે બ્લડ પ્રેશરને કંટ્રોલ કરવામાં મદદ કરે છે. પિસ્તાનું નિયમિત સેવન શરીરમાંથી ખરાબ કોલેસ્ટ્રોલનું લેવલ ઘટાડે છે, જેનાથી હૃદયની બીમારીઓનું જોખમ ઓછું થાય છે.

**બ્લડ શુગરને કંટ્રોલમાં રાખે છે :** પિસ્તાનો ગ્લાયકેમિક ઈન્ડેક્સ ઓછો હોય છે. તેમાં સારી માત્રામાં મળી આવતું ફાઈબર બ્લડ સુગર લેવલને કંટ્રોલ કરવામાં મદદ કરે છે.

**વજન ઘટાડવામાં મદદરૂપ :** પિસ્તામાં મળી આવતું ફાઈબર પેટને લાંબા સમય સુધી ભરેલું રાખે છે. જેના કારણે પિસ્તાના સેવન બાદ વારંવાર ભૂખ નથી લાગતી અને વધું પડતું ખાવાથી બચી શકાય છે.

**રોગપ્રતિકારક શક્તિ વધે છે :** પિસ્તામાં ભરપૂર માત્રામાં મળી આવતા વિટામિન્સ, મિનરલ્સ અને એન્ટિઓક્સિડન્ટ્સ જેવા પોષક તત્વો રોગપ્રતિકારક શક્તિ વધારે છે. તેના સેવનથી બેક્ટેરિયા, વાયરસ અને ગંભીર બીમારીઓથી બચી શકાય છે.



# ડિસેમ્બર મહિનામાં ભારતની આ જગ્યાઓ ફરવા માટે સૌથી બેસ્ટ સ્થળ

ડિસેમ્બર વર્ષનો બારમો મહિનો હોય છે. ડિસેમ્બર મહિનામાં ઘણા મહત્વપૂર્ણ તહેવાર અને આયોજન થાય છે, જેમ કે ક્રિસમસ, હનુક્ક(યહુદી તહેવાર), અને નવા વર્ષની 31 ડિસેમ્બર. આ મહિનામાં શિયાળાની સીઝનનો આનંદ લેવા માટે દૂર-દૂરથી લોકો ભારતના ઘણા સ્થળો પર ફરવા જાય છે.



**ધર્મશાળા :** ડિસેમ્બર મહિનામાં ભારતમાં ફરવાના સ્થળ ધર્મશાળા છે. આ હિમાચલ પ્રદેશ રાજ્યના કાંગડા જિલ્લામાં સ્થિત એક પ્રમુખ પર્યટન સ્થળ છે. ધર્મશાળામાં ફરવા માટે ધર્મશાળા ક્રિકેટ સ્ટેડિયમ, નામગ્યાલ મઠ, ત્રિઉંડ હિલ, સેન્ટ જોન ઈન ધ વાઈલ્ડરનેસ ચર્ચ, તિબ્બતી કાર્યો અને અભિલેખાગારની લાઈબ્રેરી, યુદ્ધ સ્મારક, ગ્યુતો મઠ અને ઈકો પાર્ક છે.

**કુલ્લૂ અને મનાલી :** ડિસેમ્બરમાં કુલ્લૂ અને મનાલી તમે ફરવા જઈ શકો છો. કુલ્લૂ અને મનાલી બંને હિમાચલ પ્રદેશમાં છે. જો તમે કુલ્લૂમાં ફરવા જઈ રહ્યા છો તો નગ્ગર શહેર, ભંટર, હનોગી માતા મંદિર એડવેન્ચરમાં રાફ્ટિંગ, પર્વતારોહણ અને પેરાગ્લાઈડિંગ જવાનું ન ચૂકતા. મનાલી માટે હિડિમ્બા મંદિર, વશિષ્ઠ કુંડ, મણિકરણ, બૌદ્ધ મઠ, રોહતાંગ મંદિર, વ્યાસ કુંડ, ઓલ્ડ મનાલી અને સોલંગ નાલા છે. જ્યાં તમે પોતાની ફેમિલી સાથે જઈ શકો છો.

**સિક્કિમ :** ડિસેમ્બરમાં ફરવા માટે સિક્કિમ સૌથી બેસ્ટ સ્થળ છે. આ ભારતનું એક નાનું રાજ્ય છે, જે હિમાલયની પશ્ચિમી તરફ સ્થિત છે. આ રાજ્ય નેપાળ, ભૂટાન, તિબ્બત (ચીન) અને પશ્ચિમ બંગાળથી ઘેરાયેલુ છે. સિક્કિમને સુન્દર સિક્કિમના નામથી પણ ઓળખવામાં આવે છે કેમ કે ત્યાંના પ્રાકૃતિક સૌંદર્ય અને પ્રાકૃતિક સમૃદ્ધિ માટે પ્રસિદ્ધ છે. જો તમે સિક્કિમ ફરવા જઈ રહ્યા છો તો ગંગટોક, ત્સોમો સરોવર, ગોંજાંગ મઠ, બાંઝકરી ફોલ્સ, તાશી વ્યૂ પોઈન્ટ, હનુમાન ટોક, રેશી હોટ સ્પ્રિંગ્સ, હિમાલયન જૂલોજિકલ પાર્ક અને બાબા હરભજન સિંહ મંદિર ફરવાનું ન ભૂલો.

**ગોવા :** ડિસેમ્બરમાં ફરવા માટે ભારતમાં સૌથી બેસ્ટ સ્થળ ગોવા છે. આ ભારતનું સૌથી નાનુ રાજ્ય છે. ગોવામાં ફરવા માટે અંજુના બીચ, વાગાટોર બીચ, બમ્બોલિમ બીચ, બસ્તરિયા માર્કેટ અને કેંડોલિમ બીચ છે.

**કર્ણાટક :** જો તમે ડિસેમ્બરમાં ફરવા માટે સ્થળ શોધી રહ્યા છો તો કર્ણાટક જઈ શકો છો. કર્ણાટકમાં ઘણા પર્યટન સ્થળ છે, જે પર્યટકોને આકર્ષિક કરે છે. ત્યાં અમુક કર્ણાટકના મુખ્ય પર્યટન સ્થળ છે. બેંગલુરુ-કર્ણાટકની રાજધાની અને સૌથી મોટુ શહેર છે, જે વેપાર, ટેકનોલોજી, શૈક્ષણિક સંસ્થા અને પર્યટન માટે ફેમસ છે. ત્યાં તમે શોપિંગ, રેસ્ટોરન્ટ અને પાર્કનો આનંદ લઈ શકો છો.

**રાજસ્થાન :** ડિસેમ્બરમાં ફરવા માટે રાજસ્થાન પણ સારુ સ્થળ છે. માઉન્ટ આબુથી લઈને બાંસવાડા-ઉદયપુર, જેસલમેર અને કોટા છે. દેશ-વિદેશથી લોકો શિયાળામાં ફરવા માટે આવે છે.

# શિયાળાની ખાસ વાનગી ખજૂર પાક આ રીતે ઘરે બનાવો

ઠંડીનો માહોલ હવે ધીરે ધીરે જામવા લાગ્યો છે. લોકો પણ થોડા દિવસોથી ઠંડકનો અહેસાસ કરવા લાગ્યા છે. શિયાળાની શરૂઆતની સાથે દર વર્ષની જેમ લોકો ઠંડીમાં પોતાનું સ્વાસ્થ્ય જળવાઈ રહે અને શરીરમાં ગરમીનું પ્રમઆણ બની રહે તે માટે વસાણાં ખાવાની શરૂઆત કરી દીધી છે. વસાણા ખાવા પાછળનું પણ તેમના અલગ કારણો હતા. જેમ કે શિયાળામાં ઠંડીની સામે રક્ષણ મળી રહે છે અને સ્વાસ્થ્ય પણ સારું રહે છે. ત્યારે આ ઠંડીની સિઝનમાં ઠંડીને ઉડાડી દેવા સ્વાદિષ્ટ ખજૂર પાક ઘરે જ આ રીતે બનાવો.

સામગ્રી : ૧૦ ગ્રામ ઘી, ૧ કિલો કાળા ખજૂર, ૧ ચમચી સૂંઠ, અડદો કપ કોપરાની છીણ, પા કપ શેકેલા તલ, એક કપ કાજુ-બદામ-પિસ્તા

## ખજૂર પાક બનાવવાની રીત

સૌપ્રથમ ખજૂર સુધારી લો. થોડું દૂધ ઉમેરીને મીક્સરમાં ક્રશ કરી લો. હવે એક નોનસ્ટિક કડાઈમાં એક ચમચી જેટલું ઘી ગરમ કરો. તેમાં તૈયાર કરેલું મિશ્રણ ઉમેરીને સાંતળવુ. તે પછી તમે તેમા સૂકો મેવો પણ ઉમેરી શકો છો. હવે તે ઘટ્ટ થાય પછી ઘી ઉમેરીને ઠારી દેવું. થોડું ઠંડુ પડે એટલે વરખ લગાવીને કટ કરી લેવું.




# શિયાળાની સિઝનમાં સીતાફળ સ્વાસ્થ્ય માટે છે ફાયદાકારક

શિયાળાની સિઝનમાં સીતાફળ ખાવું સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. આ ફળમાં ઘણા પોષક તત્વો હોય છે, જે ઘણી બીમારીઓથી બચાવે છે. આ ફળ હૃદય અને મગજ માટે અત્યંત લાભદાયી માનવામાં આવે છે. રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવા ઉપરાંત તે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

સીતાફળમાં વિટામિન સી, મેગ્નેશિયમ, વિટામિન બી6 અને આયર્ન સહિત ઘણા પોષક તત્વો હોય છે, જે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. એક રિપોર્ટ અનુસાર, આ ફળ એન્ટિ-ઓક્સિડેન્ટથી ભરપૂર છે અને તે હૃદય રોગ સામે રક્ષણ આપવામાં મદદગાર સાબિત થઈ શકે છે. સીતાફળમાં હાજર વિટામિન સી હૃદય અને ડાયાબિટીસ માટે ખૂબ જ ફાયદાકારક છે.

બ્લડ પ્રેશરના દર્દીઓ માટે સીતાફળ રામબાણ સાબિત થઈ શકે છે. સીતાફળમાં હાજર પોટેશિયમ અને મેગ્નેશિયમ રક્તવાહિનીઓને આરામ આપે છે. આ બ્લડ પ્રેશર ઘટાડવામાં મદદ કરે છે. આટલું જ નહીં આ ફળ પાચનતંત્રને વેગ આપે છે. સીતાફળમાં ભરપૂર પ્રમાણમાં ફાઈબર હોય છે. તેથી કબજિયાત અને ડાયેરિયા જેવી સમસ્યા દૂર થઈ શકે છે.રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવા માટે સીતાફળનું સેવન કરવું જોઈએ. સીતાફળ વિટામિન સીનો ખૂબ જ સારો સ્ત્રોત છે. વિટામિન સી રોગપ્રતિકારક શક્તિ વધારીને રોગો સામે રક્ષણ આપવામાં મદદરૂપ છે. ખાસ કરીને બદલાતા હવામાનમાં લોકોને બીમારીઓનું જોખમ વધુ રહે છે. આ ઋતુમાં સીતાફળ ખાવાથી તમને બીમારીઓથી બચાવશે અને તમારા શરીરને મજબૂત બનાવશે.સીતાફળ વિટામિન B6 (પાયરિડોક્સિન)નો ઉત્તમ સ્ત્રોત છે. વિટામિન B6 સેરોટોનિન અને ડોપામાઈન સહિત ન્યુરોટ્રાન્સમીટરના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જે તમારા મૂડને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. આ વિટામિનની ઉણપ મૂડ ડિસઓર્ડરનું કારણ બની શકે છે. આ ફળ મગજને મજબૂત કરી શકે છે અને મૂડ સુધારી શકે છે.

સીતાફળમાં ઘણા શક્તિશાળી એન્ટિ-ઑક્સિડન્ટો મળી આવે છે, જે આંખોને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. ઘણા અભ્યાસોએ જણાવ્યું છે કે સારી માત્રામાં લ્યુટીન એન્ટિઑકિસડન્ટ લેવાથી આંખની દ્રષ્ટિ સુધારી શકાય છે.



# ઠંડીમાં હેરને હેલ્ધી રાખવા માટે અઠવાડિયામાં માત્ર બે વાર જ ધોવા જોઈએ

સુંદર દેખાવા માટે ત્વચાની સાથે સાથે વાળને પણ હેલ્ધી રાખવા ખૂબ જરૂરી છે. શિયાળો આવતાની સાથે જ માત્ર શુષ્ક ત્વચા જ નહીં પણ ફ્રઝી વાળની સમસ્યા પણ આપણને પરેશાન કરે છે. ઠંડા પવન અને વધતા પ્રદૂષણને કારણે માથાની ચામડી પર ગંદકી જમા થવા લાગે છે, જેના કારણે ડેન્ડ્રફ જમા થવા લાગે છે અને વાળ ડ્રાય થવા લાગે છે. ફ્રઝી વાળ સારા દેખાતા હોવા છતાં, તેની સંભાળ રાખવી ખૂબ મુશ્કેલ છે.

**યોગ્ય શેમ્પૂ અને કન્ડિશનર :** હાર્ડ શેમ્પૂથી વાળ ધોવા નહીં. સલ્ફેટ અને પેરાબેન ફ્રી શેમ્પૂનો ઉપયોગ કરવો જોઈએ. શેમ્પૂનો પણ ઓછો ઉપયોગ કરો. તમારા વાળમાં કંડીશનર લગાવવાની ખાતરી કરો, આ તમારા વાળને હાઈડ્રેટેડ અને ફ્રિઝ ફ્રી રાખે છે. માત્ર 5 મિનિટનો સમય કાઢીને કન્ડિશનર લગાવો. તે તમારા વાળને મોઈશ્ચરાઈઝ કરે છે અને વાળના બાહ્ય પડને નુકસાન થવાથી બચાવે છે.

**વધારે ગરમ પાણીનો ઉપયોગ ન કરવો :** ગરમ પાણીથી સ્નાન કરવાથી શરીર અને વાળમાંથી ભેજ દૂર થાય છે. આવી સ્થિતિમાં ત્વચા અને વાળ બંને ડ્રાય થઈ જાય છે. તેથી, તમારે નવશેકા પાણીથી સ્નાન કરવું જોઈએ અને તે પણ માત્ર 7 થી 8 મિનિટ માટે. સ્નાન કરવામાં વધારે સમય ન લેવો જોઈએ.

**વાળમાં તેલ લગાવવું :** વાળમાં તેલ લગાવવું સારું છે પરંતુ શેમ્પૂ કરવાના 1 કે 2 કલાક પહેલા જ વાળમાં તેલ લગાવવું જોઈએ. કારણ કે રાત્રે તેલ લગાવવું અને સવારે શેમ્પૂ કરવું વાળ માટે સારું નથી. આમ કરવાથી મૂળ નબળા પડી જાય છે અને વાળ તૂટવા લાગે છે.

**રોજ વાળ ન ધોવા :** શિયાળાની ઋતુમાં દરરોજ વાળ ધોવાથી વાળમાંથી કુદરતી ઓઈલ દૂર થઈ શકે છે, જેના કારણે તમારા વાળ ડ્રાય અને ફ્રઝી થઈ જાય છે, તેથી શિયાળામાં તમારે તમારા વાળ અઠવાડિયામાં માત્ર બે વાર ધોવા જોઈએ.

# વર્લ્ડકપ 2015માં 10.16 લાખ દર્શકોઓએ સ્ટેડિયમમાં જઈને જોઈ હતી મેચ

■ 8 વર્ષ જૂનો રેકોર્ડ તૂટ્યો : વર્લ્ડકપ 2023માં 12.50 લાખ ક્રિકેટપ્રેમીઓ સ્ટેડિયમમાં પહોંચ્યા...

ગુજરાત | વંદન



ભારતની યજમાનીમાં રમાયેલ આઈસીસી વર્લ્ડકપ 2023માં ઓસ્ટ્રેલિયા છઠ્ઠી વાર ચેમ્પિયન બન્યું છે. જ્યારે ટીમ ઈન્ડિયાનું સપનું ચેમ્પિયન બનવાનું ચકનાચૂર થઈ ગયું છે. આ સ્થિતિ વચ્ચે આ સમગ્ર વર્લ્ડકપની મેચમાં સ્ટેડિયમમાં પહોંચેલા દર્શકોની કુલ સંખ્યા 12.50 લાખથી વધુ હતી, જેના કારણે વર્લ્ડકપમાં દર્શકોનો 8 વર્ષ જૂનો રેકોર્ડ તૂટી ગયો છે. નોંધનીય છે કે, અગાઉ આ રેકોર્ડ 2015માં રમાયેલા વર્લ્ડકપના નામે હતો. એ વર્ષે 10 લાખ 16 હજાર 420 દર્શકોએ સ્ટેડિયમમાં જઈને મેચ જોઈ હતી.

આઈસીસી અનુસાર, 12.50 લાખથી વધુ દર્શકોનો આંકડો ક્રિકેટના ઈતિહાસમાં એક નવો માપદંડ છે. આ અન્ય કોઈપણ આઈસીસી ઈવેન્ટમાં હાજરીના આંકડા કરતાં ઘણો વધારે છે. ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં યોજાયેલા આઈસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2015માં 10 લાખ 16 હજાર 420 દર્શકોએ આકર્ષણ જમાવ્યું હતું. જ્યારે ઈંગ્લેન્ડ અને વેલ્સમાં રમાયેલી 2019ની આવૃત્તિમાં 7.52 લાખ દર્શકો સ્ટેડિયમમાં આવ્યા હતા. નોંધનીય છે કે, વર્લ્ડકપ 2023 5 ઓક્ટોબરથી શરૂ થયો હતો. પ્રથમ મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડ અને રનર અપ ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાઈ હતી. અમદાવાદમાં 19 નવેમ્બરે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી. જેમાં ટીમ ઈન્ડિયાનો પરાજય થતા કરોડો ક્રિકેટ ફેન્સના દિલ તૂટ્યા હતા.

## ICCએ બોલરો માટે ટાઈમ આઉટ જેવા નિયમો પણ બનાવ્યા

# ત્રીજી વખત નવી ઓવર શરૂ કરવામાં 60 સેકેંડથી વધુ સમય લાગશે તો 5 રનની પેનલ્ટી લગાડાશે

ગુજરાત | વંદન




વન-ડે વર્લ્ડકપ સમાપ્ત થયા બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી) એ ક્રિકેટના નિયમોમાં ફેરફાર કર્યા છે. આ ફેરફાર ગેમમાં ગતિ લાવવા માટે કરવામાં આવ્યા છે. આઈસીસીએ બોલર્સ મેટ પણ ટાઈમ આઉટ જેવો નિયમ બનાવ્યો છે. ICCએ કહ્યું કે, જો બોલર એક ઈનિંગમાં ત્રીજી વખત નવી ઓવર શરુ કરવામાં 60 સેકેંડથી વધુ સમય લેશે તો બોલિંગ કરવાનાર ટીમ પર 5 રનની પેનલ્ટી લગાડવામાં આવશે. આ નિયમ હાલ મેન્સ ક્રિકેટમાં વનડે અને ટી-20 ફોર્મેટમાં લાગુ કરવામાં આવશે.

શરૂઆતમાં આ નિયમ ટ્રાયલ માટે લાગુ કરવામાં આવશે અને તેની ઉપયોગિતા અને અસરને ધ્યાનમાં લઈને તેને કાયમી ધોરણે લાગુ કરી શકાય છે. CEC ડિસેમ્બર 2023થી એપ્રિલ 2024 સુધી મેન્સ વનડે અને T20 ક્રિકેટમાં ટ્રાયલ ધોરણે સ્ટોપ વોચ રજૂ કરવા સંમત થયા હતા. આ ઘડિયાળનો ઉપયોગ ઓવરો વચ્ચેનો સમય ઘટાડવા માટે કરવામાં આવશે. ICCએ એક નિવેદનમાં કહ્યું હતું કે, 'જો બોલિંગ કરનાર ટીમ પાછલી ઓવર પૂરી થયાની 60 સેકન્ડની અંદર આગલી ઓવર નાખવા માટે તૈયાર ન હોય અને ઈનિંગમાં ત્રીજી વખત આવું થાય તો પાંચ રનનો દંડ ફટકારવામાં આવશે.'

## શ્રીલંકાના બદલે હવે સાઉથ આફ્રિકામાં યોજાશે

# વિવાદ: અંડર-19 વર્લ્ડકપની યજમાની શ્રીલંકા પાસેથી છીનવી લેવામાં આવી

ગુજરાત | વંદન




વર્લ્ડકપ ક્રિકેટનો ફિવર સમાપ્ત થઈ ગયો છે. આઈસીસીએ તાજેતરમાં જ શ્રીલંકા ક્રિકેટ બોર્ડને બરતરફ કરી દીધું હતું. ત્યારે આ સ્થિતિ વચ્ચે આઈસીસીએ હવે મોટો ઝટકો આપ્યો છે. શ્રીલંકા પાસેથી અંડર-19 વર્લ્ડકપની યજમાની છીનવી લેવામાં આવી છે. જ્યારે અંડર-19 વર્લ્ડ કપનું આયોજન સાઉથ આફ્રિકામાં કરવામાં આવશે.

આઈસીસીએ અમદાવાદમાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લીધો હતો. પહેલા આ વર્લ્ડ કપ ભારતના પાડોશી દેશ શ્રીલંકામાં યોજાવાનો હતો, પરંતુ હવે આઈસીસીએ તેમાં ફેરફાર કરીને આ વર્લ્ડ કપનું આયોજન દક્ષિણ આફ્રિકામાં કરવાનો નિર્ણય લીધો છે. આઈસીસીએ થોડા દિવસ પહેલા શ્રીલંકા ક્રિકેટ બોર્ડને સસ્પેન્ડ કરી દીધું હતું. આઈસીસીએ તેની બેઠકમાં લાંબા સમય સુધી આ અંગે ચર્ચા કરી અને પછી નિર્ણય લીધો કે શ્રીલંકામાં ક્રિકેટ ચાલુ રહેશે પરંતુ બોર્ડના સસ્પેન્શનના નિર્ણયમાં ફેરફાર કરવામાં આવશે નહીં. જેના કારણે શ્રીલંકા ક્રિકેટ બોર્ડ પાસેથી હોસ્ટિંગ છીનવી લેવામાં આવ્યું છે.

અંડર-19 વર્લ્ડ કપ 14 જાન્યુઆરીથી 15 ફેબ્રુઆરી વચ્ચે રમાશે. પરંતુ આ સમય દરમિયાન દક્ષિણ આફ્રિકા 20 લીગનું આયોજન થવાનું છે. આ લીગ 10 જાન્યુઆરીથી 10 ફેબ્રુઆરી વચ્ચે રમાશે. આવી સ્થિતિમાં દક્ષિણ આફ્રિકાને બંને ટૂર્નામેન્ટના આયોજનમાં મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. ઓમાન અને યુએઈમાં અંડર-19 વર્લ્ડ કપનું આયોજન કરવા માટે પણ વિચારણા કરવામાં આવી હતી, પરંતુ ત્યાં ઉપલબ્ધ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે દક્ષિણ આફ્રિકાને પ્રાથમિકતા આપવામાં આવી હતી.

ભારતીય ક્રિકેટ ટીમ અંડર-19 વર્લ્ડ કપની સૌથી સફળ ટીમ છે. ભારત પાંચ વખત ટાઈટલ જીત્યું છે. કૈફની કપ્તાનીમાં ભારતે પહેલીવાર 2000માં આ ખિતાબ જીત્યો હતો. આ પછી 2008માં વિરાટ કોહલીની કપ્તાનીમાં ભારત બીજી વખત અંડર-19 વર્લ્ડ કપમાં ચેમ્પિયન બન્યું હતું. 2012માં ઉન્મુક્ત ચંદની કેપ્ટનશીપમાં ભારતે ફરીથી ટાઈટલ જીત્યું. 2018 માં, ભારત પૃથ્વી શૉની કપ્તાની હેઠળ ફરીથી ચેમ્પિયન બન્યું અને 2022 માં યશ ધુલની કેપ્ટન્સીમાં આ ટાઈટલ જીત્યું. ટીમ હવે ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે દક્ષિણ આફ્રિકામાં પ્રવેશ કરશે.

## ફિફા વર્લ્ડકપ વિજેતા કેપ્ટનની જર્સીની કરાશે હરાજી

# મેસ્સીએ ફાઈનલમાં પહેરેલી જર્સીને 83 કરોડ રૂપિયા મળવાની આશા

ગુજરાત | વંદન




ફિફા ફૂટબોલ વર્લ્ડકપ 2022 વિજેતા ટીમના કેપ્ટન લિયોનેલ મેસ્સી દ્વારા પહેરવામાં આવેલી છ જર્સીની હરાજી કરવામાં આવશે. મેસ્સીએ ફાઈનલમાં પહેરેલી જર્સીને 83 કરોડ રૂપિયા મળવાની આશા છે. સોથેબીના જણાવ્યા અનુસાર, હરાજી પહેલા ન્યૂયોર્કમાં સોથેબીના હેડક્વાર્ટરમાં 30 નવેમ્બરથી 14 ડિસેમ્બરની વચ્ચે જર્સીનું એક પ્રદર્શન રાખવામાં આવ્યું છે. પ્રદર્શન માટે કોઈ ફી નથી.

આ પહેલા મેરેડોનાની જર્સી 2022ની હરાજીમાં 74.14 કરોડ રૂપિયામાં વેચાઈ હતી. આ કોઈપણ ફૂટબોલ ખેલાડીની સૌથી મોંઘી જર્સી હતી. લિયોનેલ મેસ્સીની જર્સીની ન્યૂયોર્કમાં સોથેબી દ્વારા હરાજી કરવામાં આવશે. 'હેન્ડ ઓફ ગોડ' ગોલ કરતી વખતે ડિએગો મેરેડોનાએ પહેરેલી જર્સી અને ફૂટબોલની પણ સોથેબી દ્વારા હરાજી કરવામાં આવી હતી.

કતારમાં આયોજિત 2022 ફિફા ફૂટબોલ વર્લ્ડ કપમાં આર્જેન્ટિનાએ ફાઈનલમાં ફ્રાંસને પેનલ્ટી શૂટઆઉટમાં હરાવીને ટાઈટલ જીત્યું હતું. બંને ટીમ નિર્ધારિત સમયમાં 2-2થી બરાબરી પર હતી. વધારાના સમય બાદ પણ સ્કોર 3-3ની બરાબરી પર રહ્યો હતો. આ પછી પેનલ્ટી શૂટઆઉટ દ્વારા વિજેતાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

નોંધનીય છે કે, આર્જેન્ટિનાના કેપ્ટન લિયોનેલે કતારમાં પહેરેલી સાત જર્સીમાંથી છ ન્યૂયોર્કમાં વેચાણ માટે મુકશે. આમાં તે જર્સી પણ સામેલ છે જે તેણે ફ્રાન્સ સામેની ફાઈનલમાં ઐતિહાસિક જીત દરમિયાન પહેરી હતી. મેસ્સી ટુર્નામેન્ટમાં તમામ 7 મેચ રમ્યો હતો. તેની 3 લીગ મેચમાં પહેરવામાં આવેલી જર્સી હરાજીમાં સામેલ નથી, કારણ કે તેણે ઓસ્ટ્રેલિયાના સભ્ય કેમરૂન ડેવલિન સાથે જર્સીની અદલાબદલી કરી હતી.

# ઓલિમ્પિક્સ માટે અમદાવાદમાં સ્પોર્ટ્સ વિલેજ તૈયાર કરાશે

ગુજરાત | વંદન

વર્ષ 2036માં રમાનાર ઓલિમ્પિકનું યજમાન ભારત હોવાનુ મનાય છે ત્યારે ઓલિમ્પિક 2036ને લઈ તડામાર તૈયારીઓ કરવાની શરુ કરાઈ છે. આ માટે અમદાવાદમાં સ્પોર્ટ્સ વિલેજ તૈયાર કરવામાં આવશે. આશરે 3000 ખેલાડીઓ વસવાટ કરી શકે એ માટે થઈને તૈયારીઓ શરુ કરવામાં આવી છે. તમામ સુવિધાઓ સાથે આ વિલેજ તૈયાર કરવામાં આવી શકે છે. મહિનાના અંત સુધીમાં માસ્ટર પ્લાનીંગ તૈયાર કરવામાં આવશે.

ઔડાના સીઈઓ ડીપી દેસાઈએ મીડિયાને આપેલી માહિતી અનુસાર અમદાવાદમાં સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્કલેવમાં અથવા રિવરફ્રન્ટ ફેઝ-2 પાસે સ્પોર્ટ્સ વિલેજ તૈયાર કરવામાં આવી શકે છે. આ માટે આગામી વર્ષની શરુઆતે પ્લાનીંગ અને ડિઝાઈન ઓલિમ્પિક સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી શકે છે. વર્ષ 2024માં સ્પોર્ટ્સ વિલેજને તૈયાર કરવાનુ કામકાજ શરુ કરવામાં આવશે. ઓલિમ્પિક માટેના આંતરરાષ્ટ્રીય કક્ષાના ધારાધોરણો સાથેના સ્ટેડીયમ, વિશ્વભરમાંથી આવનારા એથલેટ્સ માટે લગભગ 25 હજારથી વધુ આવાસો, જરૂરી વાહન વ્યવહારની સવલત, એથ્લેટ્સના સરળ આવાગમન માટેના રોડ રસ્તા, વિશ્વભરમાંથી આવનારા દર્શકોની સંખ્યાને ધ્યાને લઈને હોટેલ સહિતની કોમર્શિયલ પ્રોપર્ટીને વિકસાવવી જેવી તમામ બાબતોનો ઝીણવટભર્યો અભ્યાસ કરીને તે મુજબના વિકાસ માટે ડેવલપમેન્ટ પ્લાનમાં જરૂરી જોગવાઈઓ કરવામાં આવશે.

# ઓસ્ટ્રેલિયા સામેની ટી-20 સિરીઝમાં સેમસન અને ચહલને ફરી પડતા મુકાયા

ગુજરાત | વંદન




ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ હાલ પાંચ મેચોની ટી-20 સિરીઝ રમાઈ રહી છે. આ સિરીઝમાં સિનિયર ખેલાડીઓને આરામ અને યુવા ખેલાડીઓને તક આપવામાં આવી છે. જોકે, પસંદગીકારોએ 15 સભ્યોની ટીમમાં સંજુ સેમસન, લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલ, ભૂવનેશ્વર કુમાર અને રિયાન પરાગને તક આપી નથી. પરિણામે ક્રિકેટ નિષ્ણાતોમાં એવો સવાલ થઈ રહ્યો છે કે, ચહલ અને સંજુ સેમસનને કેમ ટીમ ઈન્ડિયામાં સ્થાન આપવામાં આવ્યું નથી.?

પસંદગીકારોએ તે ખેલાડીઓ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે જેમણે આયરલેન્ડ વિરૂદ્ધ ત્રણ મેચની ટી-20 સિરીઝ અને પછી ચીનમાં રમાયેલ એશિયન ગેમ્સ 2023માં સારૂ પ્રદર્શન કર્યું છે. આ સાથે તે ખેલાડીઓને પણ મહત્ત્વ આપવામાં આવ્યું છે જેમનું આઈપીએલ ગત બે સિઝનમાં સારૂ રહ્યું છે. તાજેતરમાં રમાયેલી સૈયદ મુશ્તાક અલી ટી-20 ટ્રોફીમાં સામેલ ખેલાડીઓને પ્રદર્શનના આધાર પર તક આપવામાં આવી નથી જેમાં ભૂવનેશ્વર કુમાર, અભિષેક શર્મા અને રિયાન પરાગ સામેલ છે.


સંજૂ સેમસન સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની આ સિઝનમાં સારૂ પ્રદર્શન કરી શક્યો નહતો. સંજૂ સેમસને 8 મેચમાં 138 રન બનાવ્યા હતા જેમાં તેની એવરેજ 27ની હતી અને સ્ટ્રાઈક રેટ 145ની નજીક હતો. બે અડધી સદી પણ તેને ફટકારી છે પરંતુ પસંદગીકારોને તેનું સિલેક્શન ટી-20 ટીમમાં કરવામાં પરેશાની જોવા મળી હતી અને તેમણે યુવા જિતેશ શર્માની પસંદગી કરી હતી. વીવીએસ લક્ષ્મણ આ સિરીઝ માટે કોચ હશે.

યુઝવેન્દ્ર ચહલને પણ ટી-20 સિરીઝમાં તક આપવામાં આવી નથી. યુઝવેન્દ્ર ચહલ છેલ્લા કેટલાક સમયથી ટીમ ઈન્ડિયાની બહાર છે. વર્લ્ડકપ 2023ની ટીમમાં પણ ચહલનો સમાવેશ કરવામાં આવ્યો નહતો. ચહલ ભારતની કેટલીક મેચમાં ટીમ ઈન્ડિયાને સપોર્ટ કરવા માટે મેદાનમાં જોવા મળતો હતો.

## અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે ટી-20 શ્રેણીનું શેડ્યૂલ જાહેર કર્યું

# જાન્યુઆરીમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ટી-20 સિરીઝ ભારતમાં રમાશે

ગુજરાત | વંદન



2023ના છેલ્લા માસમાં એટલે કે ડિસેમ્બરમાં ભારતીય ટીમે સાઉથ આફ્રિકાનો પ્રવાસે ખેડવાનો છે. જોકે, આ સિરીઝ પત્યા બાદ 2024 જાન્યુઆરીમાં અફઘાનિસ્તાનની ટીમ ટી-20 સિરીઝ રમવા ભારત આવશે. આ અંગેની જાણકારી અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે આ શ્રેણીનું શેડ્યૂલ જાહેર કર્યું છે.

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રણ ટી-20 મેચોની સિરીઝનો આરંભ 11 જાન્યુઆરીથી થશે. શ્રેણીની પ્રથમ મેચ 11 જાન્યુઆરીએ મોહાલીમાં રમાશે, જ્યારે બીજી 14 જાન્યુઆરીએ ઈન્દોરમાં અને ત્રીજી મેચ 17 જાન્યુઆરીએ બેંગલુરુમાં રમાશે.

અફઘાન સામેની શ્રેણી બાદ ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડ સામે 5 ટેસ્ટ મેચની બે મહિના લાંબી શ્રેણી રમવાની છે. આફ્રિકા અને ઈંગ્લેન્ડ સામેની શ્રેણી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના દૃષ્ટિકોણથી મહત્વપૂર્ણ છે. જેના પગલે બીસીસીઆઈ અફઘાનિસ્તાન સામે યુવા ખેલાડીઓની ટીમને મેદાનમાં ઉતારી શકે છે, કારણ કે આ શ્રેણી પહેલા ટીમ ઈન્ડિયાને દક્ષિણ આફ્રિકાના પ્રવાસે જવાનું છે, આવી સ્થિતિમાં સંપૂર્ણ તાકાતવાળી ટીમ આફ્રિકા પ્રવાસ પર જશે. આવી સ્થિતિમાં, સિલેક્ટર્સ વર્ષના પ્રથમ હોમ અસાઈનમેન્ટ પર સિનિયરને આરામ આપી શકે છે.

# ભારતીય સ્ટાર પંકજ અડવાણીએ 26મી વખત વર્લ્ડ બિલિયર્ડ્સ ચેમ્પિયનશિપ જીતી

ગુજરાત | વંદન



ભારતીય સ્ટાર પંકજ અડવાણીએ 26મી વખત વર્લ્ડ બિલિયર્ડ્સ ચેમ્પિયનશિપ જીતી છે. પંકજે કુઆલાલંપુરમાં લોન્ગ ફોર્મેટનો ખિતાબ જીત્યો હતો. 38 વર્ષના ક્યુ સ્ટાર પંકજે ફાઈનલ મેચમાં પોતાના જ દેશના સૌરવ કોઠારીને 1000-416થી હરાવ્યો હતો.

તેણે 18મી વખત બિલિયર્ડ્સ ટાઈટલ જીત્યું છે. 20 વર્ષ પહેલા આજના દિવસે 21 નવેમ્બર 2003ના રોજ પંકજે તેનું પહેલું વર્લ્ડ ટાઈટલ જીત્યું હતું. પછી તે સ્નૂકરમાં વર્લ્ડ ચેમ્પિયન બન્યા. જે બાદ પંકજે 2005માં બિલિયર્ડનું પ્રથમ વર્લ્ડ ટાઈટલ જીત્યું હતું.

પંકજે પોઈન્ટ ફોર્મેટમાં આ ખિતાબ જીત્યો છે. તેને લોન્ગ ફોર્મેટ કહેવામાં આવે છે. આ કેટેગરીમાં, ખેલાડીએ મેચ જીતવા માટે એક હજાર પોઈન્ટ બનાવવાના હોય છે, જ્યારે સમયના ફોર્મેટમાં આ પોઈન્ટને અલગ-અલગ ફ્રેમમાં વહેંચવામાં આવ્યા છે. 150 પોઈન્ટની ફ્રેમ હોય છે. આ ફોર્મેટમાં, ખેલાડીએ ફ્રેમ જીતવા માટે 150 પોઈન્ટ બનાવવાના હોય છે. આ શ્રેણીની મેચો બેસ્ટ ઓફ 3, બેસ્ટ ઓફ 5 અને બેસ્ટ ઓફ 7ના આધારે રમાય છે. ભારતના બે ખેલાડીઓ ફાઈનલમાં પહોંચ્યા હતા. પંકજ સૌરવ કોઠારી સામે સ્પર્ધામાં હતા. પંકજે તેને એકતરફી હરાવ્યો. તેમની જીતનું માર્જીન 1000-416 હતું.

# ICCએ વેસ્ટ ઈન્ડિઝના ખેલાડી માર્લન સેમ્યુઅલ્સ પર લગાવ્યો 6 વર્ષનો પ્રતિબંધ

■ માર્લન સેમ્યુઅલ્સે વેસ્ટ ઈન્ડિઝ માટે છેલ્લી ટેસ્ટ મેચ વર્ષ 2016માં રમી હતી

ગુજરાત | વંદન




વેસ્ટ ઈન્ડિઝના દિગ્ગજ ક્રિકેટ માર્લન સેમ્યુઅલ્સ પર ICCએ 6 વર્ષ માટે પ્રતિબંધ મુક્યો છે. સેમ્યુઅલ્સે ઘણી વખત વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ ટીમ માટે શાનદાર પ્રદર્શન કર્યું છે. તે ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્ત થયા બાદ લીગ ક્રિકેટ રમે છે. પરંતુ હવે ભ્રષ્ટાચારના મામલામાં દોષી હોવાના કારણે તેના પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સેમ્યુઅલ્સ આગામી 6 વર્ષ સુધી કોઈપણ ફોર્મેટમાં રમી શકશે નહીં.

માર્લન સેમ્યુઅલ્સને અમીરાત ક્રિકેટ બોર્ડના એન્ટી કરપ્શન કોડ સાથે સંબંધિત નિયમોનો ભંગ કરવા બદલ દોષી ઠેરવવામાં આવ્યો છે. ICC એચઆર અને ઈન્ટીગ્રીટી યુનિટના હેડ એલેક્સ માર્શાને આજે આ પ્રતિબંધની જાહેરાત કરી હતી. તેણે કહ્યું, 'સેમ્યુઅલ્સ લગભગ બે દાયકાથી ઈન્ટરનેશનલ ક્રિકેટ રમી રહ્યો છે. આ દરમિયાન તેણે ઘણી વખત એન્ટી કરપ્શન સેશનમાં ભાગ લીધો હતો. તે જાણતો હતો કે એન્ટી કરપ્શનને લઈને શું જવાબદારીઓ બને છે. તે નિવૃત્ત થઈ ચુક્યો છે. પરંતુ જ્યારે ગુનો આચરવામાં આવ્યો ત્યારે તે ટીમનો ભાગ હતો.

## IPLમાં કોલકાતાને ચેમ્પિયન બનાવનાર ગૌતમ ગંભીરની ટીમમાં વાપસી

# શાહરૂખ ખાનની KKR ટીમ માટે ગૌતમ ગંભીરને મેન્ટર તરીકે નિયુક્ત કરાયા

ગુજરાત | વંદન




ભારતીય ટીમના પૂર્વ ક્રિકેટર અને આઈપીએલમાં કોલકાતા નાઈટ રાઈડર્સના પૂર્વ કેપ્ટન ગૌતમ ગંભીર કોલકાતાની ટીમમાં પરત ફર્યો છે. ટી-20 ક્રિકેટની સૌથી લોકપ્રિય લીગ પૈકી એક ઈન્ડિયન પ્રીમિયર લીગ આઈપીએલ 2024માં શાહરૂખ ખાનની ટીમ કોલકાતાએ ગૌતમ ગંભીરને મેન્ટર તરીકે નિયુક્ત કર્યા છે.

કોલકાતા નાઈટ રાઈડર્સે આઈપીએલમાં અત્યાર સુધી માત્ર બે વખત ટ્રોફી જીતી છે અને બંને વખત તેમની ટીમનો કેપ્ટન ગૌતમ ગંભીર હતો. લખનઉ સુપર જાયન્ટ્સથી અલગ થયેલા ગૌતમ ગંભીરે હવે પોતાની જૂની ટીમ સાથે જોડાઈ ગયો છે. અગાઉ શાહરૂખ ખાને પણ ગૌતમ ગંભીર પરત થવાના સંકેત આપ્યા હતા. આઈપીએલ 2012 અને આઈપીએલ 2014ના ટાઈટલ જીતીને બે વાર KKRને ચેમ્પિયન પણ બનાવી હતી.

ભારતીય ક્રિકેટ ટીમના આ પૂર્વ બેટ્સમેને આઈપીએલ 2011થી આઈપીએલ 2017 સુધી કોલકાતા નાઈટ રાઈડર્સ માટે ક્રિકેટ રમી હતી, પરંતુ આઈપીએલ 2018માં તે દિલ્હીની ટીમમાં પાછો ફર્યો હતો, ત્યારબાદ તેણે આઈપીએલમાંથી નિવૃત્તિ પણ લઈ લીધી હતી. છેલ્લે તે લખનઉ સુપર જાયન્ટ્સમાં મેન્ટર હતો.

### મંદિર પરિસરની પવિત્રતા, પરંપરા અને સંસ્કૃતિને સુરક્ષિત રાખવાના પ્રયાસો

# મહારાષ્ટ્રમાં 100 કરતા વધુ મંદિરોમાં ડ્રેસ કોડ લાગૂ કરાયો, હાફ પેન્ટ નહીં ચાલે..!

ગુજરાત | વંદન

મહારાષ્ટ્રના ખૂબ જાણીતા મંદિર સહિત અંદાજે 112 મંદિરોમાં હવે દર્શનાર્થીઓએ મંદિરમાં હાફ પેન્ટ, બાંય વગરના ટીશર્ટ જેવા વસ્ત્રો પહેરીને દર્શન નહીં કરી શકે. મંદિરની ગરિમાને ધ્યાનમાં રાખીને રાજ્યના વિવિધ જિલ્લાઓના 114 મંદિરમાં વત્રસંહિતા એટલે કે ડ્રેસ કોડ લાગુ કરાઈ છે, જેમાં મુંબઈ, થાણે, રાયગઢ અને પાલઘરના 18 મંદિરમાં આ નિયમ શુક્રવારથી લાગુ કરવામાં આવ્યા હોવાનું મુંબઈના શિતલાદેવી મંદિરમાં આયોજિત પત્રકાર પરિષદ દરમિયાન મહારાષ્ટ્ર મંદિર મહાસંઘના સભ્યએ જણાવ્યું હતું.

અકોલા, ધૂળે, નાસિક, અમરાવતી, અહિલ્યાનગરના મંદિરોમાં પણ વત્ર સંહિતા લાગુ કરાઈ છે. આ મામલે જેએસબી ટ્રસ્ટના અધ્યક્ષ, જીવદાની મંદિરના અધ્યક્ષ કર્જતના ગણપતિ મંદિરના ટ્રસ્ટી સહિત અન્ય લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

મહારાષ્ટ્ર મંદિર મહાસંઘ દ્વારા દાદરના સ્વાતંત્ર્યવીર સાવરકર રાષ્ટ્રીય સ્મારકમાં મુંબઈ, થાણે, રાયગઢ અને પાલઘરના મંદિરોના ટ્રસ્ટીઓની બેઠકનું આયોજન કરાયું હતું. દરમિયાન મંદિરોમાં ડ્રેસ કોડ લાગુ કરવાના પ્રસ્તાવને ટ્રસ્ટીઓની મંજૂરી મળી હતી. વર્ષ 2020માં મહારાષ્ટ્ર સરકારે તેની છબી ખરાબ ન થાય તે હેતુથી રાજ્યના તમામ સરકારી કાર્યાલયોમાં જીન્સ પેન્ટ, ટી-શર્ટ અને ચમકીલા કપડાઓ પર પ્રતિબંધ લગાવીને ડ્રેસ કોડ લાગુ કરાયો હતો.




મંદિરમાં અંગ પ્રદર્શન કરનારા અને અશોભનીય, અશ્લિલ તથા રિવીલિંગ ડ્રેસ પહેરીને લોકો આવે છે. હિંદુ ધર્મના હિસાબે સાત્વિક પોશાક પહેરીને મંદિરમાં પ્રવેશતા ભાવિકો મંદિર પરિસરની પવિત્રતા, પરંપરા અને સંસ્કૃતિ સુરક્ષિત રહે છે અને મંદિરની સકારાત્મકતાનો લાભ મળે છે. મંદિરમાં ડ્રેસ કોડ લાગુ કરવાનો હેતુ આ જ છે, એવું બેઠકમાં ઉપસ્થિત ટ્રસ્ટીએ જણાવ્યું હતું.

બાર જ્યોતિર્લિંગ પૈકી ઉજ્જૈનના મહાકાળેશ્વર મંદિર, મહારાષ્ટ્રના ઘૃષ્ણેશ્વર મંદિર, વારાણસીનું કાશી વિશ્વનાથ મંદિર, આંધ્ર પ્રદેશનું તિરુપતિ બાલાજી મંદિર, કેરળનું પ્રખ્યાત પદ્મનાભસ્વામી મંદિર, કન્યાકુમારી માતા જેવા પ્રસિદ્ધ મંદિરોમાં છેલ્લાં અનેક વર્ષોથી વત્રસંહિતા લાગુ છે. ગોવાના પણ મોટા ભાગના મંદિરો અને મોટા ચર્ચમાં પણ વત્રસંહિતા લાગુ છે તેથી મહારાષ્ટ્રના પણ બધા જ મંદિરોમાં ડ્રેસ કોડ લાગુ કરીને આપણી સંસ્કૃતિને જાળવી રાખવાનું લક્ષ્ય મહારાષ્ટ્ર મંદિર મહાસંઘનું હોવાનું જાણવા મળ્યું હતું.

# પાંચ ચૂંટણી રાજ્યોમાં 1760 કરોડ રૂપિયાની રોકડ, ડ્રગ્સ, દારૂ જપ્ત

■ પંચનો દાવો છે કે, આ વસ્તુઓ મતદારોને રીઝવવા માટે હતી

ગુજરાત | વંદન



ચૂંટણી પંચે સોમવારે જણાવ્યું હતું કે પાંચ ચૂંટણી જંગી રાજ્યોમાં 1,760 કરોડ રૂપિયાથી વધુની કિંમતની મફત વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. જેમાં ડ્રગ્સ, રોકડ, દારૂ અને કિંમતી સામાનનો સમાવેશ થાય છે. પંચે દાવો કર્યો હતો કે આ તમામ બાબતો મતદારોને રીઝવવા માટે છે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને મિઝોરમમાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન થયું છે, જ્યારે રાજસ્થાનમાં 25મીએ અને તેલંગાણામાં 30મી નવેમ્બરે મતદાન થશે.

ચૂંટણી પંચે કહ્યું કે રોકડ, દારૂ, દવાઓ અને ધાતુથી બનેલી ભેટ સૌથી વધુ તેલંગાણામાં જપ્ત કરવામાં આવ્યા હતા. મફત વસ્તુઓમાંથી સૌથી વધુ રૂ. 341 કરોડની રકમ રાજસ્થાનમાં જપ્ત કરવામાં આવી છે. પંચે દાવો કર્યો હતો કે પાંચ રાજ્યોની ચૂંટણી દરમિયાન 1760 કરોડ રૂપિયાની આ જપ્તી 2018માં આ રાજ્યોમાં યોજાયેલી ચૂંટણીનું પરિણામ છે.

આ દરમિયાન થયેલી જપ્તી કરતાં આ છ ગણી વધારે છે. રસપ્રદ વાત એ છે કે, ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, મિઝોરમમાં કોઈ રોકડ કે કિંમતી ચીજવસ્તુઓ જપ્ત કરવામાં આવી ન હતી, પરંતુ અધિકારીઓએ રૂ. 29.82 કરોડના માદક દ્રવ્યો જપ્ત કર્યા હતા. ચૂંટણી પંચે વિવિધ સેવાઓના આદેશ આપ્યા છે 228 અધિકારીઓને એક્સપ્રેસ સુપરવાઈઝર તરીકે પોસ્ટ કરેલ. બંધ મોનીટરીંગ માટે 194 વિધાનસભા મતવિસ્તારો વધુ ખર્ચ સાથે બેઠકો માટે માં ચિહ્નિત કરવામાં આવ્યું હતું. કમિશનનું માનવામાં આવે છે કે જપ્તીનો આ આંકડો વધશે.

## ‘જો ટીમ ઈન્ડિયા વર્લ્ડકપ જીતી હોત તો તેને રાજસ્થાન ચૂંટણીમાં ભાજપનો વટાવવાનો પ્લાન હતો’

ગુજરાત | વંદન



રાજસ્થાન વિધાનસભાની ચુંટણીના પ્રચાર પડઘમ ભલે હાલ શાંત થઈ ગયા પણ ચૂંટણી દરમિયાન ક્રિકેટ વર્લ્ડ કપની ચર્ચા શાંત થવાનું નામ નથી લેતી. આ મામલે કોંગ્રેસની પ્રવકતા સુપ્રિયા શ્રીનેતે ભાજપ પર આરોપ લગાવતા કહ્યું હતું કે વર્લ્ડકપમાં જો ભારત જીત્યું હોત તો આ જીતને રાજસ્થાન ચૂંટણીમાં વટાવવાની ભાજપે અગાઉથી તૈયારી કરી લીધી હતી,

કોંગ્રેસ પ્રવકતાએ ભાજપના એક નેતાના હવાલાથી આ દાવો કર્યો છે. શ્રીનેતે દાવો કર્યો હતો કે જયપુર એરપોર્ટમાં ભાજપના એક નેતા મળી ગયા હતા. તેણે જે વાત કરી હતી તેનાથી હું આશ્ચર્યચકીત છું. તેણે કહ્યું હતું કે આખા રાજસ્થાનમાં વડાપ્રધાન મોદીના વર્લ્ડકપ સાથેના પોસ્ટરો અને હોર્ડીંગ તૈયાર રાખ્યા હતા. જો ભારતીય ટીમ વર્લ્ડકપમાં જીતી ગઈ હોત તો હાલ લાગેલા બધા હોર્ડીંગ રિપ્લેસ કરી તેની જગ્યાએ વર્લ્ડકપના પોસ્ટરો લગાવાયા હોત. સુપ્રિયાએ કહ્યું હતું કે ભાજપના એક નેતાએ ફોન પર મને આવા એક પોસ્ટરની તસવીર દેખાડી હતી.

જેમાં હાથમાં ટ્રોફી લઈ ઈન્ડિયા જર્સી પહેલા મોદી વિકટરીની નિશાની દેખાડતા જોવા મળે છે. સુપ્રિયાએ જણાવ્યું હતું કે ટીમ ઈન્ડિયાને ખુલી બસમાં જયપુર સહિત કેટલીક રાજધાનીઓમાં ફેલાવવાનો પણ પ્લાન હતો. સુપ્રિયાએ કહ્યું કે મેં તે ભાજપ નેતાને પિક્ચર શેર કરવાનો આગ્રહ કરતા કહ્યું તો તેમણે કહ્યું કે- તો હું ફસાઈ જાઉં.

# ડિપફેક ફોટો-વિડિયોના મામલે સંસદમાં નવો કાયદો લાવવા માટેની હિલચાલ શરૂ

■ રેગ્યુલેશન ડ્રાફ્ટ થોડા અઠવાડિયામાં તૈયાર થઈ જશે- આઈટીમંત્રીની જાહેરાત

ગુજરાત | વંદન

કેન્દ્રીય સંચાર અને માહિતી પ્રૌદ્યોગિક મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે એટલે કે ગુરુવારે ડીપફેક મુદ્દે સોશિયલ મીડિયા પ્લેટફોર્મના પ્રતિનિધિઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આઈટી વિભાગના મંત્રી અશ્વિની વૈષ્ણવના જણાવ્યાં અનુસાર, કેન્દ્ર સરકાર ડીપફેક મુદ્દે સતર્ક છે અને તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મના પ્રતિનિધિઓ સાથેની બેઠકમાં નિયમનનો ડ્રાફ્ટ તૈયાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમ મનાય છે કે સંસદના શિયાળુ સત્રમાં આ અંગેનો કોઈ નવો કાયદો અથવા સુધારા વિધેયક રજૂ થવાની શક્યતા છે. કેમ કે સરકાર ડિપ ફેકના જોખમને હળવાશથી લેવા તૈયાર નથી.

તાજેતરમાં જ રશ્મિકા મંદાના ઘણા બોલિવૂડ કલાકારોને નિશાન બનાવતા ઘણા ડીપફેક વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સર્ક્યુલેટ થયા હતા. આ અંગે અનેક લોકોએ નારાજગી વ્યક્ત કરી હતી. આનાથી નકલી સામગ્રી બનાવવા માટે ટેક્નોલોજી અને સાધનોના દુરુપયોગને લગતા ઘણા પ્રશ્નો પણ ઉભા થયા છે.

વૈષ્ણવે જણાવ્યું કે, ડીપફેક સમાજમાં એક




મોટા ખતરા તરીકે ઉભરી આવ્યા છે. ખોટો ઓડિયો કે વિડિયો બનાવવામાં આવે છે, જેનાથી સમાજને નુકસાન થઈ રહ્યું છે. આની સામે વહેલી તકે પગલાં લેવાની જરૂર છે. આજે કેન્દ્ર સરકારે તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સાથે લાંબી બેઠક કરી હતી. કેન્દ્ર સરકાર સાથેની બેઠકમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે તેમના આંતરરાષ્ટ્રીય અનુભવો શેર કર્યા અને આ જોખમને સ્વીકાર્યું છે.

કેન્દ્રીય મંત્રીના કહેવા પ્રમાણે, રેગ્યુલેશન ડ્રાફ્ટ થોડા અઠવાડિયામાં તૈયાર થઈ જશે. આજની બેઠકમાં તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. AI ક્ષેત્રમાં કામ કરતી કંપનીઓના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા. આગામી બેઠક ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં યોજાશે. ત્યાં સુધી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે સરકારને કહ્યું છે કે, તેઓ તેમના સ્તરે જે પણ પગલાં લઈ શકે છે તે લેશે. તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સાથેની બેઠકમાં આના પર એક નિયમ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને તેને આ 4 પગલાંથી રોકી શકાય છે.


1. કેવી રીતે જાણવું કે તે ડીપફેક છે?
2. તેને કેવી રીતે રોકવું?
3. રિપોર્ટિંગ મિકેનિઝમને કેવી રીતે મજબૂત બનાવવું?
4. આ અંગે જાગૃતિ વધારવા વિશે વાત કરવી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે ચેતવણી આપી હતી કે, એઆઇ સાથે બનેલા ડીપફેક મોટું સંકટ પેદા કરી શકે છે. સમાજમાં અસંતોષ પેદા કરી શકે છે. તેમણે મીડિયાને પણ તેના દુરુપયોગ વિશે જાગૃતિ લાવવા અને લોકોને શિક્ષિત કરવા વિનંતી કરી. વૈષ્ણવે ચેતવણી આપી હતી કે, જો પ્લેટફોર્મ ડીપફેક દૂર કરવા માટે પર્યાપ્ત પગલાં નહીં ભરે, તો તેમને આઈટ એક્ટ હેઠળ હાલમાં મળેલી ‘સેફ હાર્બર ઈમ્યુનિટી (સુરક્ષિત હાર્બર પ્રતિરક્ષા) આપવામાં આવશે નહીં.

સરકારે તાજેતરમાં આ મુદ્દે કંપનીઓને નોટિસ પાઠવી હતી. મંત્રીએ એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, કંપનીઓએ આવી સામગ્રી સાથે વ્યવહાર કરવા માટે વધુ આક્રમક પગલાં લેવા પડશે. વૈષ્ણવે ગયા સપ્તાહના અંતે પત્રકારો સાથે વાત કરતાં એમ પણ કહ્યું હતું કે, આ મુદ્દે તમામ ફોરમના પ્રતિનિધિઓ સાથે બેઠક બોલાવવામાં આવશે. મેટા અને ગૂગલ જેવા મોટા પ્લેટફોર્મને મીટીંગમાં આમંત્રિત કરવાના પ્રશ્ન પર મંત્રીએ હકારાત્મક જવાબ આપ્યો હતો.

# પાંચ રાજ્યોના પરિણામ બાદ તરત જ સંસદના શિયાળુ સત્રનો પ્રારંભ

### 4 ડિસે.થી શરૂ થતાં સત્રમાં મહુવા મોઈત્રા સહિતના મુદ્દા ચર્ચાઇ શકે



ગુજરાત | વંદન

પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીનાં પરિણામોના બીજા જ દિવસે ચોથી ડિસેમ્બરથી સંસદનું શિયાળુ સત્ર શરૂ થશે, ત્યારે ચૂંટણીનાં પરિણામો પરથી જ સત્તાપક્ષ કે વિપક્ષ કોણ આક્રમક વલણ અપનાવશે તે નક્કી થશે. આ સત્રમાં કેશ ફોર ક્વેરાના આરોપનો સામનો કરી રહેલી ટીએમસીના સાંસદ મહુવા મોઈત્રાનો મામલો પણ ચગી શકે તેમ છે.

વિપક્ષ જે મુદ્દા ઉછાળશે તેમાં જાતિ આધારિત વસ્તી ગણતરીની માગ મુખ્ય જણાય છે. ઈડી, સીબીઆઈ જેવી કેન્દ્રીય એજન્સીઓની કથિત એકતરફી કાર્યવાહી સામે પણ ‘ઈન્ડિયા’ જોડાણ આક્રમક છે.

સૂત્રો કહે છે કે, ભાજપ આ સત્રમાં સમાન નાગરિક સંહિતા પર પણ ચર્ચા છેડશે. જો કે, આ મુદ્દા પર કાયદા પંચે હજુ તેનો અહેવાલ કેન્દ્ર સરકારને સોંપ્યો નથી. એ સિવાય મોદી સરકાર શિયાળુ સત્રમાં આઈપીસી, સીઆરપીસી અને એવિડન્સ લો સાથે જોડાયેલા ત્રણેય વિધેયક પણ પસાર કરાવી શકે છે. ઉપરાંત આમ આદમી પાર્ટીના સાંસદ રાઘવ ચઢ્ઢાને સસ્પેન્ડ કરવાનો મામલો પણ ગૃહમાં ગાજી શકે છે.

વિતેલા સત્રમાં આઈપીસી, સીઆરપીસી સંબંધિત વિધેયક ગૃહમંત્રાલયની સંસદીય સ્થાયી સમિતિને મોકલાયા હતા. સમિતિએ ત્રણેય વિધેયક પર તેની ભલામણો આપી દીધી છે.

### નવી બીમારીને લઈ સ્વાસ્થ્ય મંત્રાલયનું નિવેદન

# ભારત કોઈ તબીબી પરિસ્થિતિ ને પહોંચી વળવા માટે સુસજ્જ



ગુજરાત | વંદન

ચીનમાં કોરોના બાદ હવે એક અન્ય મુશ્કેલી સામે આવી છે. વાત જાણે એમ છે કે, ચીનમાં રહસ્યમય ન્યુમોનિયાનો પ્રકોપ ઝડપથી ફેલાઈ રહ્યો છે. જેના કારણે હોસ્પિટલમાં દાખલ બાળકોની સંખ્યા ઝડપથી વધી રહી છે. દર્દીઓની સંખ્યામાં ઝડપથી વધારો થતા આરોગ્ય અધિકારીઓ ચિંતાતુર બન્યા છે.

ભારતના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયનું કહેવું છે કે, તે ચીનમાં H9N2 ના કેસ અને બાળકોમાં ઝડપથી ફેલાતા શ્વસન રોગ પર નજીકથી નજર રાખી રહ્યું છે. હાલમાં ચીનમાં ઉભરી રહેલા એવિયન ઈન્ફલ્યુએન્ઝાના કેસો સાથે ભારતમાં શ્વસન સંબંધી રોગ ફેલાવાનું ઓછું જોખમ છે. ભારત કોઈપણ પ્રકારની ઈમરજન્સી માટે તૈયાર છે.

નોંધનિય છે કે, દર્દીઓની વધતી સંખ્યા એ ચિંતાજનક સ્થિતિ છે જે કોવિડ સંકટના શરૂઆતના દિવસોની યાદ અપાવે છે. આરોગ્ય અધિકારીઓમાં ચિંતા ઉભી થઈ છે. મોટા ભાગના બાળકો આ રોગનો ભોગ બની રહ્યા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને પણ એલર્ટ કરી દીધું છે. તેણે પહેલેથી જ ચીનને વધુ માહિતી આપવા માટે કહ્યું છે.

### છેલ્લા ત્રણ વર્ષમાં થયો વધારો

WHO કહે છે કે, છેલ્લા ત્રણ વર્ષમાં સમાન સમયગાળાની સરખામણીમાં ચીનમાં ઈન્ફલ્યુએન્ઝા જેવી બિમારીઓ વધી છે. ચીનના નેશનલ હેલ્થ કમિશને આ મહિનાની શરૂઆતમાં અહેવાલ આપ્યો હતો.

# અમીરની સખાવત: ઉદ્યોગપતિ વોરેન બફેટે બાળકો માટે ₹7250 કરોડનું દાન કર્યું

ગુજરાત | વંદન

અમેરિકી રોકાણકાર અને ઉદ્યોગપતિ વોરેન બફેટે થેન્કસ ગીવીંગ બાળકો માટે સંચાલિત એક ચેરિટેબલ ફાઉન્ડેશનોને બર્કશાયર હેથવેના લગભગ 876 મિલિયન ડોલર (લગભગ 7250 કરોડ રૂપિયા)ના શેર દાન કર્યા છે. આ દાનમાં બર્ક શાયર હેથવેના 24 લાખ બી શેર સામેલ છે.

તેમણે 1.5 મિલિયન શેર સુશાન થોમ્ટસન બફેટ ફાઉન્ડેશનને ફાળવ્યા છે, જેનુ કામ તેમની દિવંગત પત્નીના નામ પર રખાયું છે. આ ઉપરાંત 9 લાખ શેર તેમના સંતાનોના દેખરેખમાં ચાલતા ત્રણ



ચેરિટી-ધી શેરવુડ ફાઉન્ડેશન, ધી હોવર્ડ જી બફેટ ફાઉન્ડેશન અને નોવો ફાઉન્ડેશનમાં સમાન રીતે વિચરિત કર્યા છે.બ્લ્રુન બર્ગ બિલિયેનર્સ ઈન્ડેક્સ અનુસાર વોરેન બફેટ 120.8 અબજ ડોલરની સંપત્તિની સાથે દુનિયાના 9માં ક્રમના સૌથી અમીર વ્યકિત છે. આ વર્ષે તેમની સંપત્તિમાં 13.3 અબજ ડોલરનો વધારો થયો છે.

વોરેન બફેટ 2021માં પોતાની સંપત્તિનો લગભગ અડધો ભાગ અગાઉથી જ દાનમાં કરી દીધો હતો. બાકી શેરોનું મૂલ્ય લગભગ 100 બિલિયન અમેરિકા ડોલર છે. 93 વર્ષિય અબજોપતિએ જણાવ્યું હતું કે પૂરી રીતે મને લાગે છે કે હું વધારાની ઈનીંગ રમી રહ્યો છું.

વોરેન બફેટ બર્કશાયરનો માલિક અને શેર બજારના સૌથી બહેતરિન રોકાણકાર મનાય છે. વોરેન બફેટનો જન્મ 30 ઓગષ્ટ 1930માં ઓમાલના નેબ્રાસ્ક ગામે થયો હતો. વોરેનના પિતા હાર્વડ પણ શેરબજારમાં એક રોકાણકાર અને સલાહકાર તરીકે કામ કરતા હતા. વોરેનને રોકાણની કલા વારસામાં મળી હતી.

### ચોંકાવનારો ઘટસ્ફોટ, દરરોજ 50 લાખ સ્પામ કૉલ્સ...

# વડીલો કરતાં વધુ યુવાનો બની રહ્યાં છે ઓનલાઈન છેતરપિંડીના શિકાર

ગુજરાત | વંદન

ડિજિટલ છેતરપિંડી વૃદ્ધ લોકો કરતાં વધુ યુવાનો અનિચ્છનીય કૉલ્સ અને સંદેશાઓ દ્વારા ડિજિટલ છેતરપિંડીનો શિકાર બની રહ્યા છે. વૉઈસ ક્લોનિંગ અથવા મેનીપ્યુલેશન દ્વારા છેતરપિંડી ઓળખવામાં પડકાર રહે છે.

અજાણ્યા ફોન નંબર ઓળખવામાં મદદ કરતી એપ ‘TrueCaller’ના CEO એલેન મામેડીએ કહ્યું કે ભારતમાં 27 કરોડ લોકો આ એપનો ઉપયોગ કરી રહ્યા છે. દેશમાં આ એપ દ્વારા દરરોજ 50 લાખ સ્પામ કોલ નોટિફિકેશન મળે છે. તેમણે કહ્યું કે હવે વડીલો કરતાં વધુ યુવાનો આવી છેતરપિંડીનો શિકાર બની રહ્યા છે.

ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)ના સેક્રેટરી વી રઘુનંદને મંગળવારે ટ્રુ કોલર પ્રોગ્રામમાં જણાવ્યું હતું કે યુઝર્સ દ્વારા સામનો કરવામાં આવતી ટેકનિકલ સમસ્યાઓના ઉકેલ માટે પ્રયાસો ચાલુ છે. ગ્રાહકોને અનિચ્છનીય કોલ્સ અને સંદેશાઓથી રાહત આપવા માટે, TRAI તેની ડુ-નોટ-ડિસ્ટર્બ (DND) એપ્લિકેશનમાં હાલની ખામીઓને દૂર કરવાનો પ્રયાસ કરી રહી છે. માર્ચ 2024 સુધીમાં તમામ એન્ડ્રોઈડ ફોન માટે આ એપને અસરકારક બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ માટે ટ્રાઈએ એક એજન્સીને પણ પોતાની સાથે જોડી દીધી છે. કેટલાક એન્ડ્રોઈડ ફોન્સ માટે આ સમસ્યા ઘણી હદ સુધી ઉકેલાઈ ગઈ છે.

### આ ઉપકરણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી સ્માર્ટફોનના અનેક કાર્યો કરી શકે છે..

# ટૂંક સમયમાં સ્માર્ટફોનને ગુડબાય..? ‘સ્માર્ટ’ પિનને વેલકમ..?

ગુજરાત | વંદન

સ્માર્ટફોન પછી શું આવે છે તે પ્રશ્ન સામાન્ય વપરાશકર્તાઓ દ્વારા પૂછવામાં આવે છે, જેનો જવાબ ટેક્નોલોજી ક્ષેત્ર ઘણા સમયથી શોધી રહ્યું છે. મોબાઈલ ફોનથી સ્માર્ટફોન સુધીની કોમ્યુનિકેશન ટેક્નોલોજીની ક્રાંતિ પછી, ‘વેરેબલ’ ઉપકરણોએ સાચો જવાબ બનવાનો પ્રયાસ કર્યો; પરંતુ તેમની મર્યાદાઓ ટૂંક સમયમાં જ સ્પષ્ટ થઈ ગઈ.

આવા સમયે, એક ઉપકરણ જે સ્માર્ટફોનની ક્ષમતાઓની જેમ કામ કરી શકે છે તે ગયા અઠવાડિયે વિશ્વ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. તેનું નામ ‘AI પિન’ છે. આ ઉપકરણ જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી સ્માર્ટફોનના અનેક કાર્યો કરી શકે છે અને તેના શોધક છે ઈમરાન ચૌધરી....

**AI PIN શું છે......** | AI પિન એ એક ચોરસ ઉપકરણ છે જે સામાન્ય રીતે ત્રણ આંગળીઓની બે હથેળીના કદ જેટલું હોય છે. તે ત્રણ મુખ્ય ભાગો ધરાવે છે: એક પ્રોસેસર કમ્પ્યુટર, બેટરી અને બેને જોડતો હૂક. આ ઉપકરણ શર્ટના કોલરની નજીક અથવા છાતીની નજીકના કપડા પર પહેરી શકાય છે. તમે ઉપકરણના ચહેરાને સ્પર્શ કરતાની સાથે જ તે સક્રિય થઈ જશે.. પછી તમે આંગળીની હિલચાલ અથવા વૉઈસ પ્રોમ્પ્ટ વડે ઉપકરણને નિયંત્રિત કરી શકો છો.

**AI PIN ની કામગીરી શું હશે...** | ઉપકરણ, બ્લૂટૂથ ઈયરબડ્સના બૉક્સના કદ જેટલું છે, તેમાં કોઈ ડિસ્પ્લે અથવા બટનો નથી. પરંતુ આ ડિવાઈસ 13 મેગાપિક્સલના ફોટા કેપ્ચર કરી શકે છે. આ સિવાય ડિવાઈસ વૉઈસ પ્રોમ્પ્ટ દ્વારા ટેક્સ્ટ મેસેજ પણ મોકલી શકે છે. તે વૉઈસ પ્રોમ્પ્ટ દ્વારા કૉલ્સ પણ કરી અથવા પ્રાપ્ત કરી શકે છે. આ ઉપકરણમાં લેસર પ્રોજેક્ટર છે અને તેની છબી તમારા હાથની હથેળી પર





**આ ડિવાઈસ વસ્તુની કિંમત ઓનલાઈન ચેક કરીને ઓનલાઈન ઓર્ડર પણ આપશે...**

જોઈ શકાય છે, જેથી તમે કૉલ અથવા મેસેજની માહિતી જોઈ શકો. વધુમાં, આ ઉપકરણને સંગીત સાંભળવા માટે પણ માણી શકાય છે. આ ડિવાઈસમાં વીડિયો રેકોર્ડિંગ ફીચર પણ છે. આ ઈન્ટરનલ ચેટમાં જીપીટી સિસ્ટમ પણ એક્ટિવ કરવામાં આવી છે અને તેના દ્વારા સર્ચિંગ, એરિયાની માહિતી મેળવવા જેવી એક્ટિવિટીઝ પણ કરી શકાશે.

AI PIN ને સક્રિય કરવા માટે તેને આંગળીઓ વડે સ્પર્શ કરવાની જરૂર છે. તે પછી તેના રવેશ પર એલઈડી શરૂ થાય છે. તેથી, વપરાશકર્તા તેમજ તેની સામેની વ્યક્તિ જાણે છે કે ઉપકરણ ચાલુ છે કે નહીં. તેની પાછળનો મૂળ ખ્યાલ એ છે કે ઉપકરણનો ઉપયોગ અપ્રગટ વિડિયો રેકોર્ડિંગ અથવા ફોટોગ્રાફી માટે થવો જોઈએ નહીં.

**સ્માર્ટફોન માટે AI PIN વિકલ્પ...** | AI PIN ઉપકરણમાં કનેક્ટ કરવાની, વાતચીત કરવાની, સંગીત સાંભળવાની, ફોટા લેવા, સર્ચ કરવાની સુવિધા છે. તેથી આ ઉપકરણ સ્માર્ટફોનના ઘણા કાર્યો કરે છે. જોકે, તેમાં વિવિધ એપ્સને હેન્ડલ કરવાની સુવિધા નથી. સાથે જ વેબસાઈટ જોવા કે મૂવી જોવાની પણ કોઈ જોગવાઈ નથી.

જો કે, આ ઉપકરણનું પ્રથમ સંસ્કરણ છે અને ભવિષ્યમાં તેમાં વધુ ફેરફારો થવાની સંભાવના છે. આ ડિવાઈસનો સૌથી મોટો ફાયદો એ છે કે સ્માર્ટફોન પર કોઈપણ એક્ટિવિટી કરતી વખતે તમારે તમારી નજર ડિસ્પ્લે પર રાખવી પડશે. AI PIN નો ઉપયોગ કરતી વખતે આ ટાળવામાં આવે છે. જેવી તમે આ ઉપકરણની સામે કોઈ વસ્તુને પકડો છો, આ ઉપકરણ તેને સ્કેન કરવાનું અને ઈન્ટરનેટ પર તેને શોધવાનું પણ કામ કરે છે. એટલું જ નહીં આ ડિવાઈસ ઓનલાઈન વસ્તુની કિંમત ઓનલાઈન ચેક કરીને ઓનલાઈન ઓર્ડર કરવાની સુવિધા પણ આપે છે.

**AI PIN ની કિંમત કેટલી...?** | AI PIN યુએસમાં 16 નવેમ્બરથી ઉપલબ્ધ છે. યુએસમાં તેની કિંમત $ 699 છે અને ડેટા નેટવર્ક માટે દર મહિને $24 ચાર્જ કરવામાં આવશે. એવું કહેવાય છે કે આ ઉપકરણ આવતા વર્ષથી અન્ય કેટલાક દેશોમાં ઉપલબ્ધ થશે.

**AI PIN ના નિર્માતા છે.....** | AI પિન કંપની હ્યુમન દ્વારા બનાવવામાં આવી છે અને તેની સ્થાપના ટેક્નોલોજિસ્ટ દંપતી ઈમરાન ચૌધરી અને બેથની બંજોર્નો દ્વારા કરવામાં આવી છે. બ્રિટિશ-અમેરિકન ઈમરાન ચૌધરીએ 1995માં Appleમાં ટ્રેઈની તરીકે કામ કરવાનું શરૂ કર્યું હતું. ત્યાં તેઓ એપલના ડિઝાઈન વિભાગના ડિરેક્ટર બન્યા. એપલના વિવિધ ઉત્પાદનો ડિઝાઈન કરવાની જવાબદારી તેમના પર હતી. ચૌધરીને અસલ આઈફોનનું ઈન્ટરફેસ ડિઝાઈન કરવાનો શ્રેય આપવામાં આવે છે. ચૌધરી પાસે આઈફોન, આઈપેડ, મેક, એપલ ટીવી પ્રોડક્ટ્સમાં સોથી વધુ પેટન્ટ છે. એપલના સ્થાપક સ્ટીવ જોબ્સના મૃત્યુ પછી, ચૌધરી નવા સીઈઓ ટિમ કૂક સાથે છૂટા પડ્યા અને હ્યુમન બનાવવા માટે તેમની પત્ની બેથની સાથે એપલ છોડી દીધી. ‘AI પિન’ પ્રથમ માનવ ઉત્પાદન છે.

ગુજરાત વંદન સાપ્તાહિક
gujaratvandan.com





# ‘ધકધક ગર્લ’ માધુરીને વિશેષ સન્માન મળ્યું

બોલીવુડની ‘ધકધક ગર્લ’ના નામથી ફેમસ માધુરી દીક્ષિતનું હિન્દી સિનેમા પર મોટું યોગદાન રહ્યું છે. ક્યારેક ‘મોહિની’ તો ક્યારેક ‘ચંદ્રમુખી’ બનીને માધુરી દીક્ષિતે દરેક વખતે પોતાના શ્રેષ્ઠ અભિનયથી પોતાના પાત્રને જીવંત બનાવ્યું છે. બીજી તરફ આજે પણ દુનિયા તેની અદાઓ પર ફિદા છે. માધુરી દિક્ષિત કમાલની ડાન્સર પણ છે.

‘54મો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા’ માં માધુરી દીક્ષિતને ભારતીય સિનેમામાં તેમના યોગદાન માટે વિશેષ સન્માન આપવામાં આવ્યું હતું. શાલ, શિલ્ડ અને સન્માનપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ વાતનું એલાન કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે સોશિયલ મીડિયા પર કર્યું છે.

# એકતા કપૂર બેસ્ટ ડાયરેક્ટર માટે એમ્મી એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય મહિલા ફિલ્મ નિર્માતા બની



ન્યૂયોર્કમાં પ્રખ્યાત ઈન્ટરનેશનલ એમ્મી એવોર્ડ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ટરનેશનલ એમી એવોર્ડ્સ સૌથી પ્રતિષ્ઠિત સન્માનોમાંથી એક છે. આ એવોર્ડ સમારોહમાં આર્ટ અને એન્ટરટેનમેંટ ઈન્ડસ્ટ્રીના સેલેબ્સને 14 જુદી-જુદી કેટેગરીમાં નોમિનેટ કરવામાં આવ્યા હતા. આ સન્માન સમારોહમાં ઓટીટીની દુનિયા પર પોતાના કન્ટેન્ટ દ્વારા રાજ કરનાર ઘણી મોટી હસ્તીઓએ ભાગ લીધો હતો. ટીવી ઈન્ડસ્ટ્રીની ક્વીન એકતા કપૂર અને કોમેડિયન વીર દાસને આ ઈન્ટરનેશનલ સમારોહમાં સન્માનિત કરવામાં આવ્યા હતા.

કોમેડિયન વીર દાસને તેની ઓટીટી ફિલ્મ ‘વીર દાસ: લેન્ડિંગ’ માટે બેસ્ટ કોમેડી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે અને એકતા કપૂરને બેસ્ટ ડાયરેક્ટર માટે એવોર્ડ આપવામાં આવ્યો છે. આ એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય મહિલા ફિલ્મ નિર્માતા બની ગઈ છે.

એકતા કપૂરે સોશિયલ મીડિયા પર પોતાના ફેન્સ સાથે આ એવોર્ડ જીતવાની ખુશી વ્યક્ત કરી છે. એવોર્ડની ક્લિપ શેર કરતી વખતે તેણે લખ્યું, “હું એમી એવોર્ડ ઘરે લાવી રહી છું.” આ ભારત માટે છે.

# ‘સતત શીખતા અને સમજતા રહેવું એનું જ નામ જીવન!’

વન એક સતત ફરતું ચક્ર છે, જેમાં સફળતા અને નિષ્ફળતાના તબક્કા આવવા જરૂરી છે એટલા માટે કે એકલી સફળતા માણસને ઘમંડી બનાવે છે અને એકલી નિષ્ફળતા એને ગમગીનીમાં ધકેલી દે છે. અભિનેતા વિકી કૌશલ આ મર્મ પામી ગયો છે. એ જાણે છે કે સફળતા, નિષ્ફળતા બંનેમાંથી માણસ જે રીતે પસાર થાય છે એના પરથી એનું ખરું મૂલ્ય અંકાય છે.

તાજેતરમાં સારા અલી ખાન સાથેની ફિલ્મ ‘ઝરા હટકે ઝરા બચકે’ની મધ્યમ સફળતાનો સ્વાદ ચાખનાર વિકી એક ફિલસૂફની અદાથી કહે છે, ‘મારી અત્યાર સુધીની સફરમાંથી હું એક કિંમતી પાઠ શીખ્યો છું કે આપણે વર્ક યા તો કર્મને વધુ મહત્ત્વ આપવાનું છે. એનું પરિણામ સફળતામાં આવે કે નિષ્ફળતામાં, એનાથી વિરક્ત (ડિટેચ્ડ) રહેવાનું છે. ગીતામાં શ્રીકૃષ્ણએ કહ્યું છે એમ આપણે ફળની અપેક્ષા રાખ્યા વિના આપણું કર્મ કરવાનું છે. મારી અંગત વાત કરું તો હું સકસેસ અને ફેલ્યોર બંનેને છેતરામણી ગણું છું. તે આવતી-જતી રહે છે. જબ મેરા વક્ત હોગા તો સકસેસ દેખુંગા ઔર જબ નહીં હોગા તો ફેલ્યોર સે સમઝુંગા ઔર સીખુંગા.’




# આમિર ખાન યુવરાજસિંઘની જીવનકથા પરથી ફિલ્મ બનાવશે

બોલિવૂડના અભિનેતા આમિર ખાન ક્રિકેટર યુવરાજસિંઘની જીવનકથા પરથી ફિલ્મ બનાવશે. તેણે આ માટેના રાઈટ્સ ખરીદી લીધા છે.

‘લાલસિંહ ચઢ્ઢા’ની ઘોર નિષ્ફળતાને પગલે એક્ટિંગમાં બ્રેક લેનારો આમિર ખાન પ્રોડયૂસર તરીકે અતિશય સક્રિય બની ગયો છે. તે સ્પેનિશ સ્પોર્ટસ ડ્રામાની રિમેક ‘ચેમ્પિયન’ બનાવી રહ્યો છે. તેમાં તે પોતે જ મુખ્ય ભૂમિકા ભજવશે. પુત્ર જુનૈદ માટે પણ તેણે એક ફિલ્મનું કામ શરુ કરી દીધું છે.

હવે તેણે ભારતના એક સમયના ટોચના ક્રિકેટર યુવરાજસિંઘની જીવનકથા પરથી ફિલ્મ બનાવવાના રાઈટ્સ પણ ખરીદી લીધા છે. યુવરાજ સિંઘની ક્રિકેટ કેરિયરમાં ભારે ચઢતી પડતી આવી હતી. તેને કેન્સરની બીમારી પણ થઈ હતી. બોલીવૂડની દીપિકા પાદુકોણ સહિતની હિરોઈનો સાથે તેનાં અફેર્સ પણ ચર્ચામાં રહ્યાં હતાં. આમિર ખાન હવે યુવરાજ સિંઘની મુખ્ય ભૂમિકા માટે કોઈ કલાકાર શોધી રહ્યો છે.



# શનાયા કપૂર બોયફ્રેન્ડ કરણ કોઠારી સાથે માલદિવ પહોંચી

શનાયા કપૂરની ફિલ્મ કેરિયર હજુ શરુ થઈ નથી પરંતુ તેનાં અફેર્સની ચર્ચા શરુ થઈ ગઈ છે. તે તેના બોયફ્રેન્ડ કરણ કોઠારી સાથે માલદિવ ફરવા પહોંચી હોવાનું કહેવાય છે. સોશિયલ મીડિયા પર શનાયાએ સ્કૂબા ડાઈવિંગનો એક ફોટો શેર કર્યો હતો. તે જ લોકેશન પરથી કરણ કોઠારીએ પણ ફોટો શેર કર્યો હતો. આમ બંને એક જ સ્થળે સાથે ગયાં હોવાનું સ્પષ્ટ થયું હતું.

કરણ કોઠારી એક બિઝનેસમેન છે અને તે તથા શનાયા કોલેજ સમયથી પ્રેમમાં હોવાનું કહેવાય છે. શનાયાના માતાપિતા સંજય કપૂર તથા માહિપ કપૂરને પણ આ સંબંધ વિશે જાણ છે. થોડા સમય પહેલાં શનાયાની એક પોસ્ટ પર કરણ કોઠારીએ રોમેન્ટિક કોમેન્ટ કરી હતી. જોકે, તે જ પોસ્ટ પર સંજય કપૂરે પણ કોમેન્ટ કર્યા બાદ કરણ કોઠારીએ પોતાની પોસ્ટ ડિલિટ કરી દીધી હતી.


સોનમ અને જાહ્નવીની કઝિન શનાયા કરણ જોહરની ફિલ્મ ‘બેધડક’થી બોલીવૂડમાં ડેબ્યૂ કરવાની હતી. જોકે, બાદમાં કરણે આ ફિલ્મ માંડી વાલી હતી. હવે શનાયા સાઉથમાં મોહનલાલની ફિલ્મ ‘વૃષભા’થી ડેબ્યૂ કરી રહી છે.



# રણબીર કપૂર અને રશ્મિકા મંદાનાની એનિમલ ફિલ્મ 1 ડિસેમ્બરે સિનેમાઘરોમાં થશે રિલીઝ

રણબીર કપૂરની મોસ્ટ અવેટેડ ફિલ્મ ‘એનિમલ’ને લઈને હાલમાં ફેન્સમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. એવામાં દર્શકોને ફિલ્મના રિલીઝને લઈને હવે ઊંધી ગણતરીઓ ગણાઈ રહી છે. આ ફિલ્મની 60 સેકન્ડની ઝલક દુનિયાની સૌથી ઊંચી ઈમારત બિલ્ડિંગ દુબઈના બુર્ઝ ખલીફા પર જોવા મળી હતી. ફિલ્મ ‘એનિમલ’ ભારતમાં 1 ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ જ ફિલ્મ અમેરિકામાં 30 નવેમ્બરે રિલીઝ થશે. આ ફિલ્મ અમેરિકામાં 888 સ્ક્રીન પર રિલીઝ થશે. જેને ધ્યાનમાં રાખીને ‘એનિમલ’નું એડવાન્સ બુકિંગ શરૂ કરવામાં આવ્યું છે.

‘એનિમલ’ માં રણબીર કપૂર ઉપરાંત સ્ટાર્સ અનિલ કપૂર, બોબી દેઓલ, રશ્મિકા અને તૃપ્તિ ડિમરી છે. જોકે, આ દિવસે જ વિકી કૌશલની ફિલ્મ ‘સામ બહાદુર’ પણ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. પરિણામે આ બંને ફિલ્મોની બોક્સઓફિસ પર ટક્કર થશે. આ ફિલ્મને મેઘના ગુલઝાર ડિરેક્ટ કરી છે. સંદીપ રેડ્ડી વાંગાનાં ડાયરેક્શનમાં બનેલી ફિલ્મ એનિમલમાં રણબીર કપૂર, અનિલ કપૂર, રશ્મિકા મંદાના, તૃપ્તિ ડિમરી અને બૉબી દેઓલ એકસાથે જોવા મળશે.



# ઋતિકની ‘વોર ટૂ’માં દીપિકા-આલિયા જોવા મળશે તેવી ચર્ચા





ઋતિક રોશનની ‘વોર ટૂ’માં મુખ્ય અભિનેત્રીઓ તરીકે દીપિકા પદુકોણ અને આલિયા ભટ્ટને ઓફર કરાઈ હોવાની ચર્ચા છે. હવે આ ફિલ્મને લઈને અપડેટ છે કે, આલિયા આ ફિલ્મમાં કેમિયો કરે તેવી શક્યતા છે. જોકે દીપિકાના રોલ વિશે કોઈ વિગતો પ્રગટ કરાઈ નથી. એક રિપોર્ટ એવો પણ હતો કે આ ફિલ્મ માટે શર્વરી વાઘનો પણ સંપર્ક કરવામાં આવ્યો છે. નિર્માણહાઉસ આ ત્રણેય અભિનેત્રીઓની તારીખોની રાહ જોઇ રહ્યુ છે. જોકે આ ફિલ્મમાં કઈ અભિનેત્રીઓને લેવામાં આવી છે તે વિશે સત્તાવાર ઘોષણા કરવામાં આવી નથી.

દીપિકા અગાઉ ‘પઠાણ’માં એક્શન રોલમાં જોવા મળી હતી. બીજી તરફ આલિયા ભટ્ટ ‘રાઝી’ ફિલ્મમાં ફિમેલ સ્પાયનો રોલ કરી ચૂકી છે. એક અટકળ અનુસાર આ બંને અભિનેત્રીઓ આ ફિલ્મમાં જોવા મળી શકે છે પરંતુ તેનો રોલ બહુ ટૂંકો હશે. આ ફિલ્મમાં ઋતિક રોશન સાથે જુનિયર એનટીઆર પણ કામ કરી રહ્યો છે. જુનિયર એનટીઆર ફિલ્મના એકશન દ્રશ્યો બોડી ડબલ વગર જ શૂટ કરવાનો છે.

# ફિલ્મોમાં ફલોપ જેક્લિન હવે ઓટીટીના શરણે



સુકેશ ચન્દ્રશેખરના મની લોન્ડરિંગ કેસમાં સહ આરોપી અને હાલ જામીન પર જ બહાર રહેલી જેક્લિન ફર્નાન્ડીઝને બોલીવૂડના મોટાભાગનાં મોટાં પ્રોડક્શન હાઉસ ફિલ્મોમાં લેવાનું ટાળી રહ્યા છે. આથી તેણે પણ હવે ઓટીટીની રાહ પકડી છે અને એક વેબ સીરઝમાં કામ કરવાની છે. જેક્લિનની વેબ સીરીઝનું ટાઈટલ ‘ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમ’ છે. તેમાં તે નીલ નીતિન મુકેશ સાથે રોમાન્સ કરતી જોવા મળશે. જોકે, સીરીઝની સ્ટોરી વિશે કશું જાણવા મળ્યું નથી.

જેક્લિન પાસે ‘હાઉસફૂલ ફાઈવ’ જેવી એક-બે ફિલ્મો જ છે. આ ફિલ્મોમાં પણ અનેક કલાકારનો મેળા વચ્ચે જેક્લિન પાસે થોડી મિનીટોની જ સ્ક્રીન પ્રેઝન્સ છે.

સુકેશ કેસમાં સંડોવણી બાદ બોલીવૂડના મોટા પ્રોડ્યૂસર જેક્લિનને સાઈન કરતાં ડરે છે. જેક્લિન સાથે કોઈ નાણાંકીય વ્યવહાર કરવા જતાં ઈડીની તપાસનો રેલો આવશે તેવી તેમને બીક છે.

કરોડોના ખંડણી કેસનો આરોપી સુકેશ ચન્દ્રશેખર જેક્લિન પોતાની પ્રેમિકા હોવાનું ગણાવે છે. જેક્લિને તેની પાસેથી કરોડોની ગિફ્ટસ સ્વીકારી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટનો આરોપ છે કે જેક્લિને આ ગિફ્ટસ દ્વારા વાસ્તવમાં સુકેશ ચન્દ્રશેખરને મની લોન્ડરિંગમાં મદદ કરી હતી. જોકે, જેક્લિન પોતે પણ સુકેશની ઠગાઈનો ભોગ બની હોવાનો દાવો કરી રહી છે.

# ચાલુ વર્ષે AMCની ટેક્સની આવકમાં ગયા વર્ષ કરતા 302 કરોડનો વધારો નોંધાયો

- શહેરીજનોએ કોર્પોરેશનની તિજોરીમાં 1300 કરોડનો ટેક્સ ભર્યો
- 2023-24માં અંદાજીત 20 લાખથી વધુ બીલોની વહેંચણીની કામગીરી પૂર્ણ કરાઈ

ગુજરાત | વંદન

'અમે કોર્પોરેશનને લાખો રૂપિયાનો ટેક્સ ભર્યાએ છીએ, અમારા પૈસાથી કોર્પોરેશન ચાલે છે' એવા આક્રોશભર્યા વિધાનો શહેરીજનો દ્વારા એ વખતે સાંભળવા મળે છે જ્યારે તેમના નાગિરક સુવિધાના કામો ના થાય જેમ કે, વારંવાર ફરિયાદ છતાં તૂટેલો રસ્તો રિપેર ના થાય, ગટરો ઉભરાતી હોય, મ્યુનિસિપલ દવાખાનામાં દવા ના હોય ત્યારે શહેરીજનોની ફરિયાદની વચ્ચે એવા અહેવાલ આવ્યા છે કે, અમદાવાદ શહેરના નાગરિકોએ કોર્પોરેશનને ટેક્સ પેટે 1300 કરોડ આપ્યા છે. અને સ્વભાવિક છે કે જ્યારે આટલી મોટી રકમ શહેરીજનો ચૂકવતા હોય ત્યારે તેમને તેમના જાહેર સુવિધાના કામો સત્વરે થાય એટલી અપેક્ષા સ્વભાવિક છે. નોંધનીય છે કે, ગત વર્ષે 18 નવેમ્બર સુધીમાં રૂ. 997 કરોડની આવક સામે આ વખતે રૂ. 302 કરોડની વધુ આવક થઈ છે. આમ, ટેક્સની આવકમાં 30 ટકાનો વધારો થયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રોપર્ટી ટેક્સ વિભાગમાં વર્ષ 2022-23 દરમિયાન 100 ટકા વ્યાજ માફી ઈન્સેન્ટીવ યોજના અમલમા મૂકવામાં આવી હતી. આ યોજના સૌપ્રથમ વખત એપ્રિલ માસમાં પણ ચાલુ રાખવામાં આવી હતી. ઉપરાંત ચાલુ વર્ષ 2023-24 દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સૌથી વધુ 15 ટકા સુધી એડવાન્સ રીબેટ સ્કીમ પણ જાહેર કરવામાં આવી હતી. જેમાં કરદાતાઓનો ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો. ગત વર્ષ તથા ચાલુ વર્ષે 100 ટકા વ્યાજ માફી ઈન્સેન્ટીવ યોજના, સૌથી વધુ 15 ટકા સુધી એડવાન્સ રીબેટ સ્કીમ એમ બંને પ્રોત્સાહક યોજના ચાલુ હોવા છતાં વધારે ટેક્સ બાકી હોય તેવા અમુક મોટા કરદતાઓએ




યોજનાનો લાભ લીધો નથી. આવા મોટા બાકી કરદાતાઓની મિલકત ઉપર બોજો નોંધવાની તેમજ અમુક મિલકતોની હરાજી કરવા સુધીની કડક પ્રક્રિયા હાથ ધરવામાં આવેલી છે.

અગાઉના વર્ષો કરતાં ચાલુ વર્ષ 2023-24માં બિલીંગની તમામ પ્રક્રિયા અંદાજીત 3 માસ પહેલાં પૂર્ણ કરેલી છે. 2023-24માં પ્રોપર્ટી અંદાજીત 20 લાખથી વધુ બીલોની વહેંચણીની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ટેક્સ ખાતાની સઘન કામગીરીના અનુસંધાને ચાલુ વર્ષે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટેક્સની આવક રૂ. 1300 કરોડને આંબી ગઈ હોવાનું સામે આવ્યું છે. આ આવકમાં ગત વર્ષ કરતા 30 ટકા એટલે કે રૂ. 302.71 કરોડ જેટલો વધારો થયો છે. હાલમાં પ્રોપર્ટી ટેક્સ ખાતામાં મહત્તમ કામગીરી ઓનલાઈન ડિજિટલ માધ્યમથી થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલી છે. જે અંતર્ગત કરદાતા પોતાના બીલમાં દર્શાવેલા યુનિક ક્યુઆર કોડ સ્કેન કરી તુરત જ ઓનલાઈન માધ્યમથી બીલનું પેમેન્ટ કરી શકે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સિવિક સેન્ટર ઉપર અપાતી જુદી જુદી સેવાઓ અંગેના નાણાં હાલમાં કેશ, ચેક, તથા ડીડીથી પેમેન્ટ સ્વીકારવામાં આવે છે. ટૂંક સમયમાં તમામ સીવીક સેન્ટરમાં પણ યુનિક ક્યુઆર કોડ દ્વારા આ ફેસીલીટી શરૂ કરવામાં આવશે. ક્યુઆર કોડ સ્કેન

...અનુસંધાન પેજ નં. 6 પર

### બજેટ સત્ર ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહથી મળશે, જે માર્ચના બીજા સપ્તાહ સુધી ચાલશે

# વર્ષ 2024-25 માટે અંદાજે ₹3.60 લાખ કરોડથી વધુનું કદ ધરાવતું બજેટ રજૂ કરાય તેવી સંભાવના

- લોકસભાની ચૂંટણીઓને જોતાં લેખાનુદાનને બદલે પૂર્ણકદનું બજેટ રજૂ કરવાની કવાયત

ગુજરાત | વંદન

સામાન્ય સંજોગોમાં એપ્રિલ-મે-2024માં લોકસભાની ચૂંટણીઓ યોજાશે. જેના અનુસંધાને આ વખતે ગુજરાત વિધાનસભાના વર્ષ 2024-25 માટેનું બજેટ સત્ર ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહથી મળશે. જે અંદાજે માર્ચ-2024ના બીજા સપ્તાહ સુધી ચાલશે.

ગુજરાત સરકારના પ્રાથમિક નિર્ણયાનુસાર, સત્રના બીજા દિવસે જ ગુજરાત સરકારનું બજેટ રજૂ કરી દેવાશે. લોકસભાની ચૂંટણી એપ્રિલ-મે માસ દરમ્યાન યોજાવાની સંભાવનાને પગલે ગુજરાત સરકાર દ્વારા સંપૂર્ણ બજેટને બદલે ચાર મહિના માટે સરકારના વહીવટી ખર્ચને પહોંચી વળવા માટેનું લેખાનુદાન (વોટ ઓન એકાઉન્ટ) રજૂ કરાય છે પરંતુ આ વખતે પ્રથમ વખત એવું બનશે કે, લેખાનુદાનને બદલે સંપૂર્ણ બજેટ જ રજૂ કરાશે.

ગત 2023-24ના નાણાકીય વર્ષ માટે રુ. 3.01 લાખ કરોડનું કુલ કદ ધરાવતું બજેટ રજૂ કરાયું હતું. આ વખતે વર્ષ 2024-25 માટે ગત બજેટ કરતાં 20 ટકાના વધારા સાશે આશરે રુ. 3.60 લાખ કરોડથી વધુનું કદ ધરાવતું બજેટ રજૂ કરાય તેવી સંભાવના છે. અહીં નોંધવું જરૂરી છે કે, ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે આ વખતે 10મીથી 12મી, જાન્યુઆરી-2024 દરમ્યાન ત્રણ દિવસ માટે વાયબ્રન્ટ ગુજરાત સમિટ યોજાશે. જેનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે થશે અને એમાં 100થી વધુ દેશોના રાજદ્વારીઓ - વડાઓની ઉપસ્થિતિમાં આ સમિટને વૈશ્વિક કક્ષાની જાજરમાન બનાવવાના પ્રયાસો જારી છે.

રાજ્ય સરકાર અને તેના સનદી અધિકારીઓ આ માટે તનતોડ મહેનત કરી રહ્યાં છે. આમ એક બાજુ રાજ્યનો ઉધોગ વિભાગ અને અન્ય વિભાગો તથા તેમના ઉચ્ચાધિકારીઓ સમિટની સફળતા માટે કાર્યરત છે. જ્યારે બીજીબાજુ રાજ્યનો નાણા વિભાગ તેના અધિક મુખ્ય સચવિ સહિતના અધિકારીઓ અને કર્મચારીઓની સાથે ગુજરાત સરકારનું વર્ષ 2024-25 માટેનું સંપૂર્ણ વાર્ષિક બજેટ તૈયાર કરવા માટે રાત-દિવસ એક કરી રહ્યાં છે.

વાયબ્રન્ટ ગુજરાત સમિટ બાદ 14મીથી પતંગોત્સવ મનાવાયા બાદ 31મી, જાન્યુઆરી - 2024ના બુધવારના રોજ મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને મંત્રીમંડળની બેઠક યોજાશે. જેમાં સંભવતઃ 5મી


...અનુસંધાન પેજ નં. 6 પર



# આજે રાજ્યભરમાં મતદાર યાદી સુધારણા ઝુંબેશ હાથ ધરાશે

- લોકસભાની આગામી ચૂંટણીઓ પહેલા નવી મતદાર યાદી તૈયાર થશે

ગુજરાત | વંદન



લોકસભાની આગામી સામાન્ય ચૂંટણીઓ પૂર્વે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા રાજ્યભરમાં મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. જે અંતર્ગત આગામી તા.26 નવેમ્બર, 2023 (રવિવાર)ના રોજ ખાસ ઝૂંબેશ દિવસ યોજાશે.

મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત તા.26 નવેમ્બર, 2023ના રોજ રાજ્યભરના તમામ મતદાન મથકો પર સવારે 10.00થી સાંજે 05.00 વાગ્યા દરમિયાન મતદારયાદીમાં પોતાનું નામ ચકાસી શકાશે. સાથે જ મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા-વધારા અને મતદારયાદીમાંથી નામ કમી કરાવવા ફોર્મ ભરી શકાશે.

લોકસભાની આગામી સામાન્ય ચૂંટણીમાં મહત્તમ મતદારો સહભાગી થાય અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તા.01લી જાન્યુઆરી, 2024ના રોજ 18 વર્ષ પૂર્ણ કરનાર મતદારોનો સમાવેશ કરવા અને ક્ષતિરહિત અદ્યતન મતદાર યાદી તૈયાર કરવા માટે ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતી દ્વારા રાજ્યના તમામ મતદારોને મતદારયાદીમાં પોતાનું નામ ચકાસી લેવા તથા પાત્રતા ધરાવતા નાગરિકોને મતદારયાદીમાં નામ નોંધાવવા જાહેર અપીલ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પાત્રતા ધરાવતા યુવાનો અને તેનાથી વધુ વયજૂથ ધરાવતા નાગરિકો મતદાર યાદીમાં નામ નોંધાવવા અંગે તથા મતદાર યાદીમાં નામ દાખલ કરવા, સુધારો કરાવવા

...અનુસંધાન પેજ નં. 6 પર

# આજે શહેરમાં યોજાશે અદાણી મેરેથોન દોડ, રિવરફ્રન્ટ રોડ પરોઢિયે 4 વાગ્યાથી બંધ રહેશે

ગુજરાત | વંદન

રિવરફ્રન્ટ રોડ રૂટ પર અદાણી અમદાવાદ મેરેથોન યોજાશે. આ દોડમાં 20 હજારથી વધુ લોકો અને 2500 સુરક્ષા જવાનો દોડશે. રિવરફ્રન્ટ સ્પોર્ટ્સ પાર્ક, પાલડી ખાતેથી મેરેથોન શરૂ થશે અને ત્યાં જ પૂરી થશે. દોડવીરો સવારે 5 વાગે ફ્લેગ ઓફ થયા બાદ ફૂલ મેરેથોન (42.195 કિમી), હાફ મેરેથોન (21.097 કિમી), 10 કિ.મી., 5 કિ.મી દોડશે. આ વખતે વિશેષ આમંત્રિત દિવ્યાંગો માટે 1 કિ.મી.ની વ્હિલચેર કેટેગરી પણ છે.

દોડવીરોની સુરક્ષા અને ટ્રાફિક ડાયવર્ઝન માટે 1000 જેટલા પોલીસકર્મીઓ તૈનાત રહેશે. 400 જેટલા વોલેન્ટિયર્સ ઉપરાંત મેડિકલ નર્સિંગ સ્ટાફ પણ મેરેથોન સાથે જોડાયેલ રહેશે. અટલ બ્રિજની સામે મલ્ટીલેવલ પાર્કિંગ સહિત કુલ 2 પાર્કિંગની વ્યવસ્થા છે. દોડવીરોએ ટાઉનહોલ થઈ પાર્કિંગ સુધી પહોંચવાનું રહેશે, ત્યાંથી ચાલી સ્ટાર્ટિંગ પોઈન્ટ સુધી પહોંચી શકાશે.

મેરેથોનને કારણે સવારે 4 વાગ્યાથી અંજલિ ચાર રસ્તાથી આંબેડકર બ્રિજની નીચેથી પશ્ચિમ તરફનો સંપૂર્ણ રિવરફ્રન્ટ રોડ ઈવેન્ટ પૂર્ણ થવા સુધી બંધ રહેશે. સુભાષબ્રિજથી વાડજ સુધીનો જતો માર્ગ તથા શિલાલેખથી સુભાષબ્રિજ તરફ જતો માર્ગ એકતરફનો ભાગ મેરેથોન પૂર્ણ થવા સુધી બંધ રહેશે. પૂર્વમાં શિલાલેખ ચાર રસ્તાથી પિકનિક હાઉસ થઈ ડફનાળાથી આંબેડકરબ્રિજ સુધીનો રિવરફ્રન્ટ પૂર્વનો માર્ગ બંધ રહેશે. પશ્ચિમમાં લોકો અંજલિથી પાલડી-ઉસ્માનપુરાવાળા વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરી શકે છે.

### હવે ફરીવાર AMC ટેન્ડર બહાર પાડશે

# વિવાદી હાટકેશ્વર બ્રિજને ફરીથી બનાવવામાં કોઈ કંપની તૈયાર નથી!

- શહેરના નબળા બ્રિજને બનાવવા કોઈએ ટેન્ડર જ ન ભર્યુ

ગુજરાત | વંદન



અમદાવાદના હાટકેશ્વર બ્રિજને લઈ એકવાર મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, અમદાવાદના હાટકેશ્વર બ્રિજ બનાવવા કોઈએ રસ દાખવ્યો ન હોવાનું સામે આવ્યું છે. વિગતો મુજબ બ્રિજ તોડી નવો બનાવવા એક પણ કંપનીએ ટેન્ડર નથી ભર્યું. અગાઉ વિવાદાસ્પદ હાટકેશ્વર બ્રિજ તોડી નવો બનાવવા માટે ટેન્ડર જાહેર કરાયું હતું. જોકે એક પણ કંપનીએ આ બાબતે ટેન્ડર ભર્યું નથી.

વિવાદાસ્પદ હાટકેશ્વર બ્રિજને તોડી પાડવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા બાદ હવે ચોંકાવનારા સામે આવ્યા છે. વિગતો મુજબ હાટકેશ્વર બ્રિજને તોડી પાડવા કોઈએ રસ દાખવ્યો ન હોવાનું સામે આવ્યું છે.

આ તરફ હવે એક પણ કંપનીએ રસ ન દાખવતાં AMC ફરી ટેન્ડર બહાર પાડશે. મહત્વનું છે કે, 25 કરોડના ખર્ચે બ્રિજના સ્પાન તોડી નવા બનાવવા ટેન્ડર બહાર પડાયું હતું. નોંધનિય છે, હાટકેશ્વર બ્રિજના નબળા કામકાજને લઈ બ્રિજ તોડી પાડવા આદેશ અપાયો હતો.

જોકે તેને તોડી પાડવાનું ટેન્ડર એક પણ કંપનીએ ભર્યું ન હોવાનું સામે આવતા હવે ફરી એકવાર ટેન્ડર બહાર પાડવામાં આવશે. હાટકેશ્વર બ્રિજના પુનઃનિર્માણમાં ફરી વિવાદથી બચવા કંપનીઓ ટેન્ડરથી દૂર ભાગી રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

# ગાંજાનું વાવેતર કરવું ખેડૂતને ભારે પડ્યું, કોર્ટે ફટકારી 20 વર્ષની જેલની સખત સજા

ગુજરાત | વંદન

રાજકોટમાંથી એક મોટી ખબર સામે આવી છે, અહીં કોર્ટે એક ગાંજાની ખેતી કરનારા આરોપીને 20 વર્ષની જેલની સજા ફટકારી છે. એટલુ જ નહીં સાથે સાથે સાથે એક લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. ગાંજાની ખેતી કરનારા આરોપીને આવું પહેલીવાર બન્યુ છે જેને આટલી મોટી સજા કોર્ટ દ્વારા સંભળાવવામાં આવી છે.

રાજકોટ ખેડૂતને પોતાના ખેતરમાં ગાંજાનું વાવેતર કરવુ ભારે પડ્યુ છે. વર્ષ 2016થી ચાલતા એક કેસમાં કોર્ટે આરોપી ખેડૂતને 20 વર્ષની સજા અને સાથે એક લાખ દંડની સજા ફટકારી છે. આ ઘટના ચોંકાવનારી છે. ખરેખરમાં ઘટના એવી છે કે, વર્ષ 2016માં રાજકોટ જિલ્લામાં રાજકોટ રૂરલ SOG પોલીસે ડિસેમ્બર 2016માં કોટડા સાંગાણીના સતાપર ગામેથી ગાંજાનું વાવેતર પકડી પાડ્યુ હતું, આ વાવેતર સતાપર ગામે જમીન ધરાવતા એપલ રામભાઈ લાવડીયા નામનો શખ્સ કરી રહ્યો હતો, આરોપીએ પોતાના ખેતરમાં શાકભાજીના વાવેતર વચ્ચે ગાંજાનું વાવેતર કર્યુ હતુ, જેમાં લગભગ 33 કિલો ગાંજો SOGની ટીમે દરોડા દરમિયાન પકડી પાડ્યો હતો. આ વાવેતર કરનારા આરોપી ખેડૂતને બાદમાં આજે કોર્ટે 20 વર્ષની સખત સજા સાથે એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

# અમદાવાદમાં RTEથી પ્રવેશ મેળવનાર 33 વિદ્યાર્થીના પ્રવેશ રદ થશે

ગુજરાત | વંદન

અમદાવાદમાં RTEથી પ્રવેશ મેળવનાર 33 વિદ્યાર્થીના પ્રવેશ રદ થશે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ (RTE) અંતર્ગત હેઠળ પ્રવેશ પ્રક્રિયામાં ખોટા ડોક્યુમેન્ટના આધારે પ્રવેશ મેળવ્યો તેવા 308 બાળકોની ખાનગી સ્કૂલો દ્વારા DEO કચેરીમાં રજૂઆત કરાઈ હતી. જે બાદમાં 33 બાળકોના ખોટા પ્રવેશ થયા હોવાનું પુરવાર થયું હતું. અમદાવાદમાં RTEથી પ્રવેશ પ્રક્રિયામાં ખોટા ડોક્યુમેન્ટથી એડમિશન અંગે ખાનગી શાળાઓએ DEOએ રજૂઆત કર્યા બાદ ગોદરેજ ગાર્ડન સિટીમાં આવેલ ગ્લોબલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સ્કૂલના 35 બાળકોનું હિયરિંગ કરવામાં આવ્યું હતું, જેમાંથી 33 બાળકોના ખોટા પ્રવેશ થયા હોવાનું પુરવાર થયું છે. જેથી આ બાળકોના પ્રવેશ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# અમદાવાદ મનપામાં નવા ચેરમેન અને ડે.ચેરમેનની વરણી

- વેજલપુર, નારણપુરા અને શાહીબાગ વોર્ડના કાઉન્સિલરોને મળ્યા પદ

ગુજરાત | વંદન

અમદાવાદ મહાનગર પાલિકામાં મેયર સહિત વિવિધ મહત્વનાં હોદ્દાઓ પર નિમણૂંક કરાયા બાદ આજે રોડ, વોટર સપ્લાય તેમજ હેલ્થ કમિટી સહિતની અનેક કમિટીઓનાં નવા ચેરમેન તેમજ ડેપ્યુટી ચેરમેનની નિમણૂંક કરવામાં આવી હતી. તો બીજી તરફ વિપક્ષ કોંગ્રેસને કમિટીમાં સ્થાન ન મળવાને લઈ વિરોધ કર્યો હતો.

અમદાવાદ મહાનગર પાલિકામાં AMTS નાં ચેરમેન તરીકે ધર્મસિંહ દેસાઈની નિમણૂંક કરવામાં આવી છે. જ્યારે મહિલા અને બાળ વિકાસ ચેરમેન તરીકે ઈસનપુરનાં કોર્પોરેટર મોના રાવલની નિમણૂંક કરવામાં આવી છે. રોડ અનેડ બિલ્ડીંગ કમિટીનાં ચેરમેન તરીકે નારણપુરા વોર્ડનાં જયેશ પટેલની નિમણૂંક કરવામાં આવી છે.

વેજલપુર વોર્ડનાં કાઉન્સિલર દિલીપ બગડીયાને વોટર સપ્લાય કમિટીનાં ચેરમેન તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. લીગલ કમિટી ચેરમેન તરીકે બાપુનગરમાં કાઉન્સિલર પ્રકાશ ગુર્જરની નિમણૂંક કરાઈ હતી. જ્યારે હેલ્થ કમિટીનાં ચરેમેન તરીકે શાહીબાગ વોર્ડનાં કાઉન્સિલર જશુ ઠાકોરની નિમણૂંક કરાઈ હતી.

# દક્ષિણ ગુજરાતમાં ઝરમર-મૂશળધાર માવઠું, ખેડૂતો ચિંતામાં

- સુરતના ઓલપાડ તથા અંકલેશ્વર પંથકમાં સવારથી કમોસમી વરસાદ

ગુજરાત | વંદન

ગુજરાતમાં ત્રણ દિવસ માવઠાની આગાહી મુજબ જ મેઘસ્વારી આવી પહોંચી હોય તેમ ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં મોડીરાતથી હવામાન પલટો હતો અને શનિવારે વહેલ સવારે સુરત-અંકલેશ્વર જેવા ભાગોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. ગુજરાત પર છવાયેલા વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ તથા તેના પ્રભાવ હેઠળનાં ટ્રફની અસર હેઠળ રાજયમાં હવામાન પલ્ટા તથા કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.સુરતનાં ઓલપાડ પંથકનાં ગામડાઓમાં સવારથી ઝરમર વરસાદ હતો.

જયારે અંકલેશ્વર પંથકમાં ચોમાસા જેવો મુશળધાર વરસાદ હોવાના રીપોર્ટ છે. કમોસમી વરસાદને કારણે ખેડુતોના શ્વાસ અધ્ધર થયા છે.રાજયભરમાં માવઠા થવાની આગાહી કરવામાં આવી હોવાથી ખેડુતોએ ખેતરોનાં માલ સુરક્ષીત કરી જ દીધા છે. જુદા જુદા માર્કેટ યાર્ડોમાં પણ આગોતરી વ્યવસ્થા કરવામાં આવી છે. કિસાનો પાસે કપાસ, મગફળી, મરચા, કઠોળ સહીતનો ખરીફ સીઝનનો માલ પડયો હોવાના કારણોસર ચિંતા રહી છે.અત્રે ઉલ્લેખનીય છે કે ત્રણ દિવસનાં કમોસમી વરસાદના દોરમાં આજે સૌરાષ્ટ્ર તથા ઉતર-દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આવતીકાલે પણ સૌરાષ્ટ્ર-કચ્છનાં જીલ્લાઓ તથા ઉતર ગુજરાતમાં વરસાદ થઈ શકે છે.



# ઓખા-બેટ દ્વારકા વચ્ચે ચાલતી ફેરી બોટ સર્વિસ ફરીવાર બંધ કરાઇ

ગુજરાત | વંદન

ઓખા બેટ દ્વારકા વચ્ચે ચાલતી ફેરી બોટ સર્વિસને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. વિગતો મુજબ હવામાનની આગાહીને પગલે દરિયાકાંઠે તેજ પવન શરૂ થતાં હવે ઓખા બેટ દ્વારકા વચ્ચે ચાલતી ફેરી બોટ સર્વિસ બંધ કરાઇ છે.

વિગતો મુજબ તેજ પવન શરૂ થતાં GMB દ્વારા યાત્રિકોની સલામતીને ધ્યાને લઈ બોટ સર્વિસ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મહત્વનું છે કે, હવામાન વિભાગે આજે રાજ્યના અમુક વિસ્તારોમાં ભારે પવન સાથે કમોસમી વરસાદની આગાહી કરી છે. દ્વારકા અને ઓખા બેટ વચ્ચે ચાલતી ફેરી બોટ સર્વિસને બંધ કરવામાં આવી છે.

વિગતો મુજબ દરિયાકાંઠે ભારે પવનના કારણે બોટ સર્વિસ બંધ કરાઈ છે. અહીં તેજ પવન શરૂ થતાં GMBએ દ્વારા આ નિર્ણય લેવાયો છે. મહત્વનું છે કે, યાત્રિકોની સલામતીને ધ્યાને લઈ બોટ સર્વિસ બંધ કરવામાં આવતા હવે આજે યાત્રિકો બેટ દ્વારકા દર્શન નહિ કરી શકે. અહીં નોંધનિય છે કે, વાતાવરણ સામાન્ય બન્યા બાદ યાત્રિકો માટે ફરી બોટ પુનઃ શરૂ થશે.



# બાકી મિલકત વેરા પેટે 2,074 મિલકતો સીલ કરવામાં આવી

- કોર્પોરેશન દ્વારા 7 ઝોનમાં કાર્યવાહી, 2.62 કરોડનો ટેક્સ વસુલાયો

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિશિપલ કોર્પોરેશન હવે બાકી પ્રોપર્ટી ટેક્સ મામલે એક્શનમાં આવ્યું છે. વાત જાણે એમ છે કે, પ્રોપર્ટી ટેક્સ વિભાગ દ્વારા શહેરના જુદા-જુદા ઝોનમાં બાકીદારોની મિલકતોને સીલ મારવાનું શરૂ કર્યું છે. વિગતો મુજબ પ્રોપર્ટી ટેક્સ વિભાગ દ્વારા શહેરના 7 ઝોનમાં અત્યાર સુધી 2,074 મિલકતો સીલ કરવામાં આવી છે.

AMCનું પ્રોપર્ટી વિભાગે અમદાવાદના જુદા-જુદા ઝોનમાં બાકીદારોની મિલકતોને સીલ મારવાની ઝુંબેશ શરૂ કરી છે. જે અંતર્ગત અમદાવાદ શહેરના 7 ઝોનમાં કાર્યવાહી શરૂ કરાઈ છે. જેમાં કુલ 2,074 મિલકતોને સીલ કરી 2 કરોડ 62 લાખનો ટેક્સ વસૂલ કરવામાં આવ્યો છે. મહત્વનું છે કે, AMC દ્વારા ઉત્તર-પશ્ચિમ ઝોનમાં સૌથી વધુ 402 મિલકતને સીલ મારવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં ટેક્સ નહી ભરનારની મિલકતો સીલ કરાશે. જેના ભાગરૂપે અમદાવાદ શહેરમાં 2074 બાકીદારોની મિલકતો સીલ કરાઈ છે. મહત્વનું છે કે, ટેક્સ વસૂલવા આગામી દિવસોમાં ઝુંબેશ સઘન બનાવાશે. આ તરફ ઉત્તર-પશ્ચિમ ઝોનમાં 402 મિલકતો સીલ કરાઈ છે તો મધ્યઝોનમાં 332, ઉત્તર ઝોનમાં 332 મિલકતો સીલ કરાઈ છે.



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009